કુમાર

સંસ્થાપક · સ્વ. રવિશંકર રાવળ


આવતી કાલનાં નાગરિકો માટેનું આજનું માસિક

વર્ષ ૫૬મું · અંક ૩જો · માર્ચ ૧૯૭૯ · સળંગ અંક ૬૬૩

તંત્રી · બચુભાઈ રાવત



કુતૂહલ (ફોટો · સુરેન્દ્ર પટેલ) માના અંગમાં લપાઈને બારી બહારની દુનિયાને કુતૂહલથી નીરખી રહેલાં રાજસ્થાની બાળકોના આ જ ચિત્રવિષયની એક બીજી રજૂઆત આ અંકની 'કલાવાર્તા'માં આપી છે. બંનેની તુલના રસમય થઈ પડશે.



કેસૂડાં (વૂડકટ • યજ્ઞેશ્વર શુક્લ)

ચીનની ચિત્રકળામાં કલાકારની દષ્ટિ હૂબહૂ આલેખનાના બદલે પોતાની મનોભૂમિમાં ચિત્રવિષયની જે કલ્પના હોય છે તેને જોરદાર રીતે રજૂ કરવાની રહી છે. તેમાં ઘૂંટીઘૂંટીને નહિ, પણ પીંછીના ત્વરિત ઝટકા ને સપાટા વડે ચિત્ર આલેખવાની એક અભિનવ લાક્ષણિકતા વ્યક્ત થાય છે. ચિત્રકળામાં પ્રકટતી આ વિશિષ્ટ લઢણ ત્યાંના અન્ય કલાપ્રકારોમાં પણ જોવા મળે છે.

સ્વાતંત્ર્ય પછી તુરતના અરસામાં સાંસ્કૃતિક આપલેના હેતુથી ભારત સરકારે જે કેટલાક અભ્યાસીઓને ચીન મોકલ્યા હતા તેમાં યજ્ઞેશ્વર શુક્લ પણ એક હતા. ત્યાંની રાષ્ટ્રીય કલાશાળામાં એમણે ચીની કલાપદ્ધતિનો અભ્યાસ કરેલો.

અગાઉ મુંબાઈ રાજ્યના સચિવાલય માટે અજંતાનાં ભીંતચિત્રોની નકલ ઉતારવા એમને ત્રણેક માસ ત્યાં જ રહેવાનું થએલું. એ વખતે અજંતાની પહેલા નંબરની ગુફામાં શિકારના એક દશ્યમાં એમણે કેસૂડાની ડાળ અને તેના પર ફરતી ખિસકોલીઓનું આલેખન જોએલું. એક દિવસ ગુફાની નજીકમાં એવી જ રીતે કેસૂડાં-ખચિત ડાળ પર ખિસકોલીઓને ફરતી એમણે જોઈ. સદીઓ પહેલાંના અજંતાના કલાકારોની અવલોકનશક્તિનું એ જાણે પ્રત્યક્ષ પ્રમાણ હતું. એથી પ્રભાવિત થઈ એમણે ત્યારે એના કેટલાક સ્કૅચ કરી લીધા ને પછી એના પરથી આ રંગીન વૂડકટ બનાવ્યું. એની રજૂઆતમાં અજંતાના કલાકારોની દષ્ટિ અને ચીની કલાની શૈલી બંનેનું સંમિશ્રણ કદાચ પ્રકટે છે.

અંકમાં

માર્ચ ૧૯૭૯ · અંક ૬૬૩

તંત્રી: બચુભાઈ રાવત — ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

ચિત્રો

કુતૂહલ (ફોટો : સુરેન્દ્ર પટેલ) — પૂંઠું
કેસૂડાં (વૂડકટ : યજ્ઞેશ્વર શુક્લ) — ત્રિરંગી મુખચિત્ર

કાવ્યો

એક નવજાત શિશુની આસપાસ (ઉશનસ્) — ૬૬
નટવર વરીએ (રાજેન્દ્ર શાહ) — ૬૬

ચરિત્ર

પં. દીનદયાળ ઉપાધ્યાય — વિષ્ણુ પંડ્યા ૬૮

વાત

દરવાજો (લઘુકથા) — 'જયોત' ૭૧
પ્રો. શંકુ અને મકાઉ — સુકન્યા ઝવેરી ૭૨

લેખો

આજ આજ ભાઈ અત્યારે! (વિચારવિશેષ) — બહાદુરશાહ પંડિત ૬૭
સોર-ભીનો ઉપગ્રહ (કૃત્રિમ ઉપગ્રહ–૫) — ડૉ. પરંતપ પાઠક ૭૫
સારણગાંઠ (રોગોપચાર-૯૮) — વૈદ્ય નવીનભાઈ ઓઝા ૭૭
વિનોદ ભટ્ટ ('વિનોદ'ની નજરે-૩૬) — વિનોદ ભટ્ટ ૭૮
કુસુદ-૨ — શંકરદેવ વિદ્યાલંકાર ૮૦
શતરંજ : કૉમ્બિનેશન્સ — સુરેશ મોદી ૮૬

વિભાગો

વાચકો લખે છે — ૬૫
સાહિત્યસંપર્ક (શબ્દકથા, મારી માન્યતા, દિવંગત, અવલોકનો) — ૮૧
કલાવાર્તા (શ્રી રતિલાલ નાયક) — ૮૫
પચ્ચીસ વર્ષ પહેલાં — ૮૭
ટિકિટ-સંગ્રહ — ૮૮
તંબૂર (ભારતનાં વાદ્યો-૩) — ૮૯
માધુકરી (સદગત દેવચંદભાઈ ચંદેરિયા, મેથી, અંગ-ઉપાંગ) — ૮૯
આકાશદર્શન — ૯૨
આ માસ ઇતિહાસમાં — ૯૩
ગમ્મતના ગોળા — ૯૩
છેલ્લું પાનું — ૯૪

'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર. અમદાવાદ-૧
વાર્ષિક લવાજમ: રૂ. ૨૪-૦૦; પરદેશ: રૂ. ૪૮ યા પાઉન્ડ ૩ યા ડૉ. ૬-૦૦; છૂટક નકલ: રૂ. ૨-૫૦

વાચકો લખે છે...

નાગર-શિખરનાં મુખ્ય અંગ

મેં ઘણાં મંદિરો અને તેનાં ચિત્રો જોયાં છે. પરંતુ આપના દિવાળી અંક (ઑક્ટોબર-'૭૮)-માં પાના નં. ૩૮૨ ઉપર જે નાગર શિખરનાં મુખ્ય અંગનો-શિખરનું ચિત્ર છાપ્યું છે તે જોતાં સિંહ-શુકનાશ જમણા હાથ બાજુ હોવો જોઇએ, તો જ જોનારને બહુ અનુકૂળ રહે. જ્યારે ધ્વજાધાર ઉરુશૃંગ ઉપર બતાવેલ છે તે રીતે મંદિરોમાં હોતો નથી. પરંતુ આમલસારક સ્કંધ સાથે ઉપરના ભાગે હોય છે.

અગાઉના ફેબ્રુઆરી '૭૭ના અંકમાં જગતી કે કર્ણપીઠ (ભારતીય મંદિર–સ્થાપત્યનાં વિવિધ અંગ–૬)માં જાડંબો, કર્ણિકા, છજ્જિકા અને ગ્રાસપટ્ટીવાળી કર્ણપીઠ લખેલ છે. પરંતુ આ કર્ણપીઠ નથી 'કામદ પીઠ' છે. કર્ણપીઠ ઉપર બતાવેલ છે તે બરાબર છે.

(અમરેલી) —શાંતિલાલ ગોપાલજી જોષી

સ્કન્દની વ્યુત્પત્તિમાં કાલવ્યુત્ક્રમ

'કુમાર' અંક ૬૫૫, પાના ૨૨૩ ઉપર શ્રી નરોત્તમભાઈ પલાણે 'સ્કન્દ મૂર્તિ' વિષે ચર્ચા કરતાં નીચે મુજબ બે વિધાનો કર્યાં છે: (૧) 'સ્કન્દ'ના ઉલ્લેખો ઈ. સ.ની આજુબાજુથી પ્રાપ્ત થાય છે. (૨) અતિ રસિક મુદ્દો તો એ કે આ 'સ્કન્દ' 'સિકન્દર' ઉપરથી આવેલો હોવાનું અનુમાન થાય છે!

(૧) સ્કન્દપુરાણાદિ પુરાણોમાંના ઉલ્લેખોની પ્રાચીનતા–અર્વાચીનતાની ચર્ચાને એક બાજુ મૂકીએ તો પણ મહાભારત (ભીષ્મપર્વ)ની અન્તર્ગત શ્રીમદ્ ભગવદ્ગીતામાં 'સેનાનીનામહં સ્કન્દ' (અ. ૧૦, શ્લો. ૨૪) એવો સ્પષ્ટ પ્રાચીનતર ઉલ્લેખ મળી આવે છે.

(૨) વળી, મહાભારતમાં 'સ્કન્દ'ની વ્યુત્પત્તિ નીચે મુજબ આપવામાં આવી છે:

'स्कन्नत्वात् स्कन्दतां प्राप्तो
गुहावासाद् गुहोऽभवत् ॥

મહાભારત અને તેમાંની ભગવદ્ ગીતા તો ઈ. સ. પૂર્વેની કેટલીય સદીઓ પહેલાંની છે.

'સ્કન્દ્' શબ્દ સ્કન્દ ધાતુમાંથી ઊતરી આવેલો છે એમ મહાભારત દર્શાવે છે એ જેટલું સ્વાભાવિક છે તેટલું, 'સિકન્દર' ઍલેક્ઝાન્ડર ઉપરથી તે વ્યુત્પન્ન થયાનું શ્રી પલાણ અનુમાન કરે છે એ જરા ય ઉચિત કે સ્વાભાવિક લાગતું નથી. સિકન્દર તો ભારતની વાયવ્ય સરહદે ઈ. પૂર્વે ૩૨૭-૩૨૩માં આવ્યો હતો. આ તો ઐતિહાસિક કાલવ્યુત્ક્રમ થયો! વળી, હજી પણ ભારતના વાયવ્ય પ્રદેશમાં અને બીજે પણ ત્યાંના લોકો મહેન્દ્રને મોહિન્દર ને સુરેન્દ્રને સુરિન્દર એવા સંયુક્તાક્ષર રહિત ઉચ્ચારો કરે છે.

'સ્કન્દ્' ધાતુ પ્રાચીનતમ વૈદિક સાહિત્યમાં પણ મળી આવે છે; જેમ કે 'સ્કન્નમદ્ય દેવેભ્યઃ। (શુક્લ યજુર્વેદ સંહિતા અ. ૨, કંડિકા ૮.)

द्रप्सश्चस्कन्द पृथिवीम् ।

સિકન્દરના આક્રમણ પહેલાં લગભગ ત્રણેક સદી અગાઉ થઈ ગએલા મહાન વૈયાકરણ પાણિનિએ (ઈ. સ. પૂર્વે છઠ્ઠી–સાતમી સદી) તેના ધાતુપાઠમાં 'સ્કન્દ્' ધાતુને સ્થાન આપ્યું છે: 'સ્કન્દિર ગતિ શોષણયોઃ' ધાતુ ક્રમ ૧૦૬૪ (સિ. કૌ. નિર્ણયસાગર, પાનું ૭૩૯.)

શ્રીયુત પલાણે કરેલાં ઉપર્યુક્ત અનુમાનો માટે કોઈ આનુષંગિક ઉપલબ્ધ પ્રમાણો રજૂ કર્યાં નથી પરંતુ માત્ર રસિક પણ અપ્રતિષ્ઠિત કલ્પનના ગબારા જ ચગાવ્યા છે.

(દ્વારિકા) —લક્ષ્મીશંકર અ. જોષી

મહાત્મા

'રાજવૈદ્ય જીવરામ કાલિદાસ શાસ્ત્રી' વિષેના લેખમાં (ડિસેમ્બર ૧૯૭૮, પૃ. ૪૫૦) ડૉ. બી. જી ચદારાણા કહે છે: 'ગોંડલમાં ઈ. ૧૯૧૫ની ૨૭મી જાન્યુ. ગાંધીજીએ રસશાળા ઔષધાશ્રમની મુલાકાત લીધેલી, એ પ્રસગે એમણે સંસ્કૃત ભાષામાં એમને માનપત્ર આપતાં ગાંધીજી માટે સૌ પ્રથમ વખત 'મહાત્મા' શબ્દ પ્રયોજ્યો હતો'. આ વિધાન સત્યથી વેગળું છે.

શ્રી રાજાજીના જીવનચરિત્ર (The Rajaji Story; 1, p. 72)ના લેખક શ્રી રાજમોહન ગાંધી(ગાંધીજીના પૌત્ર, શ્રી રાજાજીના દૌહિત્ર) કહે છે કે ગાંધીજી વિષે 'મહાત્મા' શબ્દ સૌ પ્રથમ ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરે પ્રયોજ્યો હતો. પ્રસ્તુત વિધાન પણ સત્યથી વેગળું છે.

ગાંધીજી વિષે સૌ પ્રથમ 'મહાત્મા' શબ્દ જેતપુરવાસીઓએ 'શ્રીમાન મહાત્મા મોહનદાસ કરમચંદ ગાંધી'ને જાન્યુઆરી ૨૧, ૧૯૧૫ના રોજ આપેલા માનપત્રમાં પ્રયોજ્યો હતો. ('Mahatma' by Shri D. G. Tendulkar Vol 1, p. 216-217ની વચ્ચે).

(મુંબઇ) —વી. બી. ગણાત્રા

એ હંસ નથી

ડિસેમ્બર ૧૯૭૮ના અંકમાં પાના ૪૪૪ ઉપર છપાએલી નૂતન વર્ષાભિનંદનની ચિત્રકૃતિઓમાં લક્ષ્મી એન. ગામીતે મોકલેલાં ત્રણ પંખીઓને આપે 'ઊડતા હંસો' તરીકે ઓળખાવ્યાં છે. હંસ (Geese) અને રાજહંસ (Swans)ની ચાંચ પ્રમાણમાં ટૂંકી અને બુઠ્ઠી હોય છે તેમ જ તેમના પગ ટૂંકા હોઈ ઊડતી વખતે પૂંછડીથી બહાર નીકળતા જ નથી. તેની સરખામણીમાં કુંજ–સારસ (Cranes) અથવા બગલાં (egrets)ની ચાંચ લાંબી અને અણિયાળી હોય છે ને તેમના લાંબા પગ ઊડતી વેળા પૂંછડીથી સીધી લીટીમાં બહાર નીકળે છે. એટલે આ ત્રણ પંખીઓને કુંજ–સારસ અથવા બગલા કહી શકાય પરંતુ તે હંસો તો નથી જ.

(રાજકોટ) —કિશોર ગોહિલ

કાલભૈરવ જયંતી અને બીજું

નવેમ્બર અંકમાં પાના ૩૯૬ ઉપર છપાએલું ૧૮મી સદીનું રાજસ્થાની ચિત્ર ગમ્યું. એ જ પાના ઉપર છપાએલાં આ માસનાં વૃત્તોત્સવોમાં માગશર માસના ધાર્મિક ઉત્સવો આપેલા છે તેમાં માગશરની કૃષ્ણ-અષ્ટમીએ કાલભૈરવની ઉત્પત્તિ થએલી વગેરે જણાવેલ છે, જે ભૂલ છે. કાલભૈરવ જયન્તી માગશરમાં નહિ પરંતુ કાર્તક માસના કૃષ્ણ પક્ષની અષ્ટમીએ આવે છે, અને દર વર્ષે કારતક માસમાં જ ઊજવાય છે. આ વર્ષે તે ૨૨ નવેમ્બરના રોજ હતી. (જુઓ સંદેશ પંચાંગ.) 'ધર્મયુગ' તમારા જેવી જ કૉલમ 'વ્રતત્યોહાર'ની આવે છે. તેનો ૧૧-૭૮ના અંકમાં (પાનુ ૫૭) ૨૩મી નવેમ્બરે આ તહેવાર હોવાનું જણાવેલ છે.

આપનો દિવાળી અંક એક સાહિત્ય-સભર અંક બનવાને બદલે જાહેરાત અંક હોય તેવો વધારે બનેલો છે. 'કુમાર' જેવા માસિક માટે આ શોભાસ્પદ નથી. કદાચ આ જમાનાની આ બધી ધંધાદારી હોશિયારી ગણાતી હશે. પરંતુ બચુભાઈ રાવત જેવા પીઢ મુરબ્બીએ આવી હોશિયારીનો આશરો લેવો જોઇએ નહિ.*

ગમેતેમ પણ નિરુભાઈ દેસાઈ (નિ. દે.)નો પરિચય આપ્યા પછી શ્રી વિનોદ ભટ્ટ ઉપર વાચકોએ જે તડાપીટ બોલાવી તેનાથી કંઈ નહિ તો વિનોદની કલમ 'ડાહી ડમરી' તો બની જ ગઈ તે આનંદની વાત છે. આદિલ મનસૂરી અને પ્રવીણ જોષીનો પરિચય ગમ્યો.

આઈ. એન. ટી. સંસ્થાનો પરિચય અપાય એ જરૂરી છે, કારણ કે ઘણાખરા આ સંસ્થા શું છે તે જાણતા નથી. તેનાં નાટકો સારાં હોય છે એટલી ખબર સૌને હોય છે.

(જૂનાગઢ) —રવીન્દ્રભાઈ ગોસ્વામી

[* એ હોશિયારી નહિ પણ 'જરૂરિયાત'નું પરિણામ છે. ગયે વર્ષે કુમારે ભારે ખોટ કરી. તે પૂરવા આ પગલું લેવું પડ્યું એને સહાનુભૂતિથી જોવું ઘટે.]

અવધનો કનૈયો

દીપોત્સવી અંકમાં પૂઠા પર 'મધુવાતા ઋતાયતે...' અદ્ભુત લાગ્યું છે. આભાર. શ્લોકનાં ઉદ્ગાતા ઉપનિષદનું નામ જાણવાની ઇચ્છા છે.

(અનુસંધાન પૃષ્ઠ ૯૫)

એક નવજાત શિશુની આસપાસ / ઉશનસ્

• સૉનેટદ્વય •

(ગયે વર્ષે આવેલા સૉનેટ ચતુષ્ટયના અનુસંધાનમાં)

૧ પૃથ્વીદીક્ષા

• શિખરિણી સૉનેટ •

હવે લાગે છે કે સમજ વધી છે એમની કંઈ,
સ્વીકારી લીધું છે પૃથિવીપણું, પૃથ્વીનું ઘર આ,
સ્વીકારી છે સંધી ઇહ તરફની વાસ્તવિકતા;
જુઓને, પાંખોનું પરીપણું ખરી, હસ્ત ફૂટતા!
હવે આ આંખોની કીકી ઠરતી(આભાર)મુજપે;
અને ત્યાં સંબંધો ફૂટુંફૂટું થતા, મૂળ ગ્રહવા
મહારી આંખોમાં થઈ ગ્રથિત ઊંડે ઊતરવા.
ઊંડે આત્મા કેરે ગહન, અતલાન્તે નીકળવા.

હવે બોલુંબોલું થતું કશુંક આ આંખની મહીં,
અને બોખું, પોલું મુખ કશુંક કહે છે રહી રહી;
હવે 'સંબંધોનું કશુંક પડશે નામ'–ની ક્ષણો;
જીવું ઊંચા શ્વાસે: પ્રથમ ફૂટશે શું મુજ પ્રતિ
મને સંબોધીને વચન મુખ આથી? સુરગણો,
વિધાતા, વેદો સૌ ગગન સ્થિત કૌતૂહલવતી...

૨ બધી ચેષ્ટાની એક જ વ્યંજના

• મંદાક્રાન્તા સૉનેટ •

જાણે પૂરી સમજથી હવે આંખ એ ફેરવે છે,
જ્યાં જાઉં ત્યાં સૂરજમુખીના ફૂલ જેવું ફરે છે
મારી સામું પડખું ઘરમાં! ઘોડિયે ટળવળે છે,
ખોળી કાઢી તકત, મુજ શું દૃષ્ટિને મેળવે છે.
ને આખું આ ઘર પણ હવે આ નવું કેન્દ્ર પામી
વર્તુલાઈ વિકસિત થયું છે પુનઃ ગોઠવાઈ,
ટૂંકી ત્રિજ્યા ઉપર જ રહું, કામમાં તો ય સામી,
કામે પાછું ઘરનું કરવું ના પડે થોડું કાંઈ?

જેવી આવું કંઈક મિષથી દૂરના ખંડથી ય,
ખેંચાઉં છું વશ અસરના ક્ષેત્રમાં ચુંબકીય;
લીંપી ગારે વટપરણુ પે હોય એવા વહે છે,
નાના નાના કર-પદ-વીંઝી કૈંક જાણે કહે છે;
મારે પાસે થઈ ગુજરવું, કંપ અંગાંગ એ લે,
જેનો ચોખ્ખો અરથ બસ આ, 'તું મને લે, મને લે.'

નટવર વરીએ / રાજેન્દ્ર શાહ

• ગાન •

ઊલટસૂલટ આપણને કરીએ
પ્રેમ પદારથને તો ધરીએ.

લગીર હવાસમ હલકાં થઈએ
બધે નિરંતર નિરભય ફરીએ.

વડવાનલ જેવાં જો જલીએ
તો સાગર જલ પર પણ તરીએ.

નદીને શું? પોતે જ નમીએ
કંઠ લગી પૂરણ ઘટ ભરીએ.

ઉપરઉપરનું ચીર પરહરીએ
અને નિકુંજે નટવર વરીએ.

એક નવજાત શિશુની આસપાસ • અગાઉ આ પૃષ્ઠ પર આ કવિના આ જ વિષયના પ્રકટ થએલા સૉનેટ ચતુષ્ટયના અનુસંધાને પ્રસ્તુત સૉનેટ યુગ્મમાં નવજાત શિશુ અને માતા વચ્ચેના અખૂટ અને અતૂટ આકર્ષણની ક્ષણોને શબ્દબદ્ધ કરવામાં આવી છે. બાળકનું પૃથ્વી પર અવતરવું એ એની પૃથ્વીદીક્ષા છે એ નવીન અભિવ્યક્તિ પ્રથમ સૉનેટની બીજી પંક્તિમાં કર્યા પછી એ ફૂટસ્થ ફૂખસ્થ બનતાં કેવા ફેરફારો સાધે છે તે બાકીની બારે ય પંક્તિનો વિષય છે. ઈહ લોકની વાસ્તવિકતાનો સ્વીકાર થતાં જ જાણે પૂર્વેની પરીપણાની સ્થિતિ પલટાઈ ગઈ—પાંખો ખરી ગઈ અને તેને સ્થાને હસ્ત ફૂટયા!—પછી તો એ શિશુ જાણે પોતાની દૃષ્ટિથી માતાના હૈયા સુધી પહોંચી ગયું, એની સમસ્ત ચેતનામાં રસાઈ ગયું. હવે જાણે કે શિશુ અને માતાના નવસંબંધની વેળા આવી પહોંચી. 'બોખું' દ્વારા નવજાત શિશુનું સૂચન અને એના મુખમાંથી આવનારો 'બા' જેવો પ્રથમ શબ્દ સાંભળવાની માતાની કર્ણોત્કંઠા પછીથી સાહજિક રીતે વ્યક્ત કરાએલી છે. આ શિશુ-માતાના સંબંધનું મિલન જોવા વિધાતા વેદો વગેરે અવકાશમાં કુતૂહલતાથી ટોળે વળ્યા છે તે અંતિમ અભિવ્યક્તિ સાથે માતૃત્વની વિજયપતાકા લહેરાવતું પ્રથમ સૉનેટ પૂરું થાય છે. પણ જ્યાં આ પ્રથમ સૉનેટનો અંત આવે છે ત્યાં શિશુ-મુખમાંથી 'બા' શબ્દના સ્ફોટની વ્યંજના બીજા સૉનેટમાં એ જ શિશુની સકલ ચેષ્ટાઓમાં મહોરી રહે છે. જેમ સૂર્યમુખી સૂર્ય ભણી જ મુખ ફેરવ્યા કરે તેમ આ શિશુ પણ ઘરમાં હર-ફર કરતી માતા ભણી દૃષ્ટિ દોડાવ્યા કરે છે. આખા ય કુટુંબનું એ જાણે હવે નવું કેન્દ્ર બની ગયું છે! માતા પણ જાણે એ શિશુકેન્દ્રની ત્રિજ્યાથી દૂર જવા માગતી જ નથી. પરંતુ માતાને ય ઘરની ફરજો તો બજાવવાની હોય ને? પરિણામે શિશુથી, એની દૃષ્ટિના આકર્ષણથી, દૂર પણ જવું જ પડે ને? માતૃહૈયાની આ મીઠી અકળામણના પ્રશ્નો બીજા સૉનેટને અંતે એ આકર્ષણની અમોઘતાને દૃઢાવી રહે છે, અને પ્રથમ સૉનેટમાં 'બા' શબ્દનું શ્રવણ અભીપ્સિત હતું તે બીજા સૉનેટને અંતે અભિવ્યંજિત થઈ રહે છે! **નટવર વરીએ:** પાંચ કડીના આ ગીતમાં પ્રત્યેક કડી ઊર્મિરસિત વિચારનાવીન્યથી ભરીભરી છે. એની બાની જાતે જ એટલી સરળ છે કે એનું પ્રથમ પઠન જ એના અર્થદર્શનનો આનંદ કરાવી રહેશે. અંતે જતાં નટવરને વરવાની વાત જો રૂપકાત્મકતાથી લઈએ તો જીવ અને શિવની જ વાત બનીને ઊભી રહે છે. એ ગભીર જ્ઞાનની આ છે સરળ સૌન્દર્યાભિવ્યક્તિ! —ધી. પ.

આજ આજ ભાઈ અત્યારે!

બહાદુરશાહ પંડિત

યુધિષ્ઠિર રાજા બન્યા પછી એક વાર મહેલની અગાશીમાં ઊભા હતા ત્યાં એક બ્રાહ્મણે નીચેથી 'ભિક્ષાન દેહિ' કહી એમની સામે હાથ ધર્યો. યુધિષ્ઠિરે કહ્યું: 'મહારાજ, આજે હું જરા ઉતાવળમાં છું. કાલે આવજો. હું તમને અચૂક દાન આપીશ.'

આ સાંભળી જરા દૂર ઊભેલા ભીમે એક દમ ખુંગિયા ઢોલ ઉપર દાંડી પીટવા માંડી. યુધિષ્ઠિરે એની પાસે જઈ એના હાથ પકડી લીધા અને કહ્યું: 'અરે ગાંડા, આ શું કરે છે? હમણાં નગરના બધા લોકો ભેગા થઈ જશે.'

'મારે નગરના બધા લોકોને ભેગા કરવા જ છે.' ભીમે કહ્યું.

'કેમ?' યુધિષ્ઠિરે પૂછ્યું.

લોકોને આજે મારે એક અદ્ભુત વાત કહેવી છે. મારે એમને આનંદના એ સમાચાર આપવા છે કે એમના મહારાજા યુધિષ્ઠિરે કાલ પર વિજય મેળવ્યો છે.'

'અરે ભીમ! તું આ શું બકે છે? હું વળી કાલ ઉપર વિજય કેવી રીતે મેળવવાનો હતો?'

'કેમ મોટા ભાઈ, તમે હમણાં પેલા બ્રાહ્મણને ના કહ્યું કે આવતી કાલે હું તને દાન આપીશ? એનો અર્થ એ થયો કે આવતી કાલ સુધી તમે અને એ બ્રાહ્મણ બંને જીવવાના છો એની તમને ખાત્રી છે.'

યુધિષ્ઠિર શરમિંદા પડી ગયા અને એમણે તરત જ પેલા બ્રાહ્મણને પાછો બોલાવી દાન આપ્યું.

ગુજરાતીમાં એક બોધક લોકોક્તિ છે કે 'ધરમના કામમાં ઢીલ ના કરવી.' અને એ જ અર્થનો સંસ્કૃતમાં સરસ શ્લોક છે –

અજરામરવત્ પ્રાજ્ઞો વિદ્યામર્થંમ્ ચ ચિન્તયેત્
ગૃહીતિવ કેશેષુ મૃત્યુના ધર્મમાચરેત્ ॥

અજરઅમર રહેવાનું છે એમ માનીને વિદ્યા અને અર્થ (પૈસા) કમાવાનો વિચાર કરવો પરંતુ મૃત્યુએ આવીને વાળ પકડયા છે એમ માનીને ધર્મનું આચરણ કરવું. ધર્મનું આચરણ એટલે કર્તવ્યપાલન. ફરજનું પાલન કરતી વખતે આજનું કામ કદી આવતી કાલ પર મુલતવી રાખવું જોઈએ નહિ.

એક અંગ્રેજ લેખક કહે છે કે જે કામ કર્યા સિવાય તમે મૃત્યુ પામો તોપણ તમને કે જગતને કશું નુકસાન થવાનો સંભવ ના હોય એ જ કામ આવતી કાલ પર મુલત્વી રાખો.

જૂની વાચનમાળામાં એક ગુજરાતી કવિતા હતી:

હસતે મુખ રસ્તામાં વેર્યાં,
ફૂલ નશીબે ગુલાબ કેરાં;
નીચા નમી વીણીશું ક્યારે?
આજ, આજ, ભાઈ અત્યારે!

જે કામ આજે કરવાનું છે એ આવતી કાલ પર મુલતવી રાખીને આપણે કાં તો આપણી આળસને પોષણ આપીએ છીએ અથવા તો આપણા આત્મવિશ્વાસને નબળો પડવા દઈએ છીએ. આજે કરવાનું કામ આજે ના થઈ શકે તો એ આવતી કાલે થશે જ એનો ભરોસો કેવી રીતે રાખી શકાય?

એથી અંગ્રેજ લેખક હૉરેસ કહે છે કે Seize to-day and put as little trust as you can in tomorrow. (આજને ઝડપી લો અને આવતી કાલ પર શક્ય એટલો ઓછો વિશ્વાસ રાખો.) એક હિન્દી કવિ કહે છે, 'કાલ કરે સો આજ કર, આજ કરે સો અબ.'

વર્તમાનના પ્રત્યેક ક્ષણ તમારા હાથમાં છે. આજ તમારી છે. એનો જો સદુપયોગ નહિ કરી શકો તો સ્વ. પ્રિયકાન્ત મણિયારના પેલા કાવ્યની જેમ—

"હવે આ હાથ રહે ના હેમ
મળ્યુ સમયનું સોનું
પરથમ વાવડું ફાવ્યું તેમ:
કદી કોઈને કાજે
નહિ મેં કટકો યે એ કાપ્યુ,
અન્ય શું દેતાં થાય અમૂલખ
મૂલ્ય નહિ મેં માપ્યુ;
રતિ સરખું અવ રહિયુ
એનો ઘાટ ઘડાશે કેમ?"

—એમ કહીને પસ્તાવાનો વારો આવશે.

આજે જે કરવાનું છે એ અબઘડી કરવાની સલાહ આપતાં સ્વ. કલાપી કહે છે.

ફૂલ વીણ, સખે! ફૂલ વીણ સખે!
હજુ તો ફૂટતું જ પ્રભાત સખે!

નહિ ઉત્તમ અગ્રિમ કાલ સખે!
ભરયૌવન આ હજુ રક્ત, સખે!

ગતિ કાલની ચોક્કસ ન હોય, સખે!
ભરતી પછી ઓટ જ હોય, સખે!

એક્લેસીઆસ્ટર કહે છે કે Boast not thy self of tomorrow, for thou knowest not what a day may bringforth.

મુલતવી રાખવાનાં માઠાં ફળ જેણે અનુભવ્યાં હોય છે એ આજની કિંમત બરાબર સમજે છે. Time, tide and teacher waits for nobody એ કહેવત જાણનાર કદી કોઈ કામ મુલતવી નહિ રાખે.

દરેક ક્ષણ તમારા માટે એક તક બનીને આવતી હોય છે. એ ક્ષણને આળસ અને અજ્ઞાનમાં જતી કરીને તમે જે નવી તકની રાહ જોયા કરો છો એ કદી આવવાની જ નથી.

અંધ બાળા હેલન કેલરે આપેલી એક સલાહ આપણે સૌએ ધ્યાનમાં રાખવા જેવી છે:


'હું, જાતે આંધળી, જે લોકો દેખતા છે તેમને એક સૂચન કરી શકું તેમ છું. આવતી કાલે જ જાણે કે તમારા પર અંધાપો ઊતરી પડવાનો છે તેમ સમજીને તમારી આંખો વાપરજો. અને બીજી ઇન્દ્રિયોને પણ એ જ રીત લાગુ પાડી શકાય. માનવ-શબ્દોનું સંગીત, પંખીનું ગાન, સૂરાવલિના પ્રચંડ સ્વરો જાણે કે આવતી કાલે જ તમે બહેરા બની જવાના હો તે રીતે સાંભળજો. જે જે ચીજને સ્પર્શ કરવો હોય તેને એ રીતે હાથ લગાડજો કે જાણે તમારી સ્પર્શેન્દ્રિય બંધ પડી જવાની છે. પુષ્પોની સુવાસ એવી રીતે સૂંઘજો અને રોટલાનું પ્રત્યેક બટકુ એવી લિજ્જતથી મમળાવજો કે જાણે કાલથી તમે કદી સૂંઘી શકવાના નથી, ચાખી શકવાના નથી. આ સૃષ્ટિએ તમારી સંમુખ પાથરેલાં સુખ અને સૌંદર્યના એકે-એક પાસાને માણજો. ઇન્દ્રિયનો પૂરેપૂરો ઉપયોગ કરી લેજો.' □


તમે કૅલેન્ડર બદલ્યું?

નવું વર્ષ બેઠું એટલે તમે તમારા ઘરમાં અને ઑફિસમાં કૅલેન્ડર બદલ્યું હશે. એનો અર્થ એ કે વર્ષ બદલાયું છે એ તમે જાણો છો. પણ વર્ષ બદલાતાં તમે પણ બદલાયા છો ખરા? વીત્યા વર્ષમાં તમારામાં જે ખામીઓ, કમજોરીઓ હતી એ બધી એમની એમ જ રહી છે કે સંકલ્પ કરીને તમે એને–યા એમાંની કેટલીકને દૂર કરી છે? આ પ્રશ્નનો ઉત્તર જો હા હોય તો તમને નવું વર્ષ મુબારક હો. પરંતુ જો ઉત્તર નકારાત્મક હોય તો પછી તમારા જીવનમાં નવું વર્ષ આવ્યું જ નથી, તમે તો માત્ર કૅલેન્ડર જ બદલ્યું છે. નવું વર્ષ નવા સંકલ્પો, નવાં નિર્માણોનો તહેવાર છે, નવાં કૅલેન્ડરોનો નહિ.

મૌલિક ચિંતન અને વિચારોની અખૂટ સર્વજ્ઞતા તથા પોતાની સાદગી, સહજતા ને કર્મઠતાથી દેશના એક શક્તિશાળી રાજકીય પક્ષના પ્રેરણાસ્રોત બની રહેનાર અને ભારતીય સંસ્કૃતિ તથા મૂલ્યોને અનુરૂપ માનવલક્ષી રાજનીતિ ને સમાજરચનાના હિમાયતી

પં. દીનદયાળ ઉપાધ્યાય





લેખક · વિષ્ણુ પંડ્યા

સહેજ દુર્બળ બાંધો, સસ્મિત ચહેરો, દૃષ્ટિમાં નિર્વ્યાજ સરળતા, ધોતી-ઝભ્ભાનું સાદું વસ્ત્રપરિધાન અને આત્મીયતાથી વાતાવરણને છલકતું કરતી પ્રતિભા. પંડિત દીનદયાળ ઉપાધ્યાયની આ વિશેષતાઓ. ભારતીય રાજનીતિમાં નવોન્મેષ દાખવે ન દાખવે ત્યાં તો તેમની હત્યા થઈ ગઈ !

એકાવન વર્ષની એ તેજસ્વી જિંદગી ઘણી તડકીછાંયડી પછી મૌલિક ચિંતન અને સ્વાભાવિક સંગઠનનાં ઊંચેરાં શિખરો લગી પહોંચી હતી. ૨૫ સપ્ટેમ્બર, ૧૯૧૬ના દિવસે જયપુર–અજમેર રેલ લાઈન પરના ધનકિયા ગામમાં તેમને માતાએ પિયરવાસમાં જન્મ આપ્યો. માતામહ પં. ચુનીલાલ શુક્લ એ સ્ટેશને અધિકારી હતા. પિતા ભગવતીપ્રસાદ મથુરા જિલ્લાના ફર્રાહા પાસેના જલેસર રોડ સ્ટેશનના સ્ટેશનમાસ્તર. સંગઠનના કામ માટે છેક મૃત્યુ સુધી 'આજીવન રેલપ્રવાસી' રહેનાર દીનદયાળનું બચપણ આમ રેલના પાટાઓ ને પ્લૅટફૉર્મ સાથે ઘણી રીતે જોડાએલું રહેતું.

મા-બાપ બંને સાત વર્ષના દીનદયાળને છોડીને મૃત્યુ પામ્યાં એટલે મામા રાધારમણ શુક્લે એમની જવાબદારી ઉપાડી લીધી. આ કરુણ ઘટનાનું પરિણામ એ આવ્યુ કે દીનદયાળ બચપણથી જ સ્વાવલંબી બન્યા, અને શિક્ષણ મેળવવા અનેક સ્થાનો બદલાવ્યાં. સીકર (રાજસ્થાન)માં મૅટ્રિક્યુલેશન પસાર કરી અને તેમાં પ્રથમ વર્ગ મેળવ્યો. કૉલેજના અભ્યાસ માટે પિલાની (રાજસ્થાન) ગયા. બે વર્ષ ત્યાં રહ્યા અને કાનપુરની સનાતન ધર્મ કૉલેજમાંથી ગણિતશાસ્ત્રના વિષયમાં પ્રથમ વર્ગ સાથે બી.એ.ની પરીક્ષા પસાર કરી.

બચપણ અને કિશોર વયમાં દીનદયાળ શું કરતા? પોતાના વિષે કદી યે ન બોલનાર દીનદયાળની એ તરુણાવસ્થા વિષે બહુ ઓછી વિગતો મળે છે. એક વાર વાતવાતમાં તેમણે કહેલું : 'અમે છાત્રાલયમાં એક મંડળ ઊભું કરેલું. તેનું નામ હતું 'ઝીરો એસોસીએશન.' અભ્યાસમાં નબળા બહાદુરો માટે તે ખુલ્લું હતું. પણ જેવો જાન્યુઆરી મહિનો આવે કે અમે સાબદા થઈ જતા. રાતભર મહેનત લઇએ, અને છેવટે પરીક્ષામાં ઉત્તીર્ણ થઈએ!' અને અલબત્ત, મંડળના નેતા દીનદયાળ પ્રથમ વર્ગ મેળવતા !

મધ્યમ વર્ગે પોતાનું જીવન બનાવવા માટે કેવો, કેટલો સંઘર્ષ કરવો પડે તેનો તેમને સાક્ષાત્ અનુભવ હતો. આવા પરિશ્રમ પછી, યુવક ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરીને યોગ્ય જગ્યાએ પરણી જાય, સારી નોકરી મેળવીને સ્થાયી થાય. પણ દીનદયાળે શું કર્યું ?

બી.એ.નું વર્ષ હતું. એ દરમિયાન તેમનો રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સાથે સંપર્ક થયો. ઉત્તર પ્રદેશમાં સંઘનું કાર્ય શ્રી ભાઉરાવ દેવરસ સંભાળતા. ઈ. ૧૯૨૫માં ડૉ. કેશવ બળિરામ હેડગેવારે નાગપુરમાં સંઘની સ્થાપના કરી. આ સંગઠનનું વિચારકેન્દ્ર છે હિન્દુ સમાજનું સંગઠન અને સામાજિક ઉત્થાન. આને માટે સંઘની 'શાખા'ઓ નિયમિત શહેરો-ગામડાંઓમાં સવાર-સાંજ ચાલે. ખુલ્લા મેદાનમાં ચાલતી આ શાખામાં જે આવે તે 'સ્વયંસેવક' કહેવાય. શાખામાં કલાકમાં રમતગમતો અને ઇતિહાસ-સંસ્કૃતિ વિષયક ચર્ચાઓ થાય. છેવટે ભગવા ધ્વજ સમક્ષ ભારતમાતાની પ્રાર્થના : 'નમસ્તે સદા વત્સલે માતૃભૂમે...'

આ કાર્યને વહેતું રાખવા કેટલાક લોકો પોતાના વ્યવસાય-પરિવારની જવાબદારી છોડીને સંઘમાં 'પ્રચારક'ની કામગીરી સંભાળે. સ્વયસેવકો દ્વારા તેમનું જીવનયાપન થાય. જુદાંજુદાં ક્ષેત્રોને પ્રાપ્ત આપણા નેતાઓમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલકો શ્રી મા. સ. ગોળવળકર ને હાલ શ્રી બાળાસાહેબ દેવરસ, વિદેશમંત્રી શ્રી અટલબિહારી વાજપેયી, માહિતી અને પ્રસારણ મંત્રી શ્રી લાલકૃષ્ણ અડવાણી, મઝદૂર નેતા શ્રી દત્તોપંત ઠેંગડી, વિવેકાનંદ શિલા સ્મારક ટ્રસ્ટના પ્રમુખ શ્રી એકનાથ રાનડે, વગેરેમાંના કેટલાક હજુ સંઘપ્રચારક છે, કેટલાક ભૂતકાળમાં હતા.

આવા જ એક પ્રચારક શ્રી ભાઉરાવ દેવરસ સાથેના ઘનિષ્ઠ સંબંધે દીનદયાળને સંઘકાર્ય માટે પ્રવૃત્ત કર્યા. તે શાખામાં જતા થયા. હવે સાંસારિક જવાબદારીથી અલગ થવું હતું. પણ મામાનો આગ્રહ કે દીનદયાળનાં સુયોગ્ય જગ્યાએ લગ્ન થાય. કોઈનું યે મન દુભાય એવું દીનદયાળ તો કરી શકે નહિ. તો શું કરવું? છેવટે, કન્યા અને તેના પિતા વગેરેની મુલાકાત સમયે આ ઉમેદવાર એવી અજ્ઞાની ઢબથી વર્ત્યો કે લગ્ન માટેની પરીક્ષામાં તે નાપાસ જાહેર થયો !

પરંતુ માણસ પ્રત્યેના સ્નેહમાં દીનદયાળ જરાકે ઊણા ઊતરે તેવા નહોતા. મામાની દીકરી બહેન માંદી પડી ત્યારે તે એમ.એ.ના બીજા

વર્ષની તૈયારીમાં હતા. બહેનની માંદગી જીવલેણ હતી. તબીબોએ હાથ ધોઈનાખેલા. દીનદયાળ તેની સારવારમાં મશગૂલ થયા ને અભ્યાસ બાજુ પર રાખ્યો. બહેનની બીમારી કઈ રીતે દૂર થાય તેના વિચારમાં અનેક પુસ્તકો ફથલાવ્યાં. કુદરતી ઉપચારની કેટલીક સામગ્રી હાથ લાગી. બહેનને કહે : 'હું તારી તંદુરસ્તી માટે અખતરો કરી શકું?' બહેને કહ્યું : 'આટલા ડૉકટરોએ જો પ્રયોગ કર્યા હોય તો હવે તને તો હું શાની ના પાડી શકું?' ને દીનદયાળના કુદરતી ઉપચારે તેને બચાવી પણ લીધી!

ઈ. ૧૯૪૨માં તે સંઘના પ્રચારક બન્યા. લખીમપુર જિલ્લાનું કામ સંભાળતાં સંભાળતાં શિક્ષક તરીકે પણ સેવાઓ આપતા. સંચાલકોને થયું કે આવો માણસ આચાર્યપદે હોય તો શાળા સુધરી જાય. વેતન-વધારાની આકર્ષક દરખાસ્ત સાથે સંચાલકોએ દીનદયાળને જ્યારે આચાર્યપદ માટે વાત કરી ત્યારે તેમણે કહ્યું : 'હું તો મારી વૃત્તિને કારણે શિક્ષક બન્યો છું. મારી જરૂરિયાત કેટલી? બે જોડી વસ્ત્રો અને બે વાર ભોજન. એમાં હું ત્રીસ રૂપિયાથી વધારે વેતન લઇને શું કરું? મને શિક્ષક જ રહેવા દો.'

દરમિયાન સંઘકાર્યમાં એ વધુ ને વધુ જીવ પરોવતા ગયા. સંગઠન માટેના લોકસંગ્રહની તેમની લાક્ષણિકતા હતી જ. ઈ. ૧૯૪૨થી ૧૯૫૧ સુધીના ગાળામાં તે આમ જ સહ પ્રાંતપ્રચારક સુધીની જવાબદારી સંભાળતા ગયા. દરમિયાન તેમણે લેખન પર ધ્યાન કેન્દ્રિત કર્યું. બે પુસ્તકો 'સમ્રાટ ચંદ્રગુપ્ત' અને 'જગદ્‌ગુરુ શંકરાચાર્ય' લખ્યાં. એમના જીવન પર આ બંને મહાપુરુષોની અસર હતી. ચંદ્રગુપ્ત-ચાણક્ય દ્વારા રાષ્ટ્રનું સંગઠનાત્મક સંકલન અને શંકરાચાર્ય દ્વારા જીવનદર્શનની સંવાદિતા—આ બે ઐતિહાસિક અને નિર્ણાયક ઘટનાઓએ ભારતીય ઇતિહાસમાં નવાં વળાંકો આપ્યા છે એમ તે કહેતા.

સંઘકાર્યના ભાગ રૂપે જ એક બીજી જવાબદારી તેમને સોંપાઈ. તે હતી વિચારોના પ્રકાશનની. લખનૌમાં 'રાષ્ટ્રધર્મ' માસિક અને 'પાંચજન્ય' સાપ્તાહિકનું પ્રકાશન શરૂ થયું. લખવું, કંપોઝ કરવું ને રૅપર લગાવવાં ત્રણે કામો દીનદયાળ જાતે કરતા. પછીથી તે કાર્યમાં અટલબિહારી વાજપેયી પણ જોડાયા. પત્રકારત્વનો આ અનુભવ યાદ કરીને તેઓ કહેતા : 'સ્વાવલંબી પત્રકારત્વ તો જ શક્ય બને જો તે વેપારી હોવાને બદલે સેવાવ્રતી હોય. અને એવા પત્રકારત્વથી સમાજજીવન પર તંદુરસ્ત અસર પાડી શકાય. ગાંધીજી આફ્રિકામાં 'ઇંડિયન ઓપિનિયન' પત્ર ચલાવતા ત્યારે ઘણી વાર જાતે કંપોઝ કરતા ને મશિન ચલાવતા. એમના એ પત્રકારત્વે આફ્રિકામાં વસતા ભારતીઓમાં જે જાગ્રતિ આણી તે જ ત્યાંના સત્યાગ્રહની સફળતાના મૂળમાં રહેલી છે.'

ઈ. ૧૯૫૧માં દીનદયાળ ઉપાધ્યાયના જીવનમાં એક વધુ વળાંક આવ્યો અને એ સક્રિય રાજકારણમાં પ્રવેશ્યા. ડૉ. શ્યામાપ્રસાદ મુખરજી કાશ્મીર-નીતિ પર કેન્દ્રના પ્રધાનમંડળમાંથી છૂટા થયા હતા અને 'માત્ર હિંદુઓને પક્ષપ્રવેશ' એવા હિંદુસભાના નિયમ સાથે અસંમત થઈ એ પક્ષમાંથી પણ રાજીનામું આપ્યું હતું. તેમને લાગ્યું કે ભારતીય ભૂમિકાનું આચરણ કરે તેવો નવો રાજકીય પક્ષ સ્થાપવો જોઇએ. તેઓ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના તત્કાલીન સરસંઘચાલક શ્રી મ.સા. ગોળવળકર (શ્રી ગુરુજી)ને મળ્યા. સંઘ ૧૯૪૮માં ગાંધીજીની હત્યા પછી પ્રતિબંધનો આઘાત સહન કરીને હજુ બેઠો થયો હતો. સંઘ-કાર્યકર્તાઓના મનમાં એવી પ્રતિક્રિયા પણ હતી કે ગાંધીહત્યામાં આપણે ક્યાંય નહોતા, છતાં આપણા પર પ્રતિબંધ આવ્યો. કાર્યકર્તાઓ પર હુમલા થયા, ને સંઘના સમર્થનમાં કોઈ રાજકીય પક્ષ ના બોલ્યો! સંઘ દ્વારા વિવિધ ક્ષેત્રોમાં પોતાના વિચારનો પ્રભાવ વધારવો એ તો સ્પષ્ટ હતું જ. આ બંને કારણોસર, સંઘના કેટલાક લોકોએ—જેમને રાજનીતિમાં રસ હતો—ડૉ. મુખર્જીને સહયોગ આપ્યો અને તેમણે સ્થાપેલા નવા પક્ષ—ભારતીય જનસંઘ—માં જોડાયા.

દીનદયાળ પણ સંઘના 'પ્રચારક' તરીકે આ નવી જવાબદારી નિભાવવા જનસંઘમાં જોડાયા. પહેલાં ઉત્તર પ્રદેશના પક્ષના મંત્રી બન્યા. એક જ વર્ષમાં કાશ્મીરને ભારતનો અવિભાજ્ય ભાગ ગણી, ધારા ૩૭૧-ની નાબૂદી માટેનો સત્યાગ્રહ જાહેર થયો. દેશભરમાંથી કાર્યકર્તાઓ કાશ્મીર તરફ સત્યાગ્રહી તરીકે દોરાયા. અને ડૉ. મુખર્જી પણ એવી એક ટુકડીના નેતા તરીકે કાશ્મીરમાં પ્રવેશતાં તેમને પકડી લેવાયા ને શ્રીનગરની જેલમાં રહસ્યમય સંજોગોમાં તેમનું મૃત્યુ થયું.

જનસંઘની હજુ કૂંપળો જ ફૂટી હતી ત્યાં પાનખરનો અનુભવ હતો એ! એને કોઈ મોટા પ્રભાવી નેતા નહિ, નેહરુજી સહિત બધાનું સતત એ પક્ષ પ્રત્યે આક્રમક વલણ અને પક્ષને સુસજ્જ કરવા માટે અપૂરતો સમય—આવી પરિસ્થિતિનો પડકાર સંઘના આ જુવાન નેતાઓએ ઝીલી લીધો. દીનદયાળ અખિલ ભારતીય મંત્રી બન્યા અને કાર્યકર્તાઓ તથા સાથીઓની મદદથી નાવડું આગળ હંકાર્યું. આવી સ્થિતિમાં દોઢ દાયકા સુધી મંત્રીપદે રહીને અથાક પરિશ્રમ કરીને પક્ષને સુદૃઢ બનાવવાનું ભીષણ કાર્ય દીનદયાળે કેવી રીતે કર્યું હશે તેની કલ્પના આવી શકે તેમ છે. મોટા વિસ્તાર ધરાવતા દેશમાં રાજકીય પક્ષની સ્થાપના સહેલી હોય પણ તેની નીતિ ને સિદ્ધાંતો નિર્ધારિત કરવા, તે પ્રમાણે કાર્ય ચલાવવું, સંગઠનની જાળ વ્યાપક બનાવવી અને આંદોલનો દ્વારા પ્રભાવશાળી સિદ્ધ થવું—આવી અનેકતરફી મહેનત એકીસાથે કરતી નેતાગીરી હોય તો જ એ પક્ષ મજબૂત બની શકે. દીનદયાળ ઉપાધ્યાય અને તેમના સાથીઓએ આવો પુરુષાર્થ દોઢ દાયકા સુધી કર્યો. તેનું પરિણામ એ આવ્યું કે જનસંઘ ચૂંટણીઓમાં અને જાહેર જીવનમાં કાઠું કાઢી શક્યો.

આને માટે દીનદયાળ 'આજીવન યાત્રી' બની ગયા. દેશવ્યાપી પ્રવાસ વર્ષમાં એક વાર તો થાય જ. એ ઉપરાંત રાષ્ટ્રીય પ્રશ્નો પર આંદોલનને દિશા આપી. 'કચ્છ કરાર એ ભારતીય સાર્વભૌમત્વનું અપમાન છે' એમ સિદ્ધ કરવા દિલ્હીમાં બે લાખ લોકોની રૅલી જનસંઘે કાઢી હતી. તેને માટે મુદ્દાસરની સમજ આપતા અગણિત પત્રો દીનદયાળજીએ જાતે, પોતાના હસ્તાક્ષરોમાં લખેલા. એ રૅલી પછી આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત દૈનિક 'ધ ગાર્ડિયન'ના સંવાદદાતાએ લખેલું : 'લાલબહાદુર શાસ્ત્રી ભારત-પાક. યુદ્ધ સમયે જે અપ્રતિમ નાયક બન્યા તેમની પાછળનાં ભાવાત્મક પીઠબળનું પહેલું ઉદાહરણ આ દેખાવો હતા અને તેનો ખયાલ શાસ્ત્રીજીને હતો.'

દીનદયાળ ઉપાધ્યાયનું ભારતીય રાજકારણમાં બીજું નિર્ણાયક પગલું 'બિન-કૉંગ્રેસવાદ'ની શરૂઆતનું હતું. રાષ્ટ્રીયતા અને લોકશાહીમાં માનતા વિરોધ પક્ષો જો એક થઇને ચૂંટણી લડે તો કૉંગ્રેસ સત્તાસ્થાને આવી ન શકે એવી દૃઢ માન્યતાના આધારે તેમણે અને ડૉ. રામમનોહર લોહિયાએ સંયુક્ત પ્રયાસો કર્યા. પરિણામે ૧૯૬૭માં ઘણાં રાજ્યોમાં કૉંગ્રેસ પરાસ્ત થઈ ને સંવિદ સરકારો અસ્તિત્વમાં આવી. આ સંયુક્ત સરકારોની સ્થાપના પછી તુરત દીનદયાળજીએ આગ્રહ રાખ્યો કે આપણી સરકારોએ એક સંયુક્ત આચાર-સંહિતા ઘડી કાઢીને તે પ્રમાણે વર્તવું જોઇએ તો જ ભાવાત્મક એકતા ને મૂલ્યો સાથેનું રાજકારણ સિદ્ધ થશે.'

સ્વભાવે ચિંતક દીનદયાળની ચિંતા એ હતી કે વિશ્વની વિવિધ રાજ્યપદ્ધતિઓ અને 'વાદ'ની ભ્રમજાળમાં જો ભારતનો નાગરિક ફસાઈ જશે તો ભારત પોતાનો નિર્ણાયક પાઠ અદા નહિ કરી શકે. તેમણે જોયું કે બધા રાજકીય પક્ષો અને પંડિતો પણ કાં તો સામ્યવાદનો આધાર લેતા હતા, કાં મૂડીવાદનો. 'સમાજવાદી સમાજરચના'થી 'મુક્ત અર્થતંત્ર' સુધીના ખયાલોમાં ભારતીય પરિસ્થિતિ અને ભૂમિકાને શું, કેટલું અનુકૂળ પડે એ વાત તો ભુલાઈ જતી હતી, તેની સાથોસાથ તંદુરસ્ત સમાજજીવન માટે આપણાં પોતાનાં મૂલ્યો અને આગ્રહો પણ

હોઈ શકે—એનું તો સદંતર વિસ્મરણ થયે જતું હતું!

આ મંથનના આધારે તેમણે 'ભારતીય' ભૂમિકાને રાજકારણ સાથે કેવો કેટલો સંબંધ હોઈ શકે તેનાં મંતવ્યો રજૂ કરવા માંડયાં. એમાંથી જ પ્રારંભિક સ્વરૂપે 'ધ ટુ પ્લાન્સ—પ્રૉમિસિઝ ઍન્ડ પ્રૉસ્પેક્ટ્સ' પુસ્તક લખાયું. આપણી પંચવર્ષીય યોજનાએ મહત્ત્વાકાંક્ષાના હિમાલય તળે ગાંધીવિચારને લગભગ કચડી નાખેલો તેનું ચિત્રણ એ પુસ્તકમાં છે. આયોજન પંચની બેઠકમાં એકમાત્ર અર્થશાસ્ત્રી બી. આર. શિનૉયે આ ચિત્કાર કરેલો, પણ નેહરુજીની પ્રતિભા અને અન્ય અર્થશાસ્ત્રીઓનાં મૌન વચ્ચે તે દબાઈ ગએલો. દીનદયાળે તેને વાચા આપી. પરિણામ એ આવ્યું કે પછીની યોજનાઓમાં પ્લાનિંગ કમિશનના ઉપપ્રમુખ શ્રીમન્નારાયણે એક પરિપત્ર પાઠવીને આ પુસ્તકનાં ટીકાટિપ્પણ અને સૂચનો ધ્યાનમાં લેવાનું બધાં રાજ્યોને લખેલું.

આ પછી તેમનો દસ્તાવેજ 'સિદ્ધાંત અને નીતિ' રજૂ થયો, પછી 'ભારતીય અર્થનીતિ' પુસ્તક લખ્યું, અને આ બધાંનાં મૂળિયાં જે વિચારમાં હતાં તે 'એકાત્મ માનવવાદ' શબ્દબદ્ધ થયું.

'એકાત્મ માનવવાદ' સંવાદી વિચારોનો દસ્તાવેજ છે. તેમાં કોઈ નવા વાદનું પ્રતિપાદન નથી. પણ ભારતમાં તેની સંસ્કૃતિ અને મૂલ્યોને અનુરૂપ સમાજરચના (તેમાં રાજનીતિ પણ આવી જાય છે) કેવી હોવી જોઈએ તેનું દર્શન છે. સામ્યવાદ કે બીજી પશ્ચિમી વિચારધારાઓને સાંગોપાંગ ભારતમાં અમલી બનાવવાથી આ સમાજનો વિકાસ થઈ જશે એ વાત બરાબર નથી કેમ કે એ બધાં દર્શનો પણ અધૂરાં છે, એકાંગી છે અને આપણી જીવનશ્રદ્ધાથી ક્યાંક વિપરિત પણ છે. જેમ કે ત્યાં માણસનો ખંડિત વિચાર કરાય છે. 'આર્થિક માનવ', 'સામાજિક માનવ' આવા ખંડમાં માણસનો વિચાર થઈ શકે તો યે તે સુસંગત નથી. માણસનું દિમાગ, હૃદય, પેટ—ત્રણેનાં પોષણ માટેનો સંતુલિત વિચાર કરીને અખંડ માનવની ઉપાસના થઈ શકે અને એવી દૃષ્ટિ દ્વારા જે જીવનવ્યવસ્થા સર્જવામાં આવે તે માણસને, આપણો જ્ઞાની કવિ અખો કહે છે તેમ 'બાવનની પેલી પારની', 'નરથી નારાયણ' બનવા સુધીની સીડીએ પહોંચાડી શકે. સામ્યવાદ કે મૂડીવાદી પદ્ધતિનાં આટલાં વર્ષોનાં પરિણામો બતાવે છે કે ગમે તેટલો ભૌતિક વિકાસ થયા પછી પણ વિશ્વયુદ્ધો, ઘૃણિત સત્તાવાદ, કાનૂનોનું જંગલ અને કેદખાનાંઓ જ સર્જાયાં છે. આમ કેમ બન્યું? એનું એક કારણ વ્યક્તિને કેન્દ્રમાં રાખતાં ઘટકોનો છેદ ઉડાડી દેવાયો તે પણ છે. તેને બદલે સમન્વયના આધાર પર વ્યક્તિથી આરંભીને પરિવાર, સમાજ, રાષ્ટ્ર, માનવતા અને છેલ્લે ચરાચર સૃષ્ટિ—એવી ભૂમિકા સર્જાવી જોઈએ. આ ભિન્નભિન્ન ઘટકો વચ્ચેનો સંઘર્ષ નહિ પણ એકબીજામાંથી ઉત્પન્ન થતા વિકાસક્રમનો જ તેમાં આવિષ્કાર છે. આવી સ્થિતિમાં કોઈ ઘટક પોતાનું વ્યક્તિત્વ ગુમાવતાં નથી અને પરસ્પર વિરોધી પણ નથી બનતાં. પોતાનાથી નાનાં ને મોટાં ઘટકોમાં પૂરક બનીને આગળ વધે છે. વૈચારિક જગતનો આ તાર્કિક ક્રમ છેક વિશ્વરાજ્ય ને અદ્વૈત સિદ્ધાંત લગી પહોંચે. આ દૃષ્ટિએ પક્ષાતીત સમાજરચનાનું મૂળ પણ આ વિચારમાં દૃષ્ટિગોચર થાય છે.

આ વિચારોને સૂત્રબદ્ધ કરીને દીનદયાળ ઉપાધ્યાયે તેને 'એકાત્મ માનવવાદ' નામ આપ્યું છે. તેમણે ભારતીય લોકશાહી, અર્થકારણ, વહીવટ વગેરેની અલગ ચર્ચા કરી છે ને તેમાં પાયાના ફેરફારો સૂચવ્યા છે. સ્વદેશી અને ગ્રામલક્ષી અર્થકારણ જ ભારતના સ્વાવલંબી, ઉત્પાદન માળખાને સુધારી શકે એવો તેમનો અભિગમ જાણીતો છે. આર્થિક વિષમતાને ડામવા માટે વધુમાં વધુ આવકનું પ્રમાણ ૧:૧૦નું હોવું જોઇએ એ સ્પષ્ટ કર્યું છે. તેમણે એમ પણ કહ્યું કે લોકશાહીમાં સંસદ, ન્યાયાલય, રાજ્યકર્તા અને પ્રજા—આમાં સર્વોપરિતા કોની તે વિવાદનો આપણા ઇતિહાસમાં પ્રત્યુત્તર પડેલો છે કે 'ધર્મ' આ બધાથી ઊંચો છે. ધર્મ એટલે સંપ્રદાયના સંકુચિત અર્થમાં નહિ પણ સમાજની જે 'ધારણા' કરે છે તે. આ ધારણા 'ચિતિ'થી ઘડાય છે. દરેક રાષ્ટ્રનો પોતાનો એક આત્મા હોય છે. તેનું શાસ્ત્રીય નામ છે ચિતિ. તેમાં જે અનુકૂળ હોય તેનો સંસ્કૃતિમાં સમાવેશ થાય છે. જેમ કે મહાભારતના યુદ્ધમાં પાંડવોના વિજયને 'ધર્મ' કેમ કહેવાયો. લંકામાં રામ ગયા તો રાવણનો ભાઈ વિભીષણ તેને છોડીને રામની સાથે ગયો. ચીલાચાલુ ભાષામાં તો તે ભ્રાતૃદ્રોહ કહેવાય, દેશદ્રોહ પણ કહેવો પડે. પણ આપણે તેમ ન કહ્યું. આ કંઈ રાજકીય કારણોસર નથી. આપણા મનની જે ચિતિ હતી, પ્રકૃતિ હતી તેને અનુકૂળ બન્યું તેને આપણી સંસ્કૃતિની સાથે જોડતા ગયા; અને તેને પ્રતિકૂળ બન્યું તેને વિકૃતિ કહી. આમ ચિતિ એવો માપદંડ છે જેનાથી હરેક વસ્તુનો સ્વીકાર કે ઈન્કાર થઈ શકે. તેના આધારે વ્યક્તિ, સંસ્થા વગેરેનું આચરણ નક્કી થઈ શકે.

અર્થકારણને પણ આવા નિશ્ચિત આચરણની દૃષ્ટિએ વિકસિત કરવું જોઇએ એમ તેઓ માનતા. અર્થના પ્રભાવનો વિરોધ તેમ અર્થના અભાવનો પણ વિરોધ. વળી, આપણે કર્મ અને ફળ બે જુદીજુદી રીતે તપાસ્યાં છે ને એ રીતે કર્મની પ્રેરણા લાભ મેળવવાની વૃત્તિમાં નથી. આવા મૂળભૂત ઉદ્દેશોને ધ્યાનમાં રાખીને રાષ્ટ્રનો સાંસ્કૃતિક–રાજકીય–આર્થિક નકશો ઘડવો જોઈએ એવો દીનદયાળજીનો દૃઢ મત હતો. આ વિચારને વધુ સંપુષ્ટ બનાવવાનું કાર્ય તે ન કરી શકયા. રાજકારણે જ તેમનો ઘણો સમય લીધો. અભ્યાસ માટે કાયમ લોકલ ટ્રેઈન જ પસંદ કરે. તેમાં સાથે પુસ્તકો હોય. ભારતયાત્રા વર્ષે એક વાર તો થાય જ. કાર્યકર્તાઓ અને પ્રજાની વચ્ચે રહીને રાજકારણને દિશા આપવી એ એમનું મુખ્ય કાર્ય. એક વાર ઘણાં વર્ષે તેમના જૂના સાથી, સંઘ અગ્રણી શ્રી બાપુરાવ મોઘેએ તેમને સાંભળ્યા તો કહે: 'દીનદયાળ, તમારી ભાષા તો સાક્ષરી હતી ને? આટલી સરળ કેમ થઈ ગઈ?' દીનદયાળજીએ ખુલાસો કર્યો: 'ત્યારે હું માત્ર પ્રચારક હતો; હવે મારે સામાન્ય માણસોને તેમની ભાષામાં વર્તમાનથી વાકેફગાર બનાવવા છે. એટલે આયાસપૂર્વક મેં સરળ ભાષા શીખી લીધી છે.'

જેવા વિચાર તેવો જ આચાર એ તેમની વિલક્ષણતા હતી. મહામંત્રી બન્યા પછી યે પોતાનાં કપડાં જાતે જ ધોતા. એક વાર બૅંગલોરના સંઘ કાર્યાલયમાં કપડાં ધોવા માટે કાઢેલાં તે સંઘ પ્રચારક શ્રી યાદવરાવ જોશી જોઈ ગયા. જીર્ણશીર્ણ ધોતી અને તેવો જ થીગડથાગડ ઝભ્ભો! જોશીજીએ કાર્યકર્તાને કહી તત્કાળ નવાં વસ્ત્રો મંગાવીને તે સ્થાને મૂકીને જૂનાં લઈ લીધાં. દીનદયાળજીએ જ્યારે આ જોયું ત્યારે કહે: 'અરે વાહ! આ તો નવાં કપડાં મળ્યાં. પણ, પેલાં જૂનાં થોડાક દિવસ તો ચાલે તેવાં હતાં.' યાદવરાવ મનોમન બોલ્યા: 'હા, થોડાક દિવસ નહિ, તમે તેને કાયમ માટે ચલાવ્યાં હોત!' વિદેશ પ્રવાસે ગયા તો ત્યાંના કાર્યકર્તાઓને ઇચ્છા થઈ કે દીનદયાળજીને ભેટ, સ્મૃતિચિહ્ન કંઈક આપીએ. પૂછ્યું કે શું ગમશે—ઘડિયાળ, ટી.વી. સેટ, કાર કે...?' ખૂબ વિચારીને પંડિતજી કહે: 'તમારે કંઈક આપવું જ હોય તો એમ કરો, મને સારાં પુસ્તકોનો એક સેટ ખરીદીને આપજો.'

માત્ર પ્રચાર પર જીવનારી સંસ્થાઓ જેવું પોતાના પક્ષનું ન થાય એ તેઓ ખાસ જોતા. એક વાર ડૉ. ઝાકિર હુસેન રાષ્ટ્રપતિપદના ઉમેદવાર હતા. તેમના વિષે 'ઑર્ગેનાઈઝર'માં કંઈક આવ્યું તો તંત્રીમિત્ર મલકાણીને કહે: 'આપણો ગુણ સંયમિત ભાષાનો હોવો જોઈએ. મતભેદ હોય તો પણ ડૉ. ઝાકિર હુસેન મહાનુભાવ છે; રાષ્ટ્રપતિપદના ઉમેદવાર છે.' ચીન–આક્રમણ સમયે જનસંઘે બજાવેલી નાગરિક સેવાઓની કદર અખબારોમાં ન થઈ એવો અફસોસ કેટલાક કાર્યકર્તાઓએ એક સંમેલનમાં કર્યો તો દીનદયાળજીએ કહ્યું: 'અરે, હમ લોગ કયા પન્ના દાઈકા આદર્શ ભૂલ ગયે? દેશ કા કામ હો ગયા; હમારા નામ હો ન હો, હમ

કયા નામ કે લિયે કામ કરતે હે?'

રાજકારણમાં હોવા છતાં પ્રજાની લાગણીઓ પર સવાર થઇને લાભ ખાટી લેવાની વૃત્તિ ક્યારે ય નહિ. અલગ વિદર્ભ આંદોલનને ટેકો આપવાથી આપણો પક્ષ વિદર્ભમાં વિસ્તરશે એવી કાર્યકર્તાઓની દલીલ તેમણે ન માની તો એક કાર્યકર્તાએ કહ્યું: 'દીનદયાળજી, પરિસ્થિતિ એવી છે કે આ આંદોલનને ટેકો નહિ આપીએ તો આગામી અધિવેશન માટે આપણને વિદર્ભમાં ક્યાંય જગ્યા નહિ મળે!' દીનદયાળનો જવાબ હતો: 'તો ફિર હમ અપના અધિવેશન રાસ્તે પર કરેંગે!'

ઈ. ૧૯૬૭માં કેરળમાં ભારતીય જનસંઘના વાર્ષિક અધિવેશન માટે તેમને અધ્યક્ષ તરીકે પરાણે બેસાડવામાં આવ્યા! પ્રસિદ્ધિની પરવા વિનાના આ પુરુષને પક્ષના પ્રમુખપદનો જરાકે ય મોહ ન હતો. એટલું જ નહિ તે ન બનાય એવો આગ્રહ પણ ખરો. પરંતુ બળવાન બનેલા પક્ષને હવે દીનદયાળજીના અધ્યક્ષપદની આવશ્યકતા હતી. સાથીઓએ તેમને ખૂબ સમજાવ્યા. અંતે આ વિનમ્ર અને નિરપેક્ષ સંગઠન-પુરુષ તૈયાર થયા. કાલિકટમાં ડિસેમ્બર, ૧૯૬૭માં યોજાએલું એ અધિવેશન યાદગાર બની ગયું. સામ્યવાદીઓના ગઢ ગણાતા પ્રદેશમાં આવું વિશાળ અધિવેશન અને તેમાં સર્વ કાર્યકર્તાઓને પ્રિય દીનદયાળ પ્રમુખ! સાથીઓનો આનંદ અસીમિત હતો. વૉલ્ટર ઍન્ડર્સને નોંધ્યું છે કે એમનું અધિવેશનમાં થએલું અધ્યક્ષીય વ્યાખ્યાન કલ્પનોત્તેજક દસ્તાવેજ જ હતું, જાણે! પરિશુદ્ધ અને પ્રાસાદિક હિંદીમાં એક કલાક ચાલેલા એ પ્રવચનનો અંતભાગ સ્વપ્નદ્રષ્ટા રાજપુરુષને છાજે તેવો હતો. આજે પણ એ સ્વરો કાનમાં ગુંજે છે: 'આપણે ભારતમાતાને સાચા અર્થમાં સુજલા સફલા બનાવવી છે. એ દશપ્રહરણધારિણી દુર્ગા બનીને અસુરોનો સંહાર કરશે, લક્ષ્મી બનીને જન-જનને સમૃદ્ધિ અર્પશે, અને સરસ્વતી બનીને અજ્ઞાનનું તમસ દૂર કરી જ્ઞાનનો પ્રકાશ ફેલાવશે. જ્યાં સુધી ભારતમાં એકરસતા, કર્મઠતા, સમાનતા, સંપન્નતા, જ્ઞાન, સુખ અને શાંતિની સપ્તજાહ્નવીનો પુણ્ય પ્રવાહ વહેતો નહિ થાય ત્યાં સુધી આપણું તપ પૂર્ણ નહિ થાય. શંકર, બ્રહ્મા અને વિષ્ણુ આપણા સાથી છે. વિજયનો વિશ્વાસ છે, તપસ્યાનો નિશ્ચય કરીને આગળ ધપીએ!'

...પણ કાલિકટમાં ફૂલહારથી સ્વાગત કરનારા સુહૃદ સાથીઓને થોડા જ સમયમાં તેમના મૃતદેહ પર ફૂલ અર્પણ/કરવાં પડશે એની ક્યાં ખબર હતી? દીનદયાળજીના એક પ્રવાસ દરમિયાન એ કરુણાંતિકા સર્જાઈ. લખનૌથી પટણા જવા દીનદયાળ નીકળ્યા ત્યારે લખનૌ રેલવે સ્ટેશને પક્ષના બીજા અગ્રણી પીતાંબરદાસ વિદાય આપવા આવ્યા હતા. પટણા જવાનો કાર્યક્રમ અનાયાસ નક્કી થએલો એટલે મજાકમાં પીતાંબરદાસે શેર સંભળાવ્યો:

> નીકલે થે કહાં જાને કે લિયે
> પહુંચે ભી કહાં માલૂમ નહિ.
> રાહોમેં ભટકતે કદમોં કો
> મંઝિલ કા નિશાં માલૂમ નહિ!

અને દીનદયાળ પટણા ન પહોંચ્યા! લખનૌથી પઠાણકોટ–સિયાલકોટના ડબ્બામાં બેઠા હતા. પ્રથમ વર્ગની બોગી હતી. તેનું શંટિંગ મુગલસરાઈ સ્ટેશને તૂફાન એક્સપ્રેસ સાથે થયું હતું. આ ટ્રેનમાં અંધારી રાતે શું થયું તેની ચોક્કસ વિગતો હજુ પણ રહસ્યના ધુમ્મસમાં ખોવાએલી છે. અગિયારમી ફેબ્રુઆરી, ૧૯૬૮ની રાત્રે સાડાત્રણે મુગલસરાઈ રેલવે સ્ટેશનના યાર્ડમાં એક વીજળીના થાંભલા પાસેથી દીનદયાળજીનો મૃતદેહ મળી આવ્યો. તે વખતે તેમના બંધ હાથમાં પાંચ રૂપિયાની નોટ હતી. હાથ અને પગ મચડી નાખેલા હતા. મસ્તકની પાછળના ભાગમાં ભારે ઘા કરાએલો હતો. સ્વીપરે જ્યારે મૃતદેહ જોયો ત્યારે

લઘુકથા

દરવાજો

'જ્યોત'

શિયાળાની અંધારી રાત હતી. ગામના સરપંચ વાડીએથી ઘેર પાછા ફરી રહ્યા હતા. પાદરમાં આવતાં એકાએક એમની નજર ગામના શિવમંદિર બાજુ ગઈ, અને એમના પગ થંભી ગયા. અંધારામાં વંડી ઠેકીને કોઇ આદમી મંદિરમાં પેસતો એમણે જોયો. હજી તો ગયા વર્ષે જ મંદિરમાંથી કોઈ ભગવાનનાં કમંડળ ને જલાધારી ચોરી ગએલું તે ગામફાળો કરીને માંડ આ વર્ષે નવાં આણ્યાં હતાં. એમણે ઝડપથી નિર્ણય કરી લીધો ને હળવે સાદે અડખેપડખેનાં ઘરમાંથી ચાર-પાંચ જણને જગાડ્યા. એકઠા થઈ સૌ મંદિર ભણી આવ્યા.

બહાર સંચાર થતો સાંભળીને મંદિરમાં પેઠેલો આદમી ગભરાયો ને રઘવાટમાં વંડી ઠેકી સીમ ભણી નાઠો. એને નાસતો જોઈ લોકો પાછળ પડ્યા ને એને પકડી પાડ્યો. 'સાળા, ભગવાનને ય છોડતો નથી...' કહેતા સૌએ એને ઝાલી લીધો ને ધોલધાપટ કરવા માંડી. કોઇએ એના મોઢા પર બૅટરીનો શેરડો પાડ્યો ને સૌ એનો ચહેરો જોઈ થંભી ગયા.

'એલા તું—?!'

'મને મારો મા, બાપલા. હું ચોરી નો કરું. મારા માંદા છોકરા સારુ મેં નારીએળ વધેરવાની બાધા રાખી'તી. પણ ધોળે દીએ મને આ બારણામાં કોણ પેસવા દે?...' અને બાકીના શબ્દો કરગરતા મંગળા હરિજનનાં ડૂસકાંમાં ડૂબી ગયા.

સત્તાવાળાઓને જાણ કરી. સાડા સાત કલાક સુધી દીનદયાળ ઓળખી ન શકાયા. છેવટે મુગલસરાઇનો એક પાનવાળો—જે જનસંઘનો કાર્યકર્તા પણ હતો—તેણે દીનદયાળને ઓળખ્યા.

એ હત્યાએ સમગ્ર દેશને સ્તબ્ધ કરી દીધો. આ લેખકે તત્કાલીન સમાજવિદ્યા ભવનમાં પ્રખર અર્થશાસ્ત્રી શ્રી બી. આર. શિનૉય પાસેથી ક્ષુબ્ધ સ્વરોમાં સાંભળ્યું: 'શું આ ખરેખર વેદભૂમિ છે? તો પછી કાયદો, વ્યવસ્થા અને લોકશાહીનું શું થશે?' અને ગમગીનીથી છવાએલું વાક્ય બોલી ગયા હતા: 'યસ, હી વૉઝ અ માર્વેલસ વિદ્વાન!'

દેશના તમામ ક્ષેત્રોના અગ્રણીઓની આવી જ અભિવ્યક્તિ હતી. પક્ષ અને વિચારસરણી તરીકે સામા છેડાના સામ્યવાદી નેતા હીરેન મુખરજીએ તેમને 'અજાતશત્રુ' કહ્યા, એનાથી મોટી ગુણાંજલિ કઈ હોઈ શકે?

પંડિત દીનદયાળનો આજન્મ રેલપ્રવાસ આમ રેલમાં જ સમાપ્ત થયો. પોલીસ તપાસ પછી ચાલેલા મુકદ્દમામાં કે પછીથી પ્રયોજાએલા ચંદ્રચૂડ તપાસપંચમાં કશું પ્રાપ્ત ન થયું. હા, કોર્ટે એટલું કહ્યું કે સી. બી. આઇ.એ તપાસને આડરસ્તે દોરવાના પ્રયત્નો કર્યા છે. રાજકીય ઘટનાઓમાં આવું ન બને તો જ નવાઈ.

પરંતુ દીનદયાળનું એકાવન વર્ષનું આયુષ્ય જે સાદગી, સહજતા, ચિંતન અને કર્મઠતા પ્રદાન કરી ગયુ તે માનવીય ભૂમિકાનું એક નાનકડું કાવ્ય જ હતું. તેમણે પણ સહસ્રોનો બોજ ઉઠાવ્યો હતો–દાગ હેમરશોલ્ડની પેલી પંક્તિમાં રહેલી વેદનાની જેમ—

What makes loneliness an anguish is not that I have no one to share my burden, but this I have only my own burden to bear!

—મારી વ્યથા એ નથી કે મારે મારો બોજ એકલાએ જ સહન કરવાનો છે, મારી વેદના તો એ છે કે મારી પાસે મારો એકલાનો જ બોજ છે!

સત્યજિત રાય સર્જિત વિજ્ઞાની પાત્ર

અનુવાદક - સુકન્યા ઝવેરી

પ્રો. શંકુ અને મકાઉ

૭મી જૂન

થોડા દિવસથી મારાં મન-મિજાજ ઠેકાણે નહોતાં, પણ આજ સવારના બનાવથી હું ફરી ખુશખુશાલ થઈ ગયો છું.

પહેલાં તો મારો મિજાજ બગડવાનું કારણ નોંધું. કેટલાક દિવસ પહેલાં પ્રો. ગજાનન તરફદાર નામના એક વિજ્ઞાની એકાએક મારે ત્યાં આવી ચડયા. સજ્જન હજારીબાગ જવાના હતા. મારું નામ સાંભળી મારાં પુસ્તકો વાંચ્યાં હશે એટલે મારી સાથે ઓળખાણ કરવા અને મારી લૅબૉરેટરી જોવા આવ્યા હતા. મને મળવા આવનાર તેઓ કંઈ પ્રથમ જ વિજ્ઞાની નહોતા. આમ તો લગભગ બધા દેશના સાયન્ટિસ્ટો ભારત આવતા ત્યારે એક વાર તો મારી લૅબૉરેટરી ચોક્કસ જોઈ જતા. નૉર્વેના એક પ્રાણીશાસ્ત્રી તો લગભગ એક મહિના સુધી અહીં મારી સાથે રહી ગએલા. પણ આ સજ્જન તરફદાર કોઈ જુદી જ તરાહના આદમી લાગ્યા. એમના હાવભાવ પણ વિચિત્ર હતા. એમની કુતૂહલ-વૃત્તિ પણ જબરદ. મારા પ્રયોગો વિષે એ ફેરવીફેરવીને અનેક પ્રશ્નો પૂછતા હતા, અને વાતચીત દરમિયાન પણ એમની ચંચળ નજર જાણે મારી શોધ–ગવેષણાનું બધું જ રહસ્ય પામી લેવા લૅબૉરેટરીમાં ચારે-પાસ ભમતી રહેતી હતી. મૌલિક શોધ વિષે વિજ્ઞાનીઓમાં એક જાતની ચડસાચડસી તો આમેય હોય છે જ. વર્ષો સુધી પ્રયોગો ને મહેનત કરી માથાથી પગ સુધી પરસેવાના રેલા ઉતારી હું કંઈ શોધ કરું અને કોઈ માણસ પ્રશ્નોના જવાબમાં જ મારું બધું રહસ્ય જાણી લેવા મથે એ તો અન્યાય જ કહેવાય ને? છતાં આ તરફદારની એ જ મતલબ લાગતી હતી. મને લાગે છે કે મારા દેખાવ અને મુખભાવ જોઈ તરફદારે મને સીધોસાદો ભલોભોળો માની લીધો હશે. નહિ તો મારી જ શોધ વિષે આમ સીધા સવાલો પૂછવાનું સાહસ એ શી રીતે કરે? અને સવાલ પૂછી બેસે એ તો ઠીક, પણ પાછા એના ઉત્તરની આશા પણ રાખે.

વળી, હું એ વેળા એક અજબ દવા બનાવવાના પ્રયોગો કરી રહ્યો હતો. એ દવા ખાવાથી કોઈ પણ વ્યક્તિ કે પ્રાણી અદૃશ્ય થઈ શકે. જો કે એ સમયે મારી દવા હજી પૂરેપૂરી અસરકારક નહોતી બની. જે ગિનીપિગ પર હું એની અજમાયશ કરતો હતો એ આ દવા આપ્યા પછી બરાબર સત્તર સેકંડ માટે એક સ્વચ્છ ઝાંખો આકાર ધારણ કરતું હતું પણ તદ્દન અદૃશ્ય થતું નહોતું. દવામાં હજી એટલી કસર હતી. હમણાં એ કસર શોધવામાં જ મારું મન પરોવાએલું રહેતું હતું. અને એવા વખતે જ આવ્યા હતા આ તરફદાર મહાશય.

એમના પ્રશ્નબાણનો હુમલો સહેવા માટે તે દિવસે મારે ખાસ્સો ઉદ્યમ કરવો પડયો હતો. અને એમનું કુતૂહલ પણ કેવું બેશરમીભર્યું હતું! નજરે ચડે એ દવાની દરેક બાટલી ઉપાડી લઈ એનું ઢાંકણ ખોલીને એ સૂંઘી ન લે ત્યાં સુધી જાણે એમને જંપ જ વળતો નહોતો. પણ મજાની વાત તો એ હતી કે મારી બનાવેલી લગભગ બધી જ દવા સૂંઘ્યા છતાં એ પ્રોફેસર સાહેબ એને પારખી શકયા નહોતા. એટલે કે એ દવાઓમાં મેં શાનું શાનું મિશ્રણ કર્યું છે એની એમને ગમ પડી હોય એમ લાગ્યું નહિ. હા, દવાની બાટલીઓની જેમ એ મારી નોંધપોથી ઉપર ઝપટ ન મારે એની મેં કાળજી રાખી હતી, કારણ એમાં મારી આ નવી શોધની બધી જ નોંધ તથા દવાની ફૉર્મ્યુલા લખેલી છે. બધો સમય મેં એ નોંધપોથીને મારી પાસે જ દાબી રાખી હતી. પણ અમે વાતો કરતા હતા એ દરમિયાન અચાનક એક રજિસ્ટર્ડ પત્ર આવ્યો. મારો નોકર પ્રહલાદ ઘરમાં નહોતો એટલે મારે જાતે ઊઠીને બહાર જવું પડયું. પાછા ફરતાં જોયું તો તરફદાર મારી નોંધપોથી ખોલી તેમાંનું લખાણ જાણે આખેઆખું ગળી જતા હોય એવા ભાવ સાથે અસ્વા-ભાવિક ઉત્તેજનાપૂર્વક વાંચી રહ્યા હતા.

એ નોંધપોથી એમના હાથમાંથી ઝૂંટવી લેવાની અભદ્રતા તો હું ન કરી શકયો, પણ ન છૂટકે મેં જુઠાણાનો આશ્રય લઈ એમને કહ્યું: 'જુઓ, આ પત્રમાં હમણાં એક બહુ માઠા સમાચાર આવ્યા છે. તમે માઠું ન લગાડશો, પણ આજે હવે હું તમારી સાથે બોલી શકું એવી મનોસ્થિતિમાં નથી.'

તે પછી બીજા બે દિવસ તેઓ ઉપરાઉપરી મારી પાસે આવેલા, પણ મારી લૅબૉરેટરીમાં એ પ્રવેશી શકયા નહિ. એમના આગમનની જાણ થતાં જ લૅબૉરેટરીને તાળું મારી દઇ હું બેઠકખંડમાં જ એમનું સ્વાગત કરતો હતો. પરિણામે ચા પીને પાંચદસ મિનિટ થોડી આડી-અવળી વાતો કરી એ વિદાય થઈ જતા.

ત્યાર બાદ તેઓ કયારે હજારીબાગ પહોંચી ગયા એની તો મને જાણ નથી, પણ ગયા બુધવારે એમનો એક પત્ર આવ્યો. એમાં એમણે જે લખ્યું છે એ મને જરા પણ ગમ્યું નથી. એમણે મારી શોધ વિષે ઈર્ષા દ્વેષથી લખ્યું છે કે તેઓ મારા કાર્યથી જરા પણ પ્રભાવિત થયા નથી, એટલું જ નહિ, પણ તેઓ પોતે જ અદૃશ્ય થવાનો ચમત્કારિક ઉપાય શોધી રહ્યા છે અને એમની એ શોધ મારા પ્રયોગો કરતાં ચડિયાતી છે. થોડા જ દિવસમાં તેઓ પોતાની એ શોધની જાહેરાત કરીને મને ટક્કર મારી મારાથી કયાંય આગળ નીકળી જશે.

પ્રથમ તો એ પત્રમાંની વાતને હસવામાં ઉડાવી દીધી, પણ પછી અચાનક મારા મનમાં એક ખટકો લાગ્યો. તે દિવસે જે બેએક મિનિટ માટે તરફદારને મારી નોંધપોથી જોવાની તક મળી ગઈ ત્યારે એમણે મારી દવાની ફૉર્મ્યુલા તો નહિ જાણી લીધી હોય? અને મારી એ ફૉર્મ્યુલાના જોરે જ તો તેઓ નહિ કૂદતા હોય? મને તો એ સાધારણ સ્તરનો વિજ્ઞાની જ લાગ્યો હતો. બેએક મિનિટમાં મારી શોધનું રહસ્ય પામી જવાની ક્ષમતા એનામાં હોય એમ હું માની જ શકતો નથી. છતાં એમનો પત્ર વાંચ્યા પછી મારો મિજાજ બગડી ગયો હતો. મારું ગોપિત રહસ્ય આ માણસ જાણી ગયો હશે તો એવી શંકાથી હું બેચેન બની ગયો હતો. એવામાં આ આશ્ચર્યકારક બનાવ બન્યો.

આજ સવારે સાડા છ વાગ્યે ઉશ્રીને કિનારે લટાર મારી આવીને રોજની ટેવ પ્રમાણે હું મારા બગીચાનાં ફૂલ-ઝાડ જોવા ગયો હતો. એવામાં પૂર્વ દિશા તરફની વંડી પાસેના ગુલંચ* તરફ નજર પડતાં જ હું થંભી ગયો. સવારના ઊઘડતા ઉજાસમાં એ ઝાડની એક ડાળ ઉપર આંખો આંજી દે એવી રંગભભક મારી નજરે પડી.

નજીક જઈ જોયું તો ત્યાં એક અતિકાય મકાઉ બેઠો હતો. આશ્ચર્યથી દિઙમૂઢ થઈ હું એના દેહવર્ણની રંગભભક જોઈ રહ્યો. મકાઉ એ કાકાકૌવા ને પોપટના જેવું દક્ષિણ અમેરિકાનું એક મોટું પક્ષી છે. મોટું કદ અને એના દેહવર્ણની વિવિધ રંગમિશ્રિત ભભક અદ્વિતીય હોય છે. પ્રકૃતિએ જાણે મેઘધનુષના રંગો લઈને કેફમાં આવી જઈ આ પંખીના દેહ પર એના લપેડા કર્યા હશે! ઘરમાં મકાઉ હોય તો આખું ઘર એના રંગોથી ઝળહળી ઊઠે! પણ મારા બગીચામાં આ પક્ષી કયાંથી આવી ચડયું હશે?

હું આમ વિચારતો જ હતો ત્યાં તો એ ઝાડ પરથી ઊડી આવીને મારા ખભા ઉપર બેસી ગયું. મારું પાળેલું તો એ હતું નહિ, પણ મારી

* તગરના જેવું એક ફૂલઝાડ.

પાસે રહેવામાં એને કંઈ વાંધો હોય એવું લાગતું નહોતું. અને એટલે હું મકાઉને મારા ખભા પર જ રહેવા દઈ ઘરમાં ચાલ્યો આવ્યો. બહુધા હું લગભગ આખો દિવસ લૅબૉરેટરીમાં જ હોઉં છું, એટલે ત્યાં એને મારી નજર સામે રાખવા વિચાર્યું. અને એ માટે વ્યવસ્થા કરી. ત્યાં વિવિધ રસાયણોની તીવ્ર વાસ કદાચ એને ન રુચે એવો મને ભય હતો, પણ મકાઉએ એ અંગે કંઈ વિરોધ દર્શાવ્યો નહિ. મારી બિલાડી ન્યૂટન આ નવા આગંતુક પ્રત્યે એક બે વાર ઘૂરકી, પણ મકાઉ તરફથી ચીડ કે શત્રુતાનું કોઈ લક્ષણ ન દેખાતાં એ ચૂપ થઈ ગઈ. સંભવ છે કે થોડા દિવસોમાં એ બંને વચ્ચે ખાસ્સી દોસ્તી પણ જામી જાય.

સવારે મેં એને થોડા ક્રીમ ક્રૅકર બિસ્કિટ આપ્યાં. એ ખવડાવ્યા પછી મેં તેને યોગ્ય એવા આહારની વ્યવસ્થા કરવા માટે પ્રહ્લાદને સૂચના આપી. પ્રથમ તો પ્રહ્લાદ આવડા મોટા પક્ષીને જોઈ ખમચાયો. પણ થોડી જ વારમાં એની બીક ભાંગી ગઈ. કદાચ એને પણ મારી માફક આ પક્ષી ગમવા લાગી જશે. પછી તો હું લૅબૉરેટરીમાં કામ કરતો રહ્યો ત્યાં સુધી મૂંગે મોંએ મકાઉ મને તાકતો શાંત બેસી રહ્યો.

૧૯મી જૂન

આજ એક અદ્ભુત ઘટના બની. મારી નવી દવાની બાટલી લઇને મેં એની અજમાયશ માટે ગિનીપિગને પાંજરામાંથી બહાર કાઢ્યું. એવામાં કર્કશ અવાજમાં એક સવાલ સંભળાયો. 'શું કરો છો?'

અચાનક આવો પ્રશ્ન સાંભળી હું ચમકી ગયો. પ્રશ્નકર્તાને જોવા મેં ચોપાસ નજર ફેરવી. મારા સિવાય બીજી કોઈ વ્યક્તિ લૅબૉરેટરીમાં નહોતી. હા, મકાઉ હતો. મારી નજર એના તરફ વળી ત્યાં જ ફરી એ પ્રશ્ન પુછાયો: 'શું કરો છો?'

ઓત્તારી! આ તો મકાઉ પૂછે છે? તો એ બોલી પણ શકે છે. આશ્ચર્યથી હું અવાક્ થઈ ગયો. મકાઉ બોલી શકે એ તો મને ખબર હતી, પણ આટલું સ્પષ્ટ?! ટગરટગર હું એની સામે તાકી જ રહ્યો ત્યાં તો ફરી એનાં મોંમાંથી અવાજ નીકળ્યો. ખડખડ હસવા સિવાય એ બીજું કશું જ હોઈ ન શકે.

હાથમાંની બાટલી મારા હાથમાં જ રહી ગઈ. ફરી એના હોઠ—એટલે કે ચાંચ હલી. 'એ શું છે? એ શું છે?'

હં! તો આ મકાઉ મહાશય જાણવા માગતો હતો કે એ બાટલીમાં શું હતું અને હું શું કરી રહ્યો છું. હવે હસવાનો વારો મારો હતો.

મને હસતો જોઈ એ ગંભીર બની ગયો. પછી પોતાનો અવાજ જરા વધુ કર્કશ બનાવી એ બોલ્યો: 'એમાં હસવાનું શું? હસવાનું શું?'

મને થયું હવે આ મહાશયને નારાજ કરવો ઠીક નહિ. મેં કહ્યું: 'એમાં એક દવા છે. એ પીવાથી આ ગિનીપિગ અદૃશ્ય થઈ જશે.'

'એમ કે? એમ કે?'

'હા, હમણાં પીવડાવીશ તો પાંચેક કલાક સુધી એ અદૃશ્ય બની જશે. અને આ દવાના ડોઝમાં ફેરફાર કરું તો વધુ—ઓછા સમય માટે એ દેખાતું બંધ થઈ જાય.'

મકાઉ થોડી વાર ચૂપ રહ્યો. પછી એક અવાજ કર્યો. બરાબર ગંભીર માણસના ગળામાંથી નીકળતા 'હં' જેવો

એ પછી ફરી સવાલ આવ્યો: 'કઈ દવા? કઈ દવા?'

મેં હસવું રોકી જવાબ આપ્યો, 'હજી મેં એને નામ આપ્યું નથી. પણ એમાં શું શું ભેળવ્યું છે એ કહું. આમાં એક્સટ્રૅક્ટ ઑવ ગરગ્નાસ, પેરાનોયામ પોટેન્ટેટ, સૅાડિયમ બાઈ કાર્બોનેટ, દરજીડાનું ઇંડું, ગંધભદ્રાનો રસ, ટિંક્ચર આયોડાઈન વગેરે.

મકાઉ શાંત થઈ બેસી રહ્યો. એકીટશે એ લૅબૉરેટરીની ભોંય ભણી તાકી રહ્યો હતો. હવે મેં એને સવાલ પૂછ્યો: 'તું તો અજબ રીતે બોલે છે. ક્યાંથી શીખ્યો?' પણ મકાઉ નિરુત્તર બેસી રહ્યો. મેં ફરી પૂછ્યું. અને મને લાગ્યું કે ઉત્તર આપવા એણે પોતાનું મોં પણ ખોલ્યું, પણ એણે ઉત્તર આપ્યો નહિ. આમ રઝળતું આવેલું આ પરદેશી પક્ષી મારી ભાષામાં વાતો કરી શકે એ માની શકાય એવું જ નથી. એની આ ક્ષમતા વધારેપડતી લાગે છે.

૨૨મી જૂન

સાંજનું ભોજન પતાવી સૂતાં પહેલાં લૅબૉરેટરીને તાળું મારવા હું એ તરફ જતો હતો ત્યાં અંદર મને કંઈ બડબડાટ થતો સંભળાયો મેં એક તરફ છુપાઇને કાન માંડયા. 'એક્સટ્રૅક્ટ ઑવ ગરગ્નાસ, પેરાનોયમ પોટેન્ટેટ, સોડિયમ બાય કાર્બોનેટ, દરજીડાનું ઇંડું, ગંધભદ્રાનો રસ, ટિંક્ચર આયોડાઈન...' વારંવાર આ નામો સંભળાતાં રહ્યાં. જાણે કે કોઈ એ ગોખી રહ્યું હતું. મકાઉનો જ અવાજ હતો. ખોંખારો ખાઈ હું લૅબૉરેટરીમાં પ્રવેશ્યો ને બોલ્યો: 'ગુડ નાઈટ'.

મને એકાએક આવી ચડેલો જોઈ એ ચૂપ થઈ ગયો ને મારી સામે તાકી રહ્યો. પછી બોલ્યો: 'બુયેના નોચે.' મતલબ કે ગુડ નાઈટ. સ્પૅનિશ ભાષાના આ શબ્દો. હવે કોઈ શક ન રહ્યો. એનું જન્મસ્થાન દક્ષિણ અમેરિકામાં જ હતું. લૅબૉરેટરીને તાળું મારતાંમારતાં મેં ફરી એની ગોખણપટ્ટી ચાલુ થઈ જતી સાંભળી. મકાઉની આ આશ્ચર્યભરી વાક્શક્તિ અને સ્મરણશક્તિનો વિચાર કરતો કરતો હું ઉપર ચાલ્યો આવ્યો.

૨૪મી જૂન

આજ આખો દિવસ હું બેચેન રહ્યો. મારો પ્રિય મકાઉ અલોપ થઈ ગયો છે. એટલે કે મેં એના પર મારી દવા અજમાવી નથી, પણ એ પોતે જ અહીંથી ક્યાંક ચાલ્યો ગયો છે. એના અચાનક આગમન જેવું જ એનું આ ગમન રહસ્યમય છે.

સવારના પહોરમાં મેં લૅબૉરેટરીનાં બારણાં ખોલી જોયું તો બારી પાસે એને હીંચકવા માટે લટકાવેલી દાંડી ખાલી હતી. સામાન્યતઃ એ ત્યાં બેસીને ઝૂલા ખાતો રહેતો. મને એના પર એટલો તો વિશ્વાસ હતો કે તેને સાંકળીથી બાંધી નહોતો રાખતો.

મને બરાબર યાદ છે કે મેં જાતે લૅબૉરેટરીની બારી વાસી હતી અને અત્યારે એ બારી ખુલ્લી હતી! સળિયાની વચ્ચેથી કોશિશ કરીને બહાર નીકળી જવું એ પક્ષીને માટે અસંભવ નથી, પણ બારીની સ્ટૉપર કોણે ખોલી હશે? તો શું મકાઉએ પોતે એ પરાક્રમ કર્યું હશે? પણ આ તો પાળેલું પક્ષી. ખોરાક અને જતનની કોઈ કમી નહોતી; છતાં એ કેમ નાસી ગયો હશે?

બારી પાસે નીચે એનું એક લાલ ચટક પીછું હતું. બેચેન દિલે મેં એ ઉપાડી લઇને સાચવીને મૂકી દીધું. લૅબૉરેટરી બંધ કરી હું ઉપરના માળે મારા બેડરૂમમાં ચાલ્યો આવ્યો ને ઉદાસ મને ત્યાં જ બેસી રહ્યો.

સાંજે પડોશમાંથી અવિનાશ બાબુ આવ્યા. ચા પીતાંપીતાં એમણે પોતાનો અસ્ખલિત વાર્તાલાપ ચાલુ કર્યો. પણ આજે મને તેમાં જરા ય રસ નહોતો. વચ્ચે તો એવો યે વિચાર આવી ગયો કે એમને ચાનો એક બીજો કપ ઑફર કરી તેમાં કંઈ ભેળવી દઈ એમને થોડા સમય માટે ઊંઘાડી જ દઉં. પણ પછી એની જરૂર ન રહી. મારો મૂડ ઠેકાણે નથી એમ સમજાઈ જતાં એ પોતાની મેળે જ વિદાય થઈ ગયા.

મકાઉના રહસ્યનું સમાધાન થયું નહિ એટલા માટે જ નહિ, પણ મને ખરેખર તેના પર માયા બંધાઈ ગઈ છે. મારી બેચેનીનું કારણ પણ એ જ છે. હવે કાલથી વળી કોઈ નવી શોધમાં લાગી જવું છે. મને ખબર છે કે એ કાર્ય જ મને મારા મિત્રવિયોગનું દુઃખ ભૂલવામાં મદદરૂપ થશે.

૨૧મી જુલાઈ

આજની ઘટના જેવી રોમાંચકારી છે એવી જ અવિશ્વનીય છે. કેટલાક વિજ્ઞાનીઓના જીવનમાં આવી ચિત્તાકર્ષક ઘટના બનતી હશે એ જાણવાની ઈચ્છા થાય છે. હમણાં હમણાં વરસાદ પડ્યો હોવાથી

હવામાં જરા ઠંડક આવી ગઈ છે. હુગ્લીનો કિનારો સવારે અત્યંત આહ્લાદક લાગતો હતો. કદાચ એટલે જ આજે મેં જરા વધારે સમય ફરવામાં ગાળ્યો હતો. ઘેર પાછો ફર્યો ત્યારે સાતેક વાગ્યા હતા. પ્રહ્લાદને આવવાને હજી વાર હતી. તેથી ઘર નજીક પહોંચતાં ઝાંપો ખુલ્લો જોઈ મારા મનમાં, કોણ જાણે કેમ કંઈક ખટકો લાગ્યો.

ઝડપથી અંદર જઈ જોયું તો બારણાનું તાળું પણ સ્વાભાવિક રીતે ખોલેલું ન લાગ્યું. કોઈ વૈજ્ઞાનિક રીતે ઉષ્ણતાની મદદથી એ ખોલાયું લાગતું હતું. મારી છાતી ધડકી ઊઠી. દોડીને ઘરમાં પ્રવેશતાં જ ન્યૂટન પર નજર પડી. એક ખૂણામાં શાહુડીનાં પીછાં જેમ એનાં રુંવાંટાં ખડાં કરી એ ભયભીત ઊભી હતી. ન્યૂટનને મેં આટલી ગભરાઈ ગએલી અગાઉ કદી જોઈ નહોતી.

એવામાં મારી લૅબોરેટરીમાંથી કંઈ અવાજો સંભળાયા. જાણે કોઈ ત્યાં મારી ચીજવસ્તુઓ આઘીપાછી કરી રહ્યું હતું. અધ્ધર શ્વાસે હું ત્યાં દોડી ગયો. ત્યાં તો મારો બધો સરંજામ વેરવિખેર પડ્યો હતો. પુસ્તકો બધાં ચૂંથાએલાં ભોંય પર પડ્યાં હતાં. ફૂટેલા બાટલાઓમાંથી રસાયણોના રેલા ચાલ્યા હતા. એવામાં અચાનક મેં જોયું કે મારી નોંધપોથીઓનો એક થોકડો હવામાં તરતો બારી ભણી જઈ રહ્યો હતો. બારીના સળિયા પણ ગરમી આપીને કાઢી નંખાયા હતા. પળ બેપળ તો હું બાઘો બની જોઈ રહ્યો. પછી ભાન આવતાં જ કૂદકો મારી હું બારી પાસે પહોંચી ગયો ને નોંધપોથીઓ પર ઝાપટ મારી.

પછી તો કોઈ અદૃશ્ય વ્યક્તિ સાથે મારે ઝપાઝપી જ કરવી પડી. એ ચોર અદૃશ્ય હતો, પણ જુવાનીની તાકાત તેનામાં હોય એવું લાગતું નહોતું. છતાં એ અદૃશ્ય હોવાને કારણે એની સામે ઝઝૂમવામાં મને મુશ્કેલી પડતી હતી. પણ એમ કંઇ હું એને જવા દઉં તેમ નહોતો. નોંધપોથીઓ તો મારી જીવનભરની મહેનત જ નહિ, મારા શ્વાસ-પ્રાણ સમી હતી. શરીરની સમસ્ત શક્તિ એકઠી કરી મેં એની સાથે લાફાલાફી, ગુંબાગુંબી ને લાતાલાત કરી મારી નોંધપોથીઓ તો મેં પાછી હાથ કરી જ લીધી. પણ પછી એ વ્યક્તિ બારી બહાર કૂદી પડી હોય એવું લાગ્યું. હું પણ બારી પાસે દોડી ગયો. બહાર બગીચાના ઘાસ ઉપર પગલાંની છાપ વંડી તરફ આગળ વધતી દેખાઈ રહી હતી.

એકાએક એક પરિચિત કર્કશ અવાજ અને પછી તુરત પાંખોનો ફડફડાટ સાંભળ્યો. પૂર્વ તરફની દીવાલ પર ચડી એ અદૃશ્ય વ્યક્તિ વંડી ઠેકવા કોશિશ કરતી લાગી, કારણ દીવાલની ફાટમાં ઊગી નીકળેલા પીપળાની ડાળ મારી નજર સામે કોઈ વજનથી ભાંગી પડી. પણ ત્યાં જ કોઈ માણસની ચીસ સંભળાઈ. અવાજ જાણીતો હતો. એ જ, દિવસો પહેલાં પોતાના વર્તાવથી મને ત્રાસ આપી ગએલા પેલા પ્રોફેસર ગજાનન તરફદારની જ એ ચીસ હતી. અદૃશ્ય મકાઉએ અદૃશ્ય પ્રોફેસર પર હુમલો કર્યો હતો.

વંડીની દીવાલ પરથી લોહીની ધાર વહેતી દેખાઇ. અને બીજી જ ક્ષણે વંડીની પેલી તરફ એક ધબાકો સંભળાયો. સ્વાભાવિક જ મારો હાથ છાતી પર મુકાઈ ગયો. અંદર હૃદયના ધબકારા ધમધમી રહ્યા હતા.

એટલામાં મારા માથા ઉપર એક ઠનકારો સંભળાયો. માથું ઊંચકી નજર કરી તો મકાઉના હીંચકાની દાંડી આમતેમ ઝૂલી રહી હતી. તો મકાઉ મહાશય પાછા આવી ગયા લાગતા હતા! પણ યે અદૃશ્ય હતા!

‘બુયેનો દીઆ! બુયેનો દીઆ!’

‘ગુડ મૉર્નિંગ!’ મેં અંગ્રેજીમાં જવાબ આપ્યો.

‘પાછો આવી ગયો છું. પાછો આવી ગયો છું.’

‘એ તો દેખાય છે, ભૂલ થઈ—સંભળાય છે.’

‘ચોર, ચોર! બદમાશ, બદમાશ.’

‘કોણ બદમાશ?’

‘તરફદાર.’

‘એ બદમાશ છે એ તેં શી રીતે જાણ્યું?’

અને પછી મકાઉએ પોતાની રીતે જે વાત કરી તેમાંથી અદ્ભુત કહાણી પ્રકટ થઈ. એકાદ વર્ષ પહેલાં તરફદાર બ્રાઝિલ ગયા હતા. ત્યાં એક સરકસમાંથી તેઓ આ મકાઉને લઈ આવ્યા હતા, અલબત્ત ચોરીને જ. સત્તર પરદેશી ભાષા જાણતો અને અલૌકિક સ્મૃતિસંપત્તિસંપન્ન આ મકાઉને લઇને એક જાદુગર એ સરકસમાં અનેક ખેલ કરી બતાવતો, એટલે તેની બુદ્ધિ કે વાક્શક્તિની બાબતમાં તરફદારની પોતાની કોઈ કુશળતા નહોતી. હા, મકાઉ બંગાળી ભાષા તરફદાર પાસેથી શીખેલો.

તરફદાર જ મકાઉને મારા ગુલંચીના ઝાડ પર મૂકી ગયો હતો, જેથી એ મારી જોડે હળીભળી મારી પાસે રહે અને મારી ફૉર્મ્યુલા શીખી લઈ પાછો એની પાસે જઈ એને બતાવી દે.

આવી ચાલાકી કરી, મારી ફૉર્મ્યુલા લઈ એણે દસ કલાક અદૃશ્ય બનાવી શકે એવું મિક્સ્ચર એણે બનાવ્યું અને પછી એણે પોતે અદૃશ્ય બની મારી લૅબોરેટરીમાંથી મારી બીજી શોધોની નોંધપોથીઓ તફડાવવાની યોજના કરી.

દરમિયાન તરફદારના હાવભાવ ને વર્તાવ પરથી મકાઉ સમજી ગયો કે હવે એ કદાચ પોતાને પણ મારી નાખવાની પેરવીમાં છે, કારણ એને ડર હતો કે કદાચ ભવિષ્યમાં મકાઉ એની આ ચોરી વિષે ક્યાંક કંઈ બોલી દે. એટલે મકાઉએ જ્યારે તરફદારને કબાટમાંથી બંદૂક કાઢતો જોયો કે તુરત ઊડીને પેલા મિક્સ્ચરની બાટલી આડી પાડી તેમાંની દવા ચૂસી ગયો. પરિણામે એ પણ દેખાતો બંધ થઈ ગયો! પછી તો તરફદારે એને મારવા આડેધડ ગોળીઓ છોડી, પણ મકાઉ બચી ગયો. અંતે એ સમયે એની પાછળ વધુ સમય ન ગુમાવતાં તરફદાર અદૃશ્ય સ્થિતિમાં જ પોતાની મોટરમાં હજારીબાગથી ગિરિડી આવ્યો. પણ એને ખબર નહોતી કે અદૃશ્ય મકાઉ પણ મોટરમાં એની સાથે જ હતો.

ગિરિડી આવી દૂર પોતાની મોટર રાખીને એ મારા ઘર પાસે જ બેસી રહ્યો હતો. સવારે જેવો હું ફરવા માટે બહાર ગયો કે એણે તાળું તોડી અંદર પ્રવેશ કર્યો, અને કદાચ જરૂર પડ્યે ઓચિંતા નાસવું પડે તો એ માટે લૅબોરેટરીની બારીના સળિયા પણ કાઢી નાખ્યા હતા.

‘એ અંદર આવ્યો ત્યારે તું ક્યાં હતો?’

‘બહાર, બગીચામાં એક ઝાડ ઉપર.’ ‘પછી?’

‘બારીમાંથી એ બહાર કૂદ્યો અને એનાં પગલાંની છાપ વંડીની દીવાલ પાસે પહોંચી કે હું એના પર તૂટી પડ્યો. વંડીની દીવાલ ઠેકતી વખતે એ મને કંઈ કરી શકે એમ નહોતો. બચકાં ભરી મેં એને બરાબર સજા કરી છે. કદાચ એની આંખબાંખ પણ ફૂટી હશે. ચોર! બદમાશ!’

‘અને હું?’

‘સારા, ભલા માણસ. હવે હું અહીં જ રહીશ.’

‘ભલે, રહેજે. પણ બીજા કોઈ વિજ્ઞાની જોડે પણ તારે દોસ્તી નથી ને? મારી ફૉર્મ્યુલા કોઈ બીજાને કહીશ તો નહિ ને?’

અને મને તેના હસવાનો અવાજ સંભળાયો.

‘વારુ, તેં દવા કેટલા વાગ્યે પીધી હતી!’ ‘રાતે દસ વાગ્યે.’

‘અત્યારે આઠ તો વાગી ગયા છે. દસ કલાક તો પૂરા થઈ ગયા.’

‘બરાબર છે.’ અને ફરી એ હસવા લાગ્યો. એના એ હાસ્ય સાથે મારી લૅબોરેટરી ધીમેધીમે ઝળહળવા લાગી. સૂર્યના પ્રકાશથી નહિ, મકાઉનાં રંગબેરંગી પીછાંની ભભકથી. પળ બે પળ પછી તો લૅબોરેટરી એના દેહવર્ણથી શોભી ઊઠી. પીંખાઈ ગએલી મારી નોંધપોથીઓને સરખી કરતો હું ખુરશીમાંથી ઊઠ્યો. નજીક જઈને મેં મકાઉને માથે હાથ ફેરવી કહ્યું, ‘થૅંક્યૂ.’

અને એણે પણ ઉત્તર વાળ્યો: ‘ગ્રાસિયા! ગ્રાસિયા!’ □

સૌર-ઊર્જા ઉપગ્રહ

માનવ-સેવામાં કૃત્રિમ ઉપગ્રહ-(૫)


લેખક : ડૉ. પરંતપ પાઠક

દુનિયાની સમગ્ર વસ્તી માટે ઊર્જા-સમસ્યા ગંભીર બનતી જાય છે. *પેટ્રોલ, કુદરતી તેલ અને ગૅસ જેવાં ખનિજ બળતણનો* જથ્થો મર્યાદિત છે એટલે વધતી જતી વસ્તી ને ઝડપી ઔદ્યોગીકરણને પહોંચી વળવા ભવિષ્ય માટે અન્ય પ્રકારના બળતણની વ્યવસ્થા કરવી ખાસ જરૂરી બની છે. આજે દુનિયાના ઘણા દેશોમાં સૂર્ય-શક્તિનો વ્યાવહારિક ઉપયોગ કરવા માટે ઘણું સંશોધન-કાર્ય થઈ રહ્યું છે અને નાના પાયા ઉપર સૂર્ય-શક્તિનો ઉપયોગ કરવા માટે કેટલાંક સાધનો પણ વિકસાવવામાં આવ્યાં છે. ઉપર્યુક્ત ખનિજ બળતણની સરખામણીમાં સૂર્ય-શક્તિનો વિશિષ્ટ લાભ એ છે કે એના વડે ચાલતા ઊર્જા-યંત્ર દ્વારા પ્રદૂષણરહિત ઊર્જા મેળવી શકાય છે. વળી, સૂર્ય-શક્તિનો જથ્થો અમર્યાદિત હોવાથી ભવિષ્યમાં એ ખૂટી જવાની પણ કોઈ શક્યતા નથી. પરંતુ, પૃથ્વી ઉપર રહીને સૂર્ય-શક્તિનો ઉપયોગ કરવામાં કેટલીક મર્યાદાઓ નડે છે. જેમ કે વાદળાં, ધુમ્મસ, ધુમાડો, ધૂળ વગેરેના લીધે શોષણ થવાથી પૃથ્વી ઉપર પડતી સૂર્ય-શક્તિનું પ્રમાણ ઘટી જાય છે. બીજું પૃથ્વી ઉપર બધી જગ્યાએ એક સરખા પ્રમાણમાં સૂર્ય-શક્તિ નથી મળતી. વળી, ચોવીસે કલાક પણ એકસરખી સૂર્ય-શક્તિ નથી મળતી અને રાત્રિ દરમિયાન તો બિલકુલ નથી મળતી. આ બધાં કારણોને લીધે પૃથ્વી ઉપર સૂર્ય-શક્તિ દ્વારા મેળવેલી ઊર્જાનો સંગ્રહ કરવાનું અનિવાર્ય બને છે, જે વ્યાવહારિક રીતે ઘણું મુશ્કેલ છે.

કૃત્રિમ ઉપગ્રહના ઉપયોગ વડે ઉપર્યુક્ત મર્યાદાઓ મહદ્ અંશે દૂર કરી શકાય છે. પૃથ્વીની નજીકની વર્તુળાકાર ભ્રમણકક્ષામાં ઘૂમતા ઉપગ્રહને તેના ભ્રમણકાળના અર્ધા સમય માટે જ સૂર્ય-શક્તિ મળે છે, પરંતુ પૃથ્વીની સપાટીથી ૩૬,૦૦૦ કિ. મી. ઊંચાઈ ઉપર વિષુવવૃત્તીય ભૂ સમક્રમિક ભ્રમણકક્ષામાં મૂકેલી 'ભૂ સ્થાયી' ઉપગ્રહને એવી કોઈ મર્યાદા નડતી નથી અને સતત ચોવીસ કલાક એકસરખા પ્રમાણમાં સૂર્ય શક્તિ મળે છે.* વળી, બીજો અગત્યનો લાભ એ પણ છે કે પૃથ્વીની સપાટી ઉપર મળતી સૂર્ય-શક્તિ કરતાં 'ભૂ સ્થાયી' ભ્રમણકક્ષામાં લગભગ ૪ થી ૧૧ ગણી માત્રામાં વધારે સૂર્ય-શક્તિ મળે છે. આ ઉપરાંત, અવકાશમાં કાર્ય કરતા કૃત્રિમ ઉપગ્રહના કેટલાક બીજા પણ વિશિષ્ટ લાભ છે, જે વિષે આગળ જોઈશું.

આજથી લગભગ દસ વર્ષ પહેલાં અમેરિકન વૈજ્ઞાનિક પીટર ગ્લેસરે ભૂ-સમક્રમિક ભ્રમણકક્ષામાં મૂકેલા કૃત્રિમ ઉપગ્રહ વડે સૂર્ય-શક્તિનો ઉપયોગ કરીને પૃથ્વી ઉપર વિદ્યુત-શક્તિ મેળવવા વિષે એક અભ્યાસપૂર્ણ લેખ લખ્યો હતો. આ પ્રકારના સૌર-ઊર્જા ઉપગ્રહની કાર્યપદ્ધતિ વિષે હવે માહિતી મેળવીએ.

ભૂ-સમક્રમિક ભ્રમણકક્ષામાં મૂકેલા કૃત્રિમ ઉપગ્રહ દ્વારા સૂર્ય શક્તિનો ઉપયોગ કરવા માટે જુદાજુદા વિકલ્પો વિચારવામાં આવ્યા છે. ભૂ-




△ પૃથ્વીથી ૩૬,૦૦૦ કિલોમીટરની ઊંચાઈ ઉપર ભૂ-સમક્રમિક ભ્રમણ-કક્ષામાં મૂકેલા ઉપગ્રહ દ્વારા સૂર્ય-શક્તિના ઉપયોગથી પૃથ્વી ઉપર અખૂટ અને પ્રદૂષણ રહિત વિદ્યુત-શક્તિ મેળવવાની એક અત્યંત મહત્ત્વાકાંક્ષી યોજનાનું કલ્પનાચિત્ર.

સમક્રમિક ભ્રમણકક્ષામાં ચોવીસે કલાક સૂર્ય-શક્તિ મળે છે એટલે ઉપગ્રહ ઉપર વિશાળ પરાવર્તક અરીસા મૂકીને તે દ્વારા પૃથ્વી ઉપર કોઈ સ્થળે સૂર્ય-શક્તિ કેન્દ્રિત કરવાથી ચોવીસે કલાક સૂર્ય-શક્તિ મળી શકે અને એ રીતે સૂર્ય-શક્તિ દ્વારા મેળવેલી ઊર્જાનો સંગ્રહ કરવાનું ટાળી શકાય. આ પદ્ધતિમાં ઘણી મુશ્કેલીઓ રહેલી છે. એક તો, પૃથ્વી ઉપર પૂરતા પ્રમાણમાં સૂર્ય-શક્તિ મેળવવા માટે ઉપગ્રહ ઉપર ઘણા વિશાળ કદના પરાવર્તક અરીસા મૂકવા પડે. બીજું, પૃથ્વીના વાતાવરણમાં ધુમ્મસ, વાદળાં, ધૂળ વગેરેના લીધે શોષણ થવાથી ઉપગ્રહ દ્વારા પરાવર્તિત થઇને પૃથ્વી ઉપર મળતી સૂર્ય શક્તિમાં ઘટાડો થાય. આ ઉપરાંત, સૌથી અગત્યનો મુદ્દો એ છે કે આ રીતે પૃથ્વીના કોઈ વિશાળ ભાગ ઉપર જ્યાં ઉપગ્રહ વડે પરાવર્તિત થતો સૂર્યનો પ્રકાશ સતત ચોવીસે કલાક પડતો હોય, ત્યાં રાત્રિ-દિવસનું અસ્તિત્વ ન રહેવાથી તે પ્રદેશના પર્યાવરણ Ecology ઉપર ગંભીર અસર પડે. આ બધાં કારણોને ધ્યાનમાં લેતાં આ પદ્ધતિ વ્યાવહારિક લાગતી નથી.

આ ઉપરાંત, બીજા બે વિકલ્પો પણ વિચારવામાં આવ્યા છે, જેમાં અવકાશમાં ઉપગ્રહ ઉપર જ સૂર્યની ગરમી વડે ચાલતાં એન્જિન દ્વારા અથવા સિલીકોન સૌર-કોષના ઉપયોગ દ્વારા વિદ્યુત-શક્તિ ઉત્પન્ન કરવાની યોજનાનો સમાવેશ થાય છે. આ બંને વિકલ્પોમાંથી સૌર-કોષ દ્વારા વિદ્યુત-શક્તિ ઉત્પન્ન કરવાનો વિકલ્પ પસંદ કરવામાં આવ્યો છે, કારણ કે એ પદ્ધતિ અનુભવસિદ્ધ છે. આપણે જાણીએ છીએ કે મોટા ભાગના કૃત્રિમ ઉપગ્રહ માટે જરૂરી વિદ્યુત-શક્તિ મેળવવા માટે સૌર-કોષનો ઉપયોગ ઘણાં વર્ષોથી કરવામાં આવે છે.

કૃત્રિમ ઉપગ્રહ ઉપર સૌર-કોષ દ્વારા ઉત્પન્ન કરેલી વિદ્યુત-શક્તિ પૃથ્વી ઉપર મેળવવા માટે નીચેની બે પદ્ધતિઓ સુચવવામાં આવી છે : (૧) વિદ્યુત-શક્તિનું સૂક્ષ્મ તરંગ (Microwaves)માં રૂપાંતર કરીને મોટા પરવલયાકાર એન્ટીના વડે તે સૂક્ષ્મ-તરંગ વિકિરણ પૃથ્વી તરફ પ્રસારિત

* અલબત્ત, ભૂ-સ્થાયી વિષુવવૃત્તીય ભ્રમણકક્ષામાં પણ સંપાત-કાળ (Equinox) દરમિયાન જ્યારે વિષુવવૃત્ત ઉપર સૂર્યનાં કિરણો સીધાં પડતાં હોય છે ત્યારે પૃથ્વીની છાયામાં આવવાથી ઉપગ્રહને દરરોજ મધ્યરાત્રિએ લગભગ ૭૨ મિનિટ સુધી સૂર્ય-શક્તિ બિલકુલ નથી મળતી. જો કે આખા વર્ષમાં ઉપગ્રહને મળતી સૂર્ય-શક્તિમાં આ રીતે ફક્ત ૧ ટકા જેટલો જ ઘટાડો થાય છે.



△ અસંખ્ય સૌરકોષો ધરાવતી ૧૨,૦૦૦ ટન જેટલી વજનદાર અને લગભગ ૬×૫ કિલોમીટર જેટલા રાક્ષસીકદની પેનલોવાળો સૌર ઊર્જા ઉપગ્રહ સૂર્યપ્રકાશમાંથી પ્રાપ્ત કરેલી વિદ્યુતશક્તિનું સૂક્ષ્મતરંગ વિકિરણમાં પલટાવીને લગભગ ૧ કિ. મી. વ્યાસના વિશાળ પરવલયાકાર એન્ટીના દ્વારા પૃથ્વી પર મોકલે અને પૃથ્વી પર ૧૦ કિ. મી. વ્યાસવાળા વિશાળ એન્ટીના દ્વારા એને ઝીલીને તેનું પુનઃ વિદ્યુતશક્તિમાં રૂપાંતર કરે એવી જે સૌરઊર્જા ઉપગ્રહની યોજના છે તેને અહીં સરળ રીતે બતાવી છે.

કરવું. પૃથ્વી ઉપર વિશાળ એન્ટીના વડે એ સૂક્ષ્મ-તરંગ વિકિરણ ગ્રહણ કરીને તેનું વિદ્યુત-શક્તિમાં પુનઃ રૂપાંતર કરવું. (૨) વિદ્યુત-શક્તિનું લેઝર કિરણોમાં રૂપાંતર કરવું અને એ લેઝર-કિરણો પૃથ્વી ઉપર ગ્રહણ કરીને તેનું વિદ્યુત-શક્તિમાં પુનઃ રૂપાંતર કરવું.

ઉપરની બંને પદ્ધતિઓમાંથી એકની પસંદગી કરવા માટે નીચેના અગત્યના મુદ્દાઓ ધ્યાનમાં લેવામાં આવ્યા છે: (૧) વિદ્યુત-શક્તિ→લેઝર કિરણો અથવા સૂક્ષ્મ-તરંગ→વિદ્યુત-શક્તિ—આ જાતનાં બેવડાં રૂપાંતર કરવાની કાર્યક્ષમતા (૨) લેઝર-કિરણો અથવા સૂક્ષ્મ-તરંગ વિકિરણનું પૃથ્વીના અયનાવરણ અને અથવા વાતાવરણમાં શોષણ અને છૂટવું (૩) કોઈ કારણસર ઉપગ્રહનું દિશા-નિયંત્રણ તંત્ર બરાબર કાર્ય ન કરે અને તેથી લેઝર કિરણો અથવા સૂક્ષ્મ-તરંગ વિકિરણનું નિર્ધારિત દિશામાં પ્રસારણ ન થઈ શકે તો તેવી પરિસ્થિતિમાં પૃથ્વી પરની માનવવસ્તી માટે યોગ્ય રક્ષણ અને સલામતી. આ બધા મુદ્દા ધ્યાનમાં લેતાં સૂક્ષ્મ-તરંગ પ્રસારણનો વિકલ્પ પસંદ કરવામાં આવ્યો છે. આ જાતના તંત્રની પ્રાયોગિક રીતે ચકાસણી પણ કરવામાં આવી છે અને તેમાં લગભગ ૮૦ થી ૯૦ ટકા જેટલી કાર્યક્ષમતા મેળવી શકાઈ છે.

પૃથ્વી ઉપર ૫૦૦૦ મૅગાવૉટ વિદ્યુત-શક્તિ મેળવી શકાય એ પ્રકારની ક્ષમતા ધરાવતા સૌર ઊર્જા-ઉપગ્રહનાં જુદાં જુદાં ઉપતંત્રો વિષેના જરૂરી આંકડા તથા અન્ય વિગતો તૈયાર કરવામાં આવી છે, જે વિષે હવે માહિતી મેળવીએ. આ પ્રકારના ઉપગ્રહમાં વિદ્યુત-શક્તિ ઉત્પન્ન કરવા માટે અસંખ્ય સૌર કોષ ધરાવતી બે રાક્ષસી કદની વિશાળ પેનલ રાખવામાં આવશે, જેની મદદથી ઉપગ્રહ ઉપર કુલ ૬૩૦૦ મૅગાવૉટ વિદ્યુત શક્તિ ઉત્પન્ન થશે. આ બંને પેનલનાં માપ ૬ કિ. મી. × ૫ કિ. મી. હશે. જ્યારે બંને પેનલનું કુલ વજન લગભગ ૧૨,૦૦૦ ટન જેટલું થશે.

આ વિદ્યુત-શક્તિનું સૂક્ષ્મ-તરંગ વિકિરણમાં રૂપાંતર કરવામાં આવશે અને ઉપગ્રહના ૧ કિ. મી. વ્યાસના મોટા પરવલયાકાર એન્ટીના વડે એ સૂક્ષ્મ-તરંગ વિકિરણ પૃથ્વી તરફ પ્રસારિત કરવામાં આવશે. પૃથ્વી ઉપરની તંત્ર-રચનામાં ૧૦ કિ. મી. વ્યાસના વિશાળ એન્ટીના વડે એ સૂક્ષ્મ-તરંગ ગ્રહણ કરીને તેનું વિદ્યુત-શક્તિમાં પુનઃ રૂપાંતર કરવામાં આવશે અને એ પછી તારનાં દોરડાં દ્વારા એ વિદ્યુત-શક્તિની વહેંચણી કરવામાં આવશે.

સૌર-કોષની બંને પેનલને સતત સૂર્યની દિશામાં રાખવા માટે, ઉપગ્રહના સૂક્ષ્મ-તરંગ એન્ટીનાને પૃથ્વી પરના એન્ટીનાની દિશામાં રાખવા માટે તથા ભૂ ભૌતિક પરિબળોની અસર સામે ઉપગ્રહને તેની વિષુવવૃત્તીય ભૂ-સમકૃમિક ભ્રમણકક્ષામાં એક જ સ્થાન ઉપર જાળવી રાખવા માટે ઉપગ્રહમાં એક દિશા-નિયંત્રણ ઉપ-તંત્ર રાખવામાં આવશે. એ ઉપ-તંત્રના કાર્ય માટે જરૂરી પ્રત્યાઘાત ઉત્પન્ન કરવા ખૂબ મોટા જથ્થામાં આર્ગન વાયુ રાખવો પડશે, કારણ કે ઉપરનાં બધાં જ કાર્યો કરવા માટે ફક્ત એક વર્ષમાં જ કુલ ૫૦,૦૦૦ કિલોગ્રામ જેટલા આર્ગન વાયુની જરૂર પડશે. ઉપગ્રહનું ઉપયોગી આયુષ્ય લંબાવવા માટે આ રીતે ખૂબ મોટા જથ્થામાં આર્ગન વાયુ રાખવો પડશે.

આ સમગ્ર ઉપગ્રહનું વજન લગભગ ૧૮,૦૦૦ ટન જેટલું થશે. આ ઉપગ્રહ માટે વજન અને (પૃથ્વી ઉપર મળતી) વિદ્યુત શક્તિનું પ્રમાણ એક કિલોવૉટ દીઠ ફક્ત સાડાત્રણ કિલોગ્રામ જેટલું જ થશે. આ પ્રમાણ મુખ્યત્વે સૌર-કોષની કાર્યક્ષમતા અને વજન ઉપર આધાર રાખે છે. સૌર-કોષની કાર્યક્ષમતામાં સુધારો કરવા માટે અત્યારે ચાલતા સંશોધન-કાર્ય ઉપરથી એમ લાગે છે કે ભવિષ્યમાં ઓછા વજનના અને વધારે ઊંચી કાર્યક્ષમતા ધરાવતા સૌર-કોષ બનાવી શકાશે ને તેથી ઉપર્યુક્ત પ્રમાણમાં પણ ઘણો ઘટાડો થઈ શકશે. અત્રે એ જાણવું જોઇએ કે ભૂમિ ઉપરના કોઈ પણ વિદ્યુત-ઊર્જા યંત્ર (જનરેટર) દ્વારા એક કિલોવૉટ વિદ્યુત-શક્તિ મેળવવા માટે ઘણા વધારે વજનની જરૂર પડે છે. આનું મુખ્ય કારણ એ છે કે પૃથ્વી પર ખૂબ મોટી ક્ષમતા ધરાવતાં ભારે યંત્રોને આધાર આપવા અત્યંત ભારે વજનની જરૂર પડે છે, જ્યારે અવકાશની વજનવિહીન પરિસ્થિતિમાં એ જાતના ભારે વજનની જરૂર નથી પડતી.

સૌર-ઊર્જા ઉપગ્રહનું પ્રક્ષેપન મુખ્ય બે તબક્કામાં કરવામાં આવશે. પહેલા તબક્કામાં પૃથ્વીની નજીકની ભ્રમણકક્ષામાં સૌર-ઊર્જા તંત્ર તૈયાર કરવામાં આવશે. આ કાર્ય માટે ભારે વજન ઉઠાવી શકે તેવાં શક્તિશાળી રૉકેટ દ્વારા ૬૦ થી ૧૦૦ જેટલાં સ-માનવ ઉડ્ડયનોની જરૂર પડશે. એ દરેક સ-માનવ ઉડ્ડયનમાં ભૂમિ ઉપર તૈયાર કરેલાં ઉપગ્રહનાં ઉપ-તંત્રો અથવા તેના છૂટા ભાગ લઈ જવામાં આવશે અને એ રીતે સંખ્યાબંધ માનવીઓ અવકાશમાં લાંબો સમય રહીને સમગ્ર સૌર-ઊર્જા ઉપગ્રહ તૈયાર કરશે. નીચલી ભ્રમણકક્ષામાં સમગ્ર ઉપગ્રહ-તંત્ર તૈયાર થઈ ગયા પછી તેને રૉકેટ-એન્જિનની મદદથી ભૂ-સમકૃમિક ભ્રમણકક્ષામાં પ્રક્ષેપિત કરવામાં આવશે અને નિર્ધારિત રેખાંશ ઉપર તેને સ્થાપિત કરવામાં આવશે. અવકાશમાં આ ઉપગ્રહ તૈયાર કરવા માટે એક અગત્યનું નવીન સૂચન એમ પણ કરવામાં આવ્યું છે કે અવકાશની વજનવિહીન અને સંપૂર્ણ શૂન્યાવકાશની વિશિષ્ટ પરિસ્થિતિનો લાભ લઇને અવકાશમાં જ સિલીકોનના શુદ્ધ સ્ફટિક તૈયાર કરીને તે સ્ફટિક સૌર-કોષ બનાવવા માટે વાપરી શકાય. એ જ રીતે ઉપગ્રહ કલેવરના અમુક ભાગ પણ અવકાશમાં જ તૈયાર કરી શકાય. આમ કરવાથી પહેલા તબક્કા માટેના જરૂરી રૉકેટ ઉડ્ડયનની સંખ્યામાં સારો એવો ઘટાડો કરી શકાશે અને એ રીતે પ્રક્ષેપનનો ખર્ચ પણ ઘટાડી શકાશે.

ભૂમિ પરનાં રાક્ષસી કદનાં મોટાં વિદ્યુત-જનરેટરની સરખામણીમાં અવકાશી સૌર-ઊર્જા ઉપગ્રહ તંત્રના કેટલાક વિશિષ્ટ લાભ પણ છે. દાખલા તરીકે અવકાશમાં પવન, વરસાદ, ધરતીકંપ, ભરતીનાં મોજાં વગેરેનું અસ્તિત્વ ન હોવાથી ઉપગ્રહ તંત્ર અત્યંત લાંબા સમય સુધી કોઈ જાતના નુકસાન કે ઘસારાથી મુક્ત રહે છે. (અલબત્ત, અવકાશમાં સૂક્ષ્મ ઉલ્કાકણના મારાથી લાંબા ગાળે સૌર-કોષ ઉપર વિપરીત અસર થશે. એક

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૯૮

સારણગાંઠ

સાંપ્રત વિજ્ઞાનમાં આ સારણગાંઠને 'હર્નિયા' અને આયુર્વેદમાં 'આંત્રવૃદ્ધિ' કહે છે.

આ રોગમાં આંતરડાંને પોતાને સ્વસ્થાનમાં જકડી–પકડી રાખનાર સ્નાયુઓ ઢીલા પડી જાય છે. પરિણામે આંતરડું નીચે લબડી પડીને પેડુમાં અને પછી વૃષણમાં ઊતરી આવે છે. રોગી બેસે, ઊઠે કે ચાલે તો તે વધુ પડતું નીચું આવે છે. જ્યારે સૂતા રહેવાથી તે અંદરની તરફ પાછું જતું રહે છે. આને લઇને રોગી ચાલવા કે હરફર કરવામાં તકલીફ અને સંકોચ પણ અનુભવે છે, કારણ કે પેડુ નીચે નારીએળ જેવડો ભાગ ઊપસેલો દેખાય છે.

કારણ: ૧) અતિ મુસાફરી કરવી, ૨) વધુપડતી સાઈકલ સવારી, ઘોડેસવારી કરવી કે ટ્રૅક્ટર પર બેસીને ફરવું, ૩) વધુપડતી ઉધરસ કે હેડકીથી પેટના સ્નાયુઓ ઢીલા પડી જઈ આંતરડાનું લબડી પડવું, ૪) બટાટા, શકરિયાં, વટાણા, વાલ, ચોળા, ચણા જેવા વાતવર્ધક અને કબજિયાત કરનાર આહારનું સેવન, ૫) વાસી, ઠંડો, તળેલો અને ભારે પદાર્થનો વધુપડતો આહાર ખાવાથી. ૬) વધુપડતો મળનો ભરાવો.

ઉપચાર

૧) શરૂઆતમાં ઔષધસાધ્ય છે, પણ જો લાંબો સમય થઈ જાય તો શસ્ત્રકર્મ કરાવવું પડે છે. ૨) દરમિયાન તેનો ખાસ પટ્ટો આવે છે તે પહેરવો. ૩) વૃદ્ધિ બાધિકાવટીની બે-બે ગોળી ત્રણ વાર પાણી સાથે લેવી. ૪) સવાર-સાંજ સૂંઠના ઉકાળા સાથે દીવેલનું સેવન કરવું. ૫) દીનદયાળ ચૂર્ણ, શિવાક્ષાર પાચન ચૂર્ણ, લવણભાસ્કર ચૂર્ણ, હિંગ્વાષ્ટક ચૂર્ણનું સેવન પણ કરી શકાય. ૬) રસોનાદિ વટી, હિંગુ કર્પૂર વટી પણ વાપરી શકાય. ૭) આહારમાં આદુ, મરી, રાઈ, જીરુ, લસણ, હિંગ, સંચળ વગેરેનો વધુ ઉપયોગ કરવો. ૮) પેટ સાફ આવે અને સાફ રહે તેની કાળજી રાખવી અને તેવાં જ આહાર-ઔષધ સેવવાં.

વૈદ્ય નવીનભાઇ ઓઝા

અંદાજ પ્રમાણે ૩૦ વર્ષમાં કુલ સૌર-કોષના એક ટકા જેટલા સૌર-કોષની કાર્યક્ષમતા ખૂબ જ ઘટી જશે.) બીજો લાભ એ છે કે આ પ્રકારના તંત્રમાં કોઈ જાતનો કચરો (Waste) પેદા થતો નથી. વિદ્યુત-શક્તિ સૂક્ષ્મ-તરંગ ઉત્પન્ન કરવાની પ્રક્રિયામાં ઉપગ્રહ ઉપર પેદા થતી ગરમીનો નિકાલ અવકાશમાં જ કરી શકાશે. ઉપગ્રહ દ્વારા પ્રસારિત થતાં સૂક્ષ્મ-તરંગ વિકિરણની માત્રા આંતરરાષ્ટ્રીય સલામતીના ધોરણ મુજબ નક્કી કરવામાં આવશે, જેથી પૃથ્વીના વાતાવરણમાં અને ભૂમિ ઉપર ઉષ્ણતા-પ્રદૂષણ વધે નહિ. ભૂમિ ઉપર સૂક્ષ્મ-તરંગનું વિદ્યુત શક્તિમાં સીધું રૂપાંતર કરવાની પ્રક્રિયા દરમિયાન પેદા થતી ગરમી પણ અન્ય ચીલા-ચાલુ વિદ્યુત-જનરેટરની સરખામણીમાં લગભગ ચાર ગણી ઓછી હશે.

સૌર-ઊર્જા ઉપગ્રહ દ્વારા ભૂમિ ઉપર વિદ્યુત-શક્તિ મેળવવા માટેના તંત્ર માટે લગભગ ૩૦૦ ચોરસ કિ.મી. જેટલો વિશાળ ભૂમિ-પ્રદેશ વપરાશે. આમાંનો મોટા ભાગનો ભૂમિ-પ્રદેશ ખેતી જેવા અન્ય ઉપયોગી હેતુ માટે પણ વાપરી શકાશે, કારણ કે સૂક્ષ્મ-તરંગ એન્ટીનાની નીચે સૂર્યનો પ્રકાશ અને વરસાદ મળી શકશે. વળી, એ એન્ટીનાની નીચે સૂક્ષ્મ-તરંગ વિકિરણની માત્રા નહિવત્ હોવાથી સલામતી પણ જોખમાશે નહિ. ભૂમિ-તંત્રમાં કાર્ય કરનારા માણસો માટે જરૂરી સલામતીની વ્યવસ્થા કરવામાં આવશે. તેમ છતાં સૂક્ષ્મ-તરંગ વિકિરણની લાંબા ગાળે કેવી અસર થશે તે વિષે પૂરતો અભ્યાસ કરવો ખાસ જરૂરી છે. સૂક્ષ્મ-તરંગ વિકિરણની માત્રા આંતરરાષ્ટ્રીય સલામતીના ધોરણ મુજબ રાખવાની હોવા છતાં ઊડતાં પક્ષીઓ અને વિમાનો ઉપર એ વિકિરણની અસર થશે કે નહિ તે પણ પ્રાયોગિક રીતે નક્કી કરવું પડશે.

ભૂમિ પર વપરાતાં વિવિધ રેડાર તંત્ર રેડિયો સંદેશ વ્યવહાર તંત્ર અને રેડિયો–ખગોળવિજ્ઞાનના પ્રાયોગિક સંશોધન કાર્યમાં ઉપર્યુક્ત સૂક્ષ્મ-તરંગ વિકિરણ કેટલે અંશે નડતર રૂપ થશે તે પણ પ્રયોગાત્મક પદ્ધતિએ નક્કી કરવું પડશે અને એ પ્રયોગોનાં પરિણામને આધારે ઉપગ્રહ-તંત્રની સૂક્ષ્મ-તરંગ કંપ-સંખ્યા નક્કી કરવી પડશે.

૫૦૦૦ મૅગાવૉટ વિદ્યુત-શક્તિની ક્ષમતા ધરાવતા સૌર-ઊર્જા ઉપગ્રહનો કુલ ખર્ચ લગભગ ૭૬૦ કરોડ ડૉલર જેટલો થશે, એટલે કે એક કિલોવૉટ દીઠ લગભગ ૧૫૦૦ ડૉલર. આમાંનો લગભગ અડધો ખર્ચ તો તેના પ્રક્ષેપન માટે જ જોઇશે, જ્યારે બાકીનો ખર્ચ ઉપગ્રહના સમગ્ર તંત્ર અને ભૂમિ પરના તંત્ર માટે થશે.

છેલ્લાં ઘણાં વર્ષોથી અમેરિકામાં 'નાસા' સંસ્થા ને કેટલીક ખાનગી કંપનીઓ દ્વારા આ પ્રકારના સૌર-ઊર્જા ઉપગ્રહ-તંત્રના વિવિધ પાસાંઓ વિષે અભ્યાસ અને સંશોધન કરવામાં આવી રહ્યું છે. અત્યારની યોજના પ્રમાણે આ મહત્ત્વાકાંક્ષી કાર્યક્રમને ત્રણ તબક્કામાં વહેંચવામાં આવ્યો છે. પહેલા તબક્કામાં પૃથ્વી ઉપર તેમ જ પૃથ્વીની ભ્રમણકક્ષામાં નાના પાયા ઉપર આ પ્રકારના તંત્રને પ્રાયોગિક રીતે ચકાસવામાં આવશે. બીજા તબક્કામાં ૨૫૦થી ૭૫૦ મૅગાવૉટ ક્ષમતાવાળા એક પ્રોટોટાઇપ નમૂનાનો સૌર-ઊર્જા ઉપગ્રહ ભૂ-સમકક્ષિક ભ્રમણકક્ષામાં મૂકવામાં આવશે. છેલ્લા તબક્કામાં લગભગ ઈ. ૨૦૦૦ના વર્ષમાં ૫૦૦૦ મેગાવૉટનો એક ઉપગ્રહ ભૂ સમકક્ષિક ભ્રમણકક્ષામાં મૂકવામાં આવશે જ્યારે ઈ. ૨૦૨૫ સુધીમાં આવા સો જેટલા ઉપગ્રહ ભ્રમણકક્ષામાં મૂકવામાં આવશે. □

અનુસંધાન] **વિનોદ ભટ્ટ** [પૃષ્ઠ ૭૯થી

કીલોમીટરની ઝડપે ગાડી દોડાવવા માંડી એટલે ડ્રાઈવરનો ખભો પકડીને ધ્રૂજતા અવાજે તેણે કહ્યું : 'ભાઈ રાવ, તું એમ ના માનતો કે આ ચોખા મારા કારજ માટે લઈ જઈએ છીએ...'

તેના મતે જે માણસ જીવનને ધિક્કારતો હોય એ જ બેફામપણે વાહન હંકારે છે. આ બધું જીવન પ્રત્યેનો તેનો અનુરાગ સૂચવે છે. જીવતા માણસોને તે ખૂબ ચાહે છે. (એમાંય સ્ત્રીઓને વિશેષ.) તેના મિત્ર રમેશ ભટ્ટની ભાષામાં કહીએ તો એ ભારે ઉમળકાવાદી માણસ છે અને મિત્ર તરીકે તમે ગૂંગળાઈ જાઓ એટલો બધો પ્રેમ કરે છે. એવી ય એક લોકવાયકા છે; જે સાચી હોવાની શક્યતા એટલા માટે છે કે મિત્રો તરફથી ઉત્કટ લાગણી જોઈને તેનાં બૈરાં કાયમ એવી ફરિયાદ કરે છે કે 'તમારાં ઘરવાળાં થયાં એ કરતાં દોસ્ત થયાં હોત તો તમે અમને વધારે ચાહતા હોત.'

પણ જ્યારે વિનોદ માટે કોઈ એમ કહે કે તેનામાં દંભનો છાંટો ય નથી ત્યારે મને મનમાં હસવું આવે છે. તેને દંભ નથી ગમતો, ને દંભને તીતર-બીતર કરી નાખવા તે સદા ય ઉપરતળે થતો હોય છે એ હું જાણું છું. પણ મારી દૃષ્ટિએ તો આ પણ એક પ્રકારનો દંભ જ છે—સૂક્ષ્મ દંભ. મારામાં જરાય દંભ નથી એવું માનવું કે મનાવવું એનાથી મોટો દંભ જગતમાં બીજો કોઈ જ નથી.

જવા દો; આ માણસ વિષે તો મહાભારત જેવડો મોટો ગ્રંથ લખી શકું. પણ એ જરા વધુપડતો સેન્સિટિવ છે, ને સાચું કે ખોટું કહે છે કે તેને હૃદયરોગનો એક હળવો હુમલો પણ આવી ગયો છે, એટલે બ્રહ્મહત્યાનું પાપ માથે નથી લેવું. બાકી તો..... □



'વિનોદ'ની નજરે

(૩૬)

—લેખક—

વિનોદ ભટ્ટ

વિનોદ ભટ્ટ

શેખાદમ આબુવાલા વિનોદ ભટ્ટ પર એક કવિતા લખવાના હતા, પણ લખી શક્યા નથી; કેમ કે કવિતા તેમની રાધા હોવા છતાં નવલકથા, પાંચ મિનિટની વાર્તા, સારા જહાં હમારા, ફિલ્મોનાં અવલોકનો અને પ્રસ્તાવના જેવી અન્ય ગોપીઓને રાધાને સ્થાને સ્થાપવાને લીધે રાધા તેમનાથી રિસાઈ ગઈ છે, એટલે પાસે નથી આવતી. આદમે કવિતા ના લખી એ એક રીતે સારું થયું, કારણ કે તેમણે તો વિનોદનાં ગાડાં ભરીને વખાણ જ કર્યાં હોત. (અહો રૂપમ્, અહો ધ્વનિ !) વિનોદ વિષે, તેના પરના અંગત પત્રમાં રાધેશ્યામ શર્માએ લખ્યું છે કે વિનોદ માનવભૂખ્યો, માનવ-ચાહક છે, પ્રેમ ખાતર છેતરાવાનું ય પસંદ કરે એવો પ્રેમી છે, શત્રુને મિત્રમાં પલટવા તાકતો તકવાંછુ છે. વિનોદ પાસે ગુલાબ છે, વિનોદ પાસે જાંબુ છે. એવી જ ખાટીમીઠી ભાષાશૈલી છે. (નો કૉમેન્ટસ... રાધેશ્યામના વિધાન માટે કોઈ પણ કૉમેન્ટ નહિ કરવાનું તેમને મેં વચન આપ્યું છે.) તો બધામાં સારું જોવાની ટેવવાળા ગુલાબદાસ બ્રોકરને વિનોદની નિખાલસતા ઊડીને આંખે વળગી છે. તેમના મત મુજબ, વિનોદની સાથે તમે ગમે તેટલા કલાક ગાળો, દંભ કે દ્વેષનો તો તમને ક્યાંય પડછાયો પણ જોવા નહિ મળે...ને તારક મહેતાને વિનોદને જોઇને ડેલ કાર્નેગી નામનો માણસ યાદ આવે છે. કાર્નેગીએ એક પુસ્તક લખેલું: 'હાઉ ટુ વિન ફ્રેન્ડઝ ઍન્ડ ઈન્ફલ્યુઅન્સ પીપલ.' એ માણસ અમદાવાદ આવ્યો ન હતો. વિનોદને મળ્યો નહોતો. પછી એને મિત્રો બનાવવાનું—લોકો પર પ્રભાવ પાડવાનું અંકગણિત શીખવ્યું કોણે?... તો નગીનદાસ સંઘવીને તે 'બારણા વગરનો માણસ' જણાયો છે. વસુબહેન, વેણીભાઈ પુરોહિત, ચંદ્રકાંત બક્ષી, પુષ્કર ચંદરવાકર વગેરેએ પણ વિનોદ વિષેના અભિપ્રાયો લખી મોકલ્યા છે. પણ એ બધા તેની ઑબિચ્યુઅરીમાં ખપ લાગે એવા છે એટલે એ પ્રકારનાં લખાણો તેના મૃત્યુ બાદ છપાય તો વધારે જામે એવું માનીને અહીં નથી ટાંક્યાં.

પણ મને લાગે છે કે આમાંના કોઇને વિનોદની અસલિયતનો પરિચય નથી. લાભશંકરને 'જૅકિલ ઍન્ડ હાઈડ' સાથે સરખાવનાર શયતાનના આ એજન્ટને મારાથી વધારે ભાગ્યે જ કોઈ ઓળખતું હશે. એને તો એની છઠ્ઠીનો હું ઓળખું છું. ઈ. ૧૯૩૮ની ચૌદમી જાન્યુઆરીના રોજ ઉત્તરાયણને દિવસે પૃથ્વી પર તેનું ઉતરાણ થયું. એ દિવસનાં (એટલે કે ૧૫ જાન્યુઆરીના દિવસે પ્રકટ થએલાં) સમાચારપત્રો હું ફેંદી વળ્યો છું. એ દિવસે, તેના જન્મ સિવાયની બીજી એક પણ દુર્ઘટના જોવામાં નથી આવી. તેની કુંડળી ય મેં નીરખી છે,—ક્યા ગ્રહોને તે પીડી રહ્યો છે એ જોવા. તેની કુંડળીમાં બીજા સ્થાને રાહુ, ત્રીજાએ બુધ, ચોથાએ સૂર્ય ને છઠ્ઠે સ્થાને શનિ છે. આયુષ્યનો માલિક શુક્ર ઘણો બળવાન છે એટલે આ લેખમાળામાં જેમના પર લેખો લખાયા છે એમાંના કોઈના હાથે તેનું ખૂન થવાનો યોગ નથી. ઝીણી આંખો, આંખો નીચે કાળાં કુંડાળાં (કાળાં કર્મોનું ફળ) જરૂર કરતાં મોટું નાક, થોડો ખરબચડો રુક્ષ ચહેરો, વધુ સમય સાંભળવો ના ગમે એવો ફૂટી ગએલા વાસણ જેવો કર્કશ અવાજ, ગળામાંથી ક્યારેક તો બે-ત્રણ અસ્પષ્ટ અવાજો સાથે નીકળતા લાગે, ને ઝડપથી બોલવા જતાં કોઈ વાર જીભ ખોટવાઈ પણ જાય. મોઢા પરથી ભોળો લાગે, પણ લાગે એટલું જ; દેખાય છે એવો ભોળો નથી... છેતરામણો ચહેરો છે.

તે ભલે પોતાને ઈન્ટેલેક્ચ્યુઅલ સમજતો હોય પણ લોકો પર છાપ પાડે એટલો બુદ્ધિશાળી નથી. જ્ઞાનનો ગરીબ છે. ને અભ્યાસમાંય 'બિલો ઍવરેજ'. પહેલેથી જ જાણે તેણે નક્કી કરેલું કે પાંત્રીસમા નંબરે જ પાસ થવું; એટલે શાળાના અભ્યાસ દરમિયાન તેણે એ નંબર ધાર્મિકપણે જાળવી રાખેલો. બધા વિષયોમાં પાંત્રીસ ટકા માર્ક જ આવે. એકાદ માર્ક ક્યાંકથી આઘોપાછો કરવામાં આવે કે ખસેડી લેવામાં આવે તો તે અચૂક નપાસ થાય. આ પ્રકારની અભ્યાસવૃત્તિને લીધે પિતાશ્રીના ગુસ્સાનો પક્ષપાત તેના પર વધારે રહેતો; ને રિઝલ્ટની તારીખ સુધી વાટ જોવાની ધીરજ ખોઈ બેસવાથી કેટલીક વાર તો રિઝલ્ટના બે દિવસ અગાઉથી જ પિતાશ્રી ફટકારવાનું શરૂ કરતા. મારની આ એકવિધતાથી કંટાળીને એક દિવસ ઘર છોડીને ભાઈ મુંબાઈ પણ નાસી ગએલા, (એ દિવસોમાં ય નાસીને જવા જેવી એક જ જગ્યા મુંબાઈ હતી) પણ એ તાડનનો વિરહ ના જીરવાતાં બે જ દિવસમાં પાછા ફરેલા.

અભ્યાસ કરતાં અભ્યાસેતર વાંચવાનું તેને વધારે ગમતું. વાંચવાનું ઘેલું ફૂટપાથ પરનાં પુસ્તકો ભાડે આપનાર જૅતિલાલ ચોપડીવાળા નામના એક માણસે લગાડેલું. પુસ્તકનું ભાડું ચૂકવી શકાય એવી આર્થિક હાલત નહિ એટલે ઓટલા પર, ચોપડીવાળાની આંખ સામે બેસીને પુસ્તકો વાંચે, વાચનના ભાડા તરીકે જૅતિલાલનાં ચા, પાન કે બીડી લઈ આવવાનાં. (એક વખત કાકાને ભેટમાં મળેલી શેફર્સ પેન ચોરીને તે જૅતિલાલ ચોપડીવાળાને સપ્રેમ ભેટ આપી આવેલો, છતાં તે ગાંધીજી ના બની શક્યો, કારણ કે ગાંધીજીએ—મારની બીક નહિ હોવાથી—વગર પૂછ્યે સામેથી ચોરી કબૂલેલી. જ્યારે આની પાસે પરાણે કબૂલ કરાવવી પડેલી.) સત્યેન્દ્રપ્રસાદ સાંકળેશ્વર મહેતા, કનૈયાલાલ મુનશી, ર.વ. દેસાઈ, ગુણવંતરાય આચાર્ય, ધૂમકેતુ, પન્નાલાલ પટેલ—એ બધાને વાંચીને થતું કે આ લેખકો કેવા હશે ! એમને જોવા-મળવાનું બહુ મન રહેતું. આ લોકોની નજીક પહોંચવું હોય તો તેમનામાંના એક થવું પડે, લેખક બનવું પડે એ વિચારે લખવાનું શરૂ કર્યું. શરૂઆતમાં અતિ ગંભીર ને કરુણ વાર્તાઓ લખી. (આ કરુણ વાર્તાઓ એટલી તો કરુણ હતી કે લખતી વખતે પોતે જ રડી પડતો.) થોડા હાસ્ય લેખો પણ લખેલા. (થોડા = બે.)

તેનું નામ વિનોદ છે એ તો એક ગંભીર અકસ્માત જ છે. પણ તેને હાસ્યલેખક બનાવવા માટે જો કોઈ જવાબદાર હોય તો એ જમાનાના પ્રસિદ્ધ હાસ્યલેખક જદુરાય ખંધડિયા. પિતાશ્રી સાથે પાર્ટનરશિપ એટલે ખંધડિયા અમદાવાદ આવે ત્યારે કોઈ વાર ઘેર જમવા પધારે. તેમણે એક વાર (કદાચ રમૂજમાં જ) આ હાસ્યકારને જણાવ્યું કે તું હાસ્યલેખક થઈ જા. મારા તને આશીર્વાદ છે. આમ કહેવાની પાછળનું સાચું કારણ એ હતું કે વિનુએ કુલ બાવન કૃતિઓનો ખડકલો તેમની સામે રિવૉલ્વરની જેમ ધરેલો, જેમાં બે હાસ્યલેખો હતા ને પચાસ ગંભીર વાર્તા-

ઓ. બે હાસ્યલેખો ઓછી સંખ્યાને લીધે વધારે આકર્ષી ગયા ને પેલી ગંભીર (રાધર બોરિંગ) વાર્તાઓથી બચવા તે બોલ્યા કે ગંભીર લખાણ છોડી હાસ્યરસ પર હાથ અજમાવ. ને આ મૂરખ તેમના મર્મને એ વખતે સમજેલો નહિ. (ને આજે સમજ્યો છે ત્યારે ઘણું મોડું થઈ ગયું છે.)

કારણ ખબર નથી; પણ તેનામાં ભારોભાર લઘુતાગ્રંથિ છે. આત્મવિશ્વાસની પણ ઘણી કમી છે, એટલે આત્મવિશ્વાસ સાથે હમેશાં તે સંઘર્ષ કર્યા કરે છે ને પોતાની જાત વિષે કાયમ અશ્રદ્ધાળુ રહે છે. કદાચ આથી જ, પોતાના માટે બહુ ઊંચો અભિપ્રાય રાખવો ગમે છે છતાં રાખી નથી શકતો. તેનામાં સભાક્ષોભ ય ખાસ્સો છે. તેને પજવવો હોય તો કોઈક સભામાં બોલવા એકદમ ઊભો કરી દેવો. પછી તેના ધ્રૂજતા હાથપગ જોવાની ગમ્મત આવશે. શરૂની પાંચસાત મિનિટ તો એની આંખે અંધારાં આવી જવાનાં. ત્યાર બાદ માંડ ઠેકાણું પડે તો પડે. આ લઘુતાગ્રંથિને કારણે જ કદાચ, લખવા કરતાં પોતાનાં લખાણો વધારે વાર 'ફેર' કરે છે.

તેનું મુખ્ય અપલક્ષણ પોતાની પ્રશંસા અન્યના મુખેથી સાંભળવાનું ને પોતાનાં લખાણો દ્વારા મિત્રોને 'બોર' કરવાનું છે. તેના લેખો બબ્બે ત્રણત્રણવાર સાંભળવા છતાં વિનોદ જાની, નિરંજન ત્રિવેદી ને શેખાદમ આબુવાલા જેવા તેના દોસ્ત તરીકે હજુ ય કેમ ચાલુ રહ્યા છે એનું મને મોટું આશ્ચર્ય છે. (જો આદમ જર્મની કે બીજે ક્યાંય નાસી જાય તો આ વખતે પુષ્કર ચંદરવાકરને દોષ ન દેતા સઘળો દોષ આનો જ ગણવો.)

કેટલાક મિત્રોએ તેને પારકી છઠ્ઠીનો જાગતલ કહ્યો છે. લગભગ પચાસ સાઠ પુસ્તકો પ્રગટ કરાવવામાં સીધી યા આડકતરી ભલામણો કરાવવા બદલ જે તે લેખકોએ તેનો આભાર માન્યો છે. શેખાદમ આબુવાલા જેવાએ તો પોતાની પહેલી નવલકથાના નિવેદનમાં લખ્યું છે કે 'હસતી કલમના માલિક વિનોદ ભટ્ટની રડતા લેખકો(ખાસ કરીને લેખિકાઓ)નું પ્રકાશકો સાથે ચોકઠું બેસાડી આપવાની ગંભીર સેવા ના મળી હોત તો આ નવલકથા આઉટ ઑફ ડેઈટ થયા પછી છપાઈ હોત.'

મિત્રો ને સંબંધીઓનું કામ તે અલબત્ત કરે છે. ઘરમાં બૈરાંએ ચીંધેલાં કામ કરતાં મિત્રોનાં કામ તે વધારે ઉમળકા ને ઝડપથી કરે છે. પણ એ પરોપકારની પાછળ મને તો તેનામાં સુષુપ્તપણે પડેલી આત્મસ્થાપનની ભાવના જ કારણભૂત લાગે છે. રાધેશ્યામ શર્મામાં છુપાઇને બેઠેલા બિગ બ્રધરનો સહોદર આનામાં ય ભરાઈને બેઠો છે. કેટલાક લોકો એવું માને છે કે વિનોદ ખેલદિલ છે. તેનામાં સ્પૉર્ટ્સમૅન સ્પિરિટ ઘણો છે. પોતાના પરની રમૂજને તે માણી શકે છે. ખરી વાત છે. પોતાના પરની રમૂજને તે માણી શકે જ, કારણ કે એ વગર બીજો છૂટકો નથી.

હા, ખેલદિલીનું નાટક કરવાનું તેને વિશેષ ગમે છે. પોતે ખેલદિલ છે એવું બતાવવાની તક ઊભી થાય તો એ જવા દેવાનું ચૂકે એવો ય નથી. (લાભશંકર ઠાકર પર તેણે લખેલા કડક લેખનો બદલો લાભશંકર લઈ શકે એ માટે તેની દવા પણ તેણે શરૂ કરી છે.) ઉદાહરણ તરીકે વચ્ચે 'સંદેશ'માં પોતાની કૉલમ 'ઈદમ્ તૃતીયમ્'માં તેણે એક કથા લખેલી. પૃથ્વી પર ગાંધીજીએ કરેલી ચોરીની સજા ભોગવવાની રહી ગએલી, એટલે સ્વર્ગની કોર્ટમાં એ માટે તેમને ઊભા કરવામાં આવ્યા. ગુનો કબૂલ કરતાં ગાંધીજીએ કહ્યું કે આ ગુના માટે જે કાંઈ સજા ફટકારવામાં આવે એ ખમવા પોતે ખુશી છે. તેમને મનમાં એમ કે બહુબહુ તો આ ગુના માટે કડકડતા તેલમાં હાથ બોળવા પડશે કે ફરતા પંખાની નીચે લટકાવવામાં આવશે, અથવા વધુમાં વધુ સજા તરીકે ફરીથી ગોડસેના હાથે ત્રણ ગોળી ખાવી પડશે. ને ઇશ્વરે સજા ફરમાવી : 'વત્સ ગાંધી, તારા ગુનાની ગંભીરતા જોતાં તને એવી કડક સજા કરવી જોઇએ કે જેથી સ્વર્ગમાં દાખલો બેસે; એટલે સજા તરીકે તારે ફરી પૃથ્વી પર જવું ને તારી જ કર્મભૂમિ અમદાવાદમાં જઇને ત્યાં ચાલતાં તમામ ગુજરાતી ચલચિત્રો જોવાં એવી શિક્ષા ફરમાવું છું...'

ગાંધીબાપુ 'નહિ...આવી આકરી સજા હું નહિ સહી શકું...' કહી બેહોશ થઈ ઢળી પડ્યા. આ કથા વાંચીને ગુજરાતી ફિલ્મોના દિગ્દર્શક મનહર રસકપૂર થોડા નારાજ થઈ ગયા. તેમણે તેને પત્ર લખ્યો : 'તમે ગાંધીજીને ગુજરાતી ફિલ્મો બતાવવાની સજા કરી એના કરતાં તમારી ઈદમ્ તૃતીયમ્ કૉલમ છ માસ માટે વાંચવાની સજા કરી હોત તો ય બહુ કહેવાત...' માત્ર પોતે ખેલદિલ છે એવું પુરવાર કરવા જ તેણે મનહર રસકપૂરનો વિરોધી સૂરવાળો પત્ર તેની કૉલમમાં છાપેલો. આ પરથી મેં આગળ કહ્યું એ બાબતનો ખયાલ આવશે કે તે દેખાય છે એટલો સરળ નથી. કેલક્યુલેટિવ છે.

પબ્લિસિટી સ્ટંટ કરવાનો અભરખો ય તેને ખરો. 'શ્લીલ-અશ્લીલ' નામના પુસ્તકનું તેણે સંપાદન કરેલું. ગુજરાતી સાહિત્યની બદનામ વાર્તાઓનો આ સંગ્રહ ચોક્કસ જપ્ત થશે એવી તેની ગણતરી હતી. પણ એવું કશું નહિ થતાં તે કેટલો નિરાશ થઈ ગએલો એની મારા સિવાય બીજા કોને ખબર છે?

કૉલેજમાં ભણતો ત્યારે ય પ્રસિદ્ધિ માટે એવાં તોફાનો તે કર્યા કરતો. એક વાર કૉલેજ ઇલેકશનમાં તે ઊભો રહેલો. પોતાના પ્રચાર-કાર્ડમાં તેણે ગર્દભનું એક ચિત્ર મૂકેલું જેમાં ગર્દભ કૉલેજિયનના લેબાશમાં ઊભેલો. તે કહેતો હતો : 'માફ કરજો! હું વિનોદ ભટ્ટને મત નહિ આપું' આ કાર્ડ પોતે ઊભો રહેલો એ લૉ ફૅકલ્ટીમાં વહેંચવાને બદલે છોકરીઓથી લચી પડેલા આર્ટ્સ સેકશનમાં વહેંચ્યાં. ચૂંટાવા કરતાં ય વધારે રસ તેને પબ્લિસિટીમાં હતો. ને થયું પણ એવું જ. મતદાનમાં મોડા પડવાને કારણે ખુદ પોતાનો મતે ય તે ન'તો મેળવી શક્યો.

ખરેખર તે એક સાઇકિક કેસ છે. તેનામાં ઢગલાબંધ વિચિત્રતાઓ પડી છે. તેની ઘડિયાળ પર તમે ભરોસો ના રાખી શકો. કાંડા ઘડિયાળ હમેશાં તે પંદર મિનિટ આગળ મૂકે છે. તેને કોઈ પૂછે કે 'આમ કેમ કરે છે? પંદર મિનિટ ઘડિયાળ વહેલી મૂકવા પાછળ કોઈ ખાસ પ્રયોજન છે?' ત્યારે તે દબાએલા અવાજે બોલશે : 'ઑફિસેથી પંદર મિનિટ વહેલા ઘેર ભાગી અવાય એ માટે ઘડિયાળ આગળ મૂકું છું.' પછી પૂછવામાં આવે કે 'પણ પંદર મિનિટ વહેલી ઘડિયાળ મૂકવાને કારણે તારે તારા ઘેરથી એટલા વહેલા નીકળી જવું પડશે એ કેમ ભૂલી જાય છે?' ત્યારે હસી પડતાં તે કહેશે : 'ઘેરથી ઑફિસ જવા નીકળતી વખતે ખબર હોય છે કે ઘડિયાળ પંદર મિનિટ આગળ છે, એટલે હું જાણીબૂઝીને પંદર મિનિટ મોડો જ નીકળું છું.' પણ તેથી ય મોટો રોગ મોડા પડવાનો છે. સવારે છ વાગ્યાની ટ્રેઈનમાં બહારગામ જવાનું હોય તો ચિંતામાં ને ચિંતામાં ચાર વાગ્યા સુધી બરાબર ઊંઘી શકે નહિ, ને વચ્ચે એકાદ ઝોકું આવી જાય તો એમાં ય સપનું તો ટ્રેઈન ચૂકી ગયાનું જ આવે. એટલે પછી પાંચ વાગ્યે સ્ટેશન પર ગાડીની વાટ જોતો બેસી જાય અને બન્ને દિશામાં જોયા કરે. કોઇને ટ્રેઈનના પાટા ઓળંગતો જોતાં તેને મનમાં કંઈ કંઈ થઈ જાય ને એ વેળા જો કોઈ દિશામાંથી ટ્રેઈનની વ્હિસલ સંભળાય તો પેલો પાટા ઓળંગનાર હવે કપાઈ જ જવાનો એ વિચારે એ પોતાની આંખો મીંચી દેશે.


તેની જીજિવિષા એટલી બધી પ્રબળ છે કે પોતાના ઘરની સીડીનાં પગથિયાં, સ્વજન જેવાં થઈ ગયાં હોવા છતાં, કઠેડો પકડીને જ ને ધીમેથી, પડી ના જવાય એટલી તકેદારીથી ઊતરે છે. ને સ્કૂટર પણ એવી અડિયલ ચાલે ચલાવે છે કે સાથે ચાલનારાઓ આગળ નીકળી જાય આથી તેના સ્કૂટર પર એક વાર બેસનાર કંટાળીને બીજી વખત બેસવાનું નામ નથી લેતો. તેના સ્કૂટર પાછળ બેઠા કરતાં કોઈ ગાડામાં બેઠાનો એહસાસ વધારે થાય છે.

એક વખત ઘર માટે ચોખા લઇને બારેજાથી કારમાં તે આવતો'તો. ડ્રાઈવરે એક્સિલરેટર પર પગ દબાવીને નેવું-પંચાણું (અનુ. પૃ. ૭૭)

કુમુદ (પોયણું)

પરિચિત પુષ્પોની વિશેષ ઓળખ આપતી માળા (૨)

લેખક · શંકરદેવ વિદ્યાલંકાર



સંસ્કૃત–કુમુદ, કૈરવ; અંગ્રેજી–Water lily
લૅટિન–Nymphaea Alba Linn

કુમુદ પણ કમળ-પરિવારનું જૂનું ને જાણીતું સુંદર પુષ્પ છે. ચોમાસું બેસતાંની સાથે જ નાનાં ખાબોચિયાં, સરોવરો અને તળાવડીઓ કુમુદના વેલાઓ અને પુષ્પોથી શોભી ઊઠે છે. કુમુદો (પોયણાં) છીછરાં પાણીમાં પણ વિકસી શકે છે. ઘણે ભાગે પાણીવાળા ખાડા અને તળાવડીઓમાં થતાં પોયણાં (કુમુદો)ને જ સામાન્ય જનો કમળ માને છે; પરંતુ ખાસ સ્મરણ રાખવા જેવું છે કે પોયણાં એ કમળ નથી. પોયણાં નાનાં હોય છે જ્યારે કમળ મોટાં હોય છે. એનાં પાન પણ નાનાં હોય છે. મોટે ભાગે કવિસંપ્રદાય (પરંપરાગત સાહિત્યિક ધારણા) પ્રમાણે કુમુદ રાત્રિવિકાસી ને કમળ દિવસવિકાસી પુષ્પ લેખાય છે: चन्द्रो विकासयति कैरवचक्रवालम्—पद्माकरं दिनकरो विकची–करोति ॥ વગેરે ઘણાં સુભાષિતોમાં આ સાહિત્યિક ધારણા ગવાતી આવી છે, પરંતુ વનસ્પતિશાસ્ત્રની દૃષ્ટિએ આ વિધાનો સાચાં નથી. ઘણાં પોયણાં દિવસવિકાસી પણ જોવામાં આવ્યાં છે.

સામાન્યરીતે કુમુદ પુષ્પો પણ ચાર જાતનાં હોય છે: લાલ, શ્વેત, વાદળી અને વાસંતી રંગનાં. શાંતિનિકેતનમાં કવિવર રવીન્દ્રનાથ ઠાકુરની ગૃહવાટિકાની તળાવડીમાં ચારેય રંગોનાં કુમુદપુષ્પોની સુંદર જમાવટ કરી છે. કુમુદપુષ્પોમાં કમળ કરતાં ઘણી ઓછી સુવાસ હોય છે. છતાં આ પુષ્પ નમણું અને નયનરમ્ય તો છે જ.

વર્ષાઋતુ શરૂ થતાં જ કુમુદ કંદોમાંથી પત્રનાળ અને પુષ્પનાળ નીકળે છે અને પુષ્પો ખીલતાં થાય છે. કુમુદ પુષ્પોનો આકાર પ્રકાર કમળ પુષ્પો જેવો હોય છે. પણ નાનો અને સુંદરતામાં પણ ઓછો. પુષ્પની પાંખડીઓ ૧૦થી ૧૫ સુધી હોય છે. વચમાં પીત વર્ણનું કેસર હોય છે. ત્યાં જ પુષ્પરજ ને મકરંદ હોય છે. થોડા દિવસ પછી પાંખડીઓ ખરી જતાં એક લંબગોળ ડોડો (લગભગ દોઢ ઇંચ લાંબો) બંધાય છે. તેમાં સરસવ જેવા આછા લાલ અને શ્વેત દાણા પેદા થાય છે. પાકી જતાં આ દાણા કાળા પડી જાય છે. ગોવાળિયાઓ અને વનવાસીઓ એને હોંસે હોંસે ખાય છે. બિહાર અને બંગાળમાં એ દાણાઓની ધાણી બનાવી એના લાડુ બનાવવામાં આવે છે. ત્યાં એને રામદાણા કહે છે.

ઉદ્યાનપ્રેમીઓ પોતાની વાટિકાઓમાં સહેલાઇથી સીમેન્ટના પાકા કુંડો (બે ફીટ ઊંડા અને ત્રણ વર્ગ ફીટ પહોળા) બનાવીને કુમુદ પુષ્પોની નાનારંગી જાતિઓ વિકસાવીને પ્રાકૃતિક સૌંદર્યનો લાભ લઈ શકે છે. કાચા કુંડોમાં પણ પોયણાં સહેલાઈથી ઉછેરી શકાય છે.

આયુર્વેદ પ્રમાણે પોયણાં અને એના દાણા શીતલ, સ્વાદિષ્ટ, પૌષ્ટિક અને લોહીના વિકાર માટે સારાં છે. વૈદ્યતીર્થ શ્રી આપાશાસ્ત્રી સાઠેના અનુભવ પ્રમાણે શીતળા માટે એનું શરબત ઘણું હિતકારી છે. રક્તપ્રદર માટે પણ એનું ચૂર્ણ મધ–માખણ અને ખડી સાકર સાથે લાભકારી સિદ્ધ થયું છે. □

સુધારો: ફેબ્રુ. અંકના કમળના લેખમાં પહેલા કોલમની ચોથી લીટીમાં કશેરાય, પંકેસત અને સરસીસતને બદલે કુશેશય પંકેરુહ ને સરસીરુહ વાંચવું.

ચાલુ વર્ષનાં પારિતોષિકો

લેખકોને નિમંત્રણ

'કુમાર'ના ૧૯૭૯ના ચાલુ વર્ષમાં નીચે મુજબનાં પારિતોષિકો આપવામાં આવનાર છે

૧) **કુમાર-ચન્દ્રક**: વર્ષ દરમિયાનની શ્રેષ્ઠ સર્જન-પ્રવૃત્તિ કે લેખન-પ્રવૃત્તિ માટે વર્ષોવર્ષ અપાતો ચન્દ્રક
૨) રૂ. ૫૦૧ **સ્વ. કેશવલાલ જૂઠાભાઈ દડિયા સાહિત્ય પારિતોષિક** તેમના પરિવાર તરફથી વર્ષ દરમિયાનના શ્રેષ્ઠ સાહિત્યસર્જન માટે
૩) રૂ. ૧૦૧ **શ્રી છોટાલાલ માવજી કોઠારી** તરફથી વર્ષ દરમ્યાનના પ્રાચીન ઇતિહાસ અને પુરાતત્ત્વ વિષયક લેખો પૈકી શ્રેષ્ઠને
૪) રૂ. ૫૦ **હરિઃૐ આશ્રમ પારિતોષિક**: જીવનઘડતરમાં પ્રેરણારૂપ ચરિત્રલેખો માટે—દર માસે
૫) રૂ. ૫૧ **દીપ્તિ-સ્મૃતિ પારિતોષિક**: સપ્ટેમ્બર ૧૯૭૮ થી ઑગસ્ટ ૧૯૭૯ સુધીના અંકોમાં પ્રકટ થએલા લેખો પૈકી ઉદાત્ત સંસ્કારોને પ્રતિબિંબિત કરતી મૌલિક અને પ્રેરક કૃતિઓમાંથી શ્રેષ્ઠ લેખના લેખકને
૬) રૂ. ૫૧ **ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી** તરફથી વર્ષ દરમિયાનના શ્રેષ્ઠ વિજ્ઞાનલેખ માટે
૭) રૂ. ૩૦ **'કુમાર' તરફથી** વર્ષ દરમિયાન પ્રકટ થએલી શ્રેષ્ઠ મૌલિક વાર્તા કે નાટિકા માટે
૮) રૂ. ૩૦ **એક લેખક** તરફથી વર્ષભરમાં પ્રકટ થએલાં કાવ્યો પૈકી શ્રેષ્ઠને
૯) રૂ. ૨૫ **ગિરીશકાકા પારિતોષિક** તેમના પરિવાર તરફથી વર્ષ દરમિયાનના શ્રેષ્ઠ જોડણીશુદ્ધ અને વ્યાકરણશુદ્ધ લેખ માટે
૧૦) રૂ. ૨૫ **એક સદ્‌ગૃહસ્થ તરફથી**: ઈ. ૧૯૭૯ના વર્ષ દરમિયાન પ્રકટ થએલી 'મેં સાહસ કર્યું' એ માળાના શ્રેષ્ઠ પ્રસંગ માટે

સાહિત્યસંપર્ક

'અત્રત્ય-તત્રત્ય'

પ્રફુલ્લ રાવલ

'અત્રત્ય-તત્રત્ય' પ્રા૰ ધીરુભાઈ પરીખનો પ્રથમ વિવેચનસંગ્રહ છે. આ સંગ્રહમાં અત્રત્ય અર્થાત્ ગુજરાતી સાહિત્યમાં પ્રસિદ્ધ કવિઓના સર્જનકાર્યની વિવેચના કરતા ૧૦ લેખો, અને તત્રત્ય અર્થાત્ મહદ અંશે પશ્ચિમના સર્જકોના સર્જનની પ્રસંગોપાત્ત કરેલી વિવેચનાના ૧૧ લેખો તેમ જ કેરળના કવિ કુરુપની કવિતા પરત્વેનો લેખ છે.

આ સંગ્રહની એક વિશિષ્ટતા એ છે કે આ વિવેચકને કવિતા પરત્વે વિશેષ આકર્ષણ હોય તેમ પ્રતીત થાય છે. આથી જ વિવેચક કવિતાને કેન્દ્રમાં રાખીને જે તે સર્જકના સર્જનની મૂલવણી કરે છે. પ્રથમ ત્રણ લેખો કવિ નાનાલાલની કવિતા વિષે છે. પ્રથમ લેખમાં નાનાલાલે 'કુરુક્ષેત્ર' મહાકાવ્યનું સર્જન કરવામાં જે 'સંનિષ્ઠ પુરુષાર્થ' કર્યો તેની વિગતે વિચારણા કરી છે, તો 'કુરુક્ષેત્ર' મહાકાવ્ય બની શકવામાં જે મર્યાદાઓ રહેલી છે તેનો નિર્દેશ પણ કર્યો છે. વળી, 'નાનાલાલ આ કૃતિને મહાકાવ્યનું સ્વરૂપ આપવામાં સફળ નથી થયા તે ગુનો નથી' એવો બચાવયુક્ત મત વ્યક્ત કરે છે. 'નાનાલાલનાં અંજલિ કાવ્યો' ને 'હરિનાં દર્શન' એ બે લેખોમાં પણ નાનાલાલના સર્જનકર્મની તટસ્થ આલોચના છે. એક લેખમાં પ્રિયકાન્તની કવિતાનું ઊંડું અવગાહન કરી, એમની સર્જન-સૃષ્ટિમાં જે ઇન્દ્રિયાતીત અનુભૂતિ ઝીલાઈ છે તે 'અત્યંત સાહજિક અને સાદ્યંત સચોટ રીતે અભિવ્યક્ત થવા પામી છે' એવું પ્રતિપાદન કર્યું છે. એ જ રીતે 'સ્નેહરશ્મિ' દ્વારા ગુજરાતી સાહિત્યમાં વિકાસ પામેલા જપાની કવિઓના અતિપ્રિય લઘુકાવ્ય પ્રકાર હાઈકુનો રસમય પરિચય તે જ કવિના પ્રથમ હાઈકુ સંગ્રહના સવિગતે તટસ્થ અવલોકન દ્વારા અહીં આપણને મળે છે. વાડીલાલ ડગલીના 'સહજ' કાવ્યસંગ્રહને 'બુદ્ધિપૂત સુઘડતા' રૂપે વર્ણવીને એમની કવિતામાંનાં ઉન્મેષોનું દર્શન પણ આમાં છે. આદિલ મનસૂરી, રાજેન્દ્ર શુક્લ, રમેશ પારેખ, મનોજ ખંડેરિયા, અનિલ જોશી જેવા નવોદિત કવિઓના કાવ્યસંગ્રહોનાં લઘુઅવલોકનોમાં એ કવિઓની કવિતામાંના વિશિષ્ટ ઉન્મેષને તેઓ અહીં વ્યક્ત કરે છે. સાથે ક્યાંક મર્યાદાનો પણ નિર્દેશ કરે છે. ઉશનસ્, નિરંજન ભગત ને સુરેશ જોશીને રણજિતરામ સુવર્ણચંદ્રક અર્પણ કરાયા, તે નિમિત્તે એમના સર્જનમાંના ઉત્તમ અંશોને અભિવ્યક્ત કરવાના હેતુસર લખાએલા લેખોમાં એમની વિવેચન-દૃષ્ટિનો સુંદર પરિચય મળી રહે છે. આમ, ગુજરાતી સાહિત્યમાંના કવિસર્જકોના સર્જનનું મૂલ્યાંકન કરતી વિવેચન-રીતિના આ લેખો પ્રા. ધીરુભાઈની કવિતાપ્રીતિ ને તદ્‌વિષયક દૃષ્ટિનો પરિચય આપી રહે છે.

'કવિતા મારે માટે આત્માભિવ્યક્તિ જ છે' એમ કહેતા આત્મલક્ષી ઊર્મિકવિ જી. શંકર કુરુપ વિષયક લેખમાં તેમનો પ્રારંભિક જીવન-પરિચય ને કવિહૃદય બનવાનાં પ્રેરક બળોનો ખ્યાલ આપીને એમના સર્જનનો ઉલ્લેખ કર્યો છે. 'એમની કવિતા મુખ્યત્વે પ્રકૃતિ અને માનવલક્ષી છે' એમ નોંધી એનાં ઉદાહરણો દ્વારા એમની કવિપ્રતિભાનું મૂલ્ય આંક્યું છે. ઉપરાંત 'તત્રત્ય'માં એલિઝાબેથ બિશપની કાવ્યકૃતિ 'મત્સ્ય'નો આસ્વાદ ને કવિ મોન્તાલે અને યેવતુશેન્કો જેવા કવિઓની કવિતામાં સ્થિત ભાવના, ક્યાંક એમની રીતિ ને ક્યાંક કાવ્યવિભાવનાનો ઉલ્લેખ છે. પાબ્લો નેરુદા, રિલ્કે, સેસિલ ડે-લૂઈ, ઑડેન, વ્હિટમન અને રૉબર્ટ ફ્રૉસ્ટ પરના લેખોમાં વિવેચકની પાશ્ચાત્ય સાહિત્યરુચિ સાથે તેને સમજી-માણીને મૂલવવાની તટસ્થ દૃષ્ટિ ને પ્રતિભાનો ખ્યાલ આવી રહે છે. પાશ્ચાત્ય કવિઓની આ કાવ્યવિભાવનાઓ વ્યક્ત કરવામાં 'કવિલોક'નું તંત્રીપદ પણ વિવેચકની સજગતાનું કારણ બન્યું છે.

આ વિવેચનો ગુજરાતી સાહિત્યમાં અવારનવાર 'અધ્યાપકીય વિવેચન'ની જે રીતિ પ્રવર્તે છે તેનાથી સદ્‌ભાગે નજીક નથી તે આનંદની વાત છે. અધ્યાપકીય પ્રવૃત્તિમાં રત રહેનાર આ વિવેચક વિવેચનના મૂળ ધર્મ વિષે સજાગ હોવાથી જ આમ બન્યું છે. વિવેચક કવિ હોઈ આ સહુ કવિઓની કવિતા અને કવિકર્મના મૂલ્યાંકનમાં સહજતા સાથે રસજ્ઞતા અને દૃષ્ટિનો સુમેળ થયો છે. [અત્રત્ય-તત્રત્ય: કર્તા–ધીરુ પરીખ, પ્ર. કુમકુમ પ્રકાશન, ગાંધીરોડ અમદાવાદ; પાકું પૂઠું, પૃ. ૨૨૪, રૂ. ૧૮] □

શબ્દકથા : ગાલ · હિલોળો · માલપૂવા

સંસ્કૃતમાં ગાલ માટે कपोल ઉપરાંત પાછળના સમયમાં गण्ड શબ્દ પણ પ્રચલિત થયો. પણ પાછળના સમયમાં गल्ल પણ વપરાતો થયો, જેના પરથી ગુજરાતી, હિંદી વગેરેમાં गाल થયો છે. गल्ल દેશ્ય શબ્દ તરીકે નોંધાયો છે, પરંતુ તે गण्डનો જ ઉચ્ચાર-ભેદ છે. સામાન્ય નિયમ તરીકે ण्डનો ल्ल થતો નથી. જેમ કે रण्डा પરથી रंड 'રાંડ', दण्ड પરથી दंड 'દાંડો' વગેરે. પરંતુ કેટલાક શબ્દોમાં બોલીભેદે ण्डનો ल्ल થએલો છે. એ રીતે गंड પરથી गल्ल થએલો છે.

हिण्डोल ઉપરથી हिल्लोल 'હિલોળો' આવું જ પરિવર્તન દર્શાવે છે.

गण्डकी નદીનું લોકપ્રચલિત નામ गलकी છે. એના મૂળમાં गल्लकी એવું ઉચ્ચારણ છે.

मालपूवाમાં રહેલા माल શબ્દના મૂળમાં રહેલો દેશ્ય मल्लय શબ્દ હેમચંદ્રે નોંધ્યો છે.: સંસ્કૃત मण्डक, પ્રાકૃત मंडय 'ઘીમાં પકાવેલ પૂડલો' એના પરથી જ मल्लय બનેલો જણાય છે. (पूवा સંસ્કૃત अपूप, पूप, પ્રાકૃત पूव પરથી થયો છે.)

દસમી-અગિયારમી શતાબ્દીથી સંસ્કૃત ઉપર બોલચાલની ભાષાઓનો પ્રભાવ વધ્યો ત્યારે गल्ल જેવા બોલીના શબ્દો રાજશેખર જેવા પ્રતિષ્ઠિત કવિઓ પણ વાપરતા હતા.

હરિવલ્લભ ભાયાણી

નવાં પ્રકાશનો

આર. આર. શેઠની કંપની

ગાંધી માર્ગ, અમદાવાદ–૧

પવનપાવડી: શ્રી રાધેશ્યામ શર્માના આ બીજા વાર્તાસંગ્રહમાંની ૨૭ વાર્તાઓ મુખ્યત્વે ટેક્‌નિક-પરસ્તીના હૃદ્ય પ્રયોગો લેખે આસ્વાદ્ય છે, ત્યારે એમાં 'સ્ટ્રીમ ઑવ કૉન્સ્યસનેસ' કે 'ચલચિત્રાત્મક શૈલીવિધાન'નો જે વિનિયોગ થયો છે તે ધ્યાનાર્હ બનશે, તો 'જન્મજન્માન્તર'માં પરિચ્છેદ વગરની ટૂંકી પંક્તિઓની દશ્યાકાર-નિર્મિતિનું વાર્તાનો કલાઘાટ કંડારવામાં કયું ઉત્તરદાયિત્વ હશે તે પ્રશ્ન પણ જાગશે જ. જેમ ઘટનાના ઘટાટોપથી જ વાર્તા ન થઈ જાય તેમ તેના તિરોધાનમાત્રથી વાર્તા ન પણ બની આવે એ સત્ય સુજ્ઞ સર્જકની અને ભાવકની આંખ સામે સદા રમતું જ હોય છે અને છતાં ય આત્યંતિક આકર્ષણનો જુસ્સો સાચી કલાકૃતિના નિર્માણમાં કેવી અસમતુલા લાવી મૂકે છે તે ય અહીં જોઈ શકાશે. ભાવક વિવેચક (અને સર્જકને ય ખરો જ ને?)ને આખરે તો 'વાર્તા' બની આવે—પછી તે ગમે તે માર્ગે—તેમાં જ રસ હોય છે. (પાકું પૂઠું, પૃ. ૧૬૪, રૂ. ૯)

કોઈ ફૂલ તોડે છે : શ્રી અશ્વિન દેસાઈના આ પ્રથમ વાર્તાસંગ્રહની ૨૬ વાર્તાઓ અગાઉ વિવિધ સામયિકોમાં પ્રકટ થએલી તે વખતે તેના લેખકની સર્જકતાનો અનુભવ કરાવી તેમની વાર્તાકાર તરીકેની ભવિ શકયતાઓનાં એંધાણ આપતી રહી હતી તે આ સંગ્રહમાં એકીસાથે વાંચતાં પુનઃ પ્રતીતિ કરાવી રહે છે. આધુનિકતાના અભિનિવેશની કોઈ ચોક્કસ સભાનતા વગર વાર્તાકારે સાહજિક રીતે તે આધુનિક બની આવે તો તેમ થવા દઈને કે કયારેક રૂઢિથી બહુ દૂર ન લાગે તેવો અનુભવ થાય તો તેમ થવા દઈને પણ વાર્તા કંડારવામાં પોતાનું કૌવત કામે લગાડયું છે તે તેમની પાસેથી વધુ સારી કલાકૃતિઓ પ્રાપ્ત થવાની આશાસ્પદ આનંદાનુભૂતિ કરાવી જાય છે. (પાકું પૂઠું, પૃ. ૧૮૩, રૂ. ૯)

બંદિશ : શ્રી વિભૂત શાહના આ વાર્તાસંગ્રહની ૨૩ વાર્તાઓમાં લેખકનો રસ મુખ્યત્વે પાત્રમાનસના કોઈ સ્પંદને વેધકતાથી નિરૂપવાનો રહ્યો છે. આમાં કયાંક નગરનું તો કયાંક ગ્રામનું વાતાવરણ છે. નિરૂપણની પદ્ધતિમાં વર્ણનાત્મક અને વિવરણાત્મક અંશો આગળ તરી આવે છે. એકંદરે સુવાચ્ય વાર્તાઓ. (પાકું પૂઠું, પૃ. ૧૯૨, રૂ. ૯-૫૦)

નિમજ્જન : શ્રી ઉત્પલ ભાયાણીના આ પ્રથમ વાર્તાસંગ્રહમાં ૧૯૭૩ થી ૧૯૭૭ દરમિયાન લખાએલી વિવિધ શૈલીની ૨૧ વાર્તાઓ સંગૃહીત કરવામાં આવી છે. મુખ્યત્વે આછીપાતળી પણ સ્થૂળ ઘટના અને સૂક્ષ્મ સંવેદનની આસપાસ આ વાર્તાઓ કંડારાઈ છે. 'વાર્તાનો અંત' જેવી વાર્તામાં વાર્તાની અંદર વાર્તાના જૂના કસબના અને તેની સાથે હકીકતને સાંકળી લેવાનો રસપ્રદ પ્રયત્ન છે, તો 'નિરીક્ષણ', 'નિમજ્જન' જેવી વાર્તાઓમાં સ્થૂળ ગતિવિધિ સાથે પાત્રમનોગત સૂક્ષ્મ ગતિવિધિનો તાર ગૂંથી લઈ વાર્તા નિપજાવવાનો પ્રયાસ થયો છે. શૈલીમાં ચતુરાઈ અને કટાક્ષનાં તત્ત્વો આકર્ષે છતાં ય કયારેક ટાળ્યાં ટળે તેવાં હોઈ તેના વિનિયોગ પ્રત્યે પ્રશ્ન જગાડે તેવાં પણ છે. ભાઈ ઉત્પલનો આ પ્રથમ વાર્તાસંગ્રહ કોઈ પણ પ્રકારની આળપંપાળ વગર વાર્તાની સીધી ગતિને તાકતો હોઈ ભવિષ્યમાં વધુ સફળ કલાકૃતિઓ મળવાની પતીજ કરાવી જાય છે. (કાચું પૂઠું, પૃ ૧૨૦, રૂ. ૬)

આઝાદીની પહેલી ત્રીસી : 'નવજાગૃતિ સમાજમાળા'ની ૧૩મી પુસ્તિકા તરીકે પ્રકટ થએલી જાણીતા લેખક-ચિંતક શ્રી ઈશ્વર પેટલીકરની આ કૃતિમાં સરલ શૈલીમાં ભારતની આઝાદીનાં ત્રીસ વર્ષનું સરવૈયું કાઢી આપણા તે દરમિયાનના રાજકીય પ્રવાહોનું તથા

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



શ્રી ખોડીદાસ પરમાર

ખોડીદાસ ભાયાભાઈ પરમાર, કારડીઆ રજપૂત. જન્મ : ભાવનગરમાં તા. ૩૧-૭-૧૯૩૦. ગુજરાતી અને સંસ્કૃત સાથે એમ એ.; પીએચ. ડી. માટે 'સૌરાષ્ટ્રના લોકસાહિત્યમાં પ્રતિબિંબિત થતી લોકકળાઓ' પરને મહાનિબંધ હમણાં જ પૂરો કર્યો છે. લોકકળા અને લોકસાહિત્યના વ્યાસંગી. ચિત્રકળામાં નૅશનલ લલિતકલા અકાદમી (દિલ્હી), ગુજ. રાજ્ય અકાદમી, આદિ ભારતની સાત કલા-સંસ્થાઓનાં પારિતોષિકો સહિત ગુજ. યુનિવર્સિટી અને સૌરાષ્ટ્ર કલામંડળના બે સુવર્ણચંદ્રકો તથા કલકત્તાની ઍકૅડેમી ઑવ ફાઈન આર્ટસનો રૌપ્યપદક મેળવ્યા છે. આ સાલ 'બાલવર્ષ' નિમિત્તે એમનું 'સૌરાષ્ટ્રના લગ્ન' એ વિષયનું એક ચિત્ર 'યુનિસેફે' છાપવા લીધું છે. એમના 'સૌરાષ્ટ્રનું લોકભરત' પુસ્તકને ગુજ. રાજ્યનું ત્રીજું પારિતોષિક મળ્યું છે. હાલ સાહિત્ય અકાદમી (દિલ્હી) માટે 'ગુજરાતનાં લોકગીતો'નું સંપાદન કરી રહ્યા છે. લોકકળા અને લોકસાહિત્ય ઉપર સાઠેક લેખો લખ્યા છે. સિંધિયા સ્ટીમ નૅવીગેશન કંપની માટે પણ વિવિધ સમયનાં વહાણોનાં ૨૦ ચિત્રો કર્યાં છે, હાલ ભાવનગરની 'વળિયા આર્ટ્સ ઍન્ડ મહેતા કૉમર્સ કૉલેજ'માં ગુજરાતીના વ્યાખ્યાતા છે.

૧ ભારતીય ભીંતચિત્રોની વ્યાપક વિશિષ્ટતા શી છે?

ઉ. એની પરંપરા પુરાણી છે. પ્રાગ-ઐતિહાસિક કાળમાં દૃશ્ય અદૃશ્ય તત્ત્વની પૂજા-ભાવના, તત્કાલીન જીવનની અનુભૂતિઓ અને મનમોજનું તેમાં આલેખન થયું છે. અજંતા અને અન્ય ગુફાઓમાં ધર્મપ્રસાર, કથાઘટકનું નિરૂપણ અને સૌંદર્યશોભનની ભાવના વિશેષ છે. આધુનિક કાળનાં ભીંતચિત્રોમાં શોભનતત્ત્વ ને કળાનું સાચું સૌંદર્ય દર્શન મુખ્ય છે.

૨ ભીંતચિત્રોમાં આપને કયા વિષયનાં ચિત્રો કરવાં ગમે? અને આપની કલાશૈલી પર કયાં કળાસ્વરૂપોની અસર છે?

ઉ. જો કે હું ભીંતચિત્રોનો નિષ્ણાત નથી, પણ સીધી રંગપૂરણી અને રેખાના કંડારથી લોકભોગ્ય શૈલીમાં રામાયણ, ભાગવત, કૃષ્ણલીલા, લોકજીવન અને લોકકથાનકવાળાં ચિત્રો સળંગ કંદોરાબંધ પટમાં ચીતરવાં ગમે છે. મૂળ સંસ્કાર લોકલઢણના એટલે લોકશૈલી તરફનો અભિગમ વધુ બળવત્તર બન્યો છે. લોકભરત, મોતીપરોણું, લોકશૈલીની ભીંતચિત્રણા અને લોકબર છાપકામની શોભનભાતો વગેરેના રંગ, આકાર અને રચનાની અસર પણ મારા ચિત્રકામમાં છે.

૩ આપને કયા બે કલાકારો સવિશેષ ગમે છે, અને તે શાથી?

ઉ. તેજસ્વી રંગોની સીધી અને સરળ રજૂઆત માટે વિન્સેન્ટ વાન ગૉઘ. હૃદયથી સાચા આ ઊર્મિલ કલાકારે સંવેદિત અનુભૂતિઓને [illegible] એટલી સચ્ચાઈથી મૂર્ત કરવા પ્રયાસ કર્યો છે. બીજા [illegible] લ વસુ. ભારતીય કળાની પરંપરા અને સ્વરૂપનાં વિવિધ રૂપોનું પરિશીલન કરીને એમણે સર્વજન આસ્વાદ્ય રૂપમાં મૌલિક રીતે એની રજૂઆત કરી છે.

૩ લોકકળાની વિશિષ્ટતા શી છે?

ઉ. પરંપરાથી મંડાતું આવતું એ દેશજ જનતાનું પેઢીઉતાર કલાસ્વરૂપ છે. સીધી, સાદી, સરળ અને સૌ કોઈ આછુંપાતળું માંડણ માંડી શકે તેવી, પ્રાપ્ય માધ્યમથી રજૂઆત પામતી તળપદ માનવસમૂહની એ કળા છે.

૫ સૌરાષ્ટ્રનાં કયાં સ્થળોથી આપ પ્રભાવિત છો?

ઉ. ગિરની વનશ્રીથી; સતાધાર, તુલશીશ્યામ ને વીરપુરની લોકસેવાની જગ્યાથી; સોમનાથ-દ્વારકાનાં વાતાવરણ અને પવિત્રતાથી તથા કોળિયાકના દરિયાકાંઠાના નકળંગના મેળાની રંગીનતાથી મને બહુ જ આનંદ થયો છે.

૬ આપને મન જીવનસાફલ્ય શામાં છે?

ઉ. શબ્દ, સ્વર અને વર્ણ બ્રહ્મસ્વરૂપ છે, તેથી વર્ણરચિત ચિત્રકળાની સતત સાધના અને દર્શનમાં બ્રહ્મદર્શનનો જ આનંદ ગણી તેમાં હું જીવનસાફલ્ય માનું છું.

૭ આપના પ્રિય લેખક, કવિ, પુસ્તક અને પાત્ર?

ઉ. લેખક સ્વ. ઝવેરચંદ મેઘાણી, કવિ સ્વ. 'કાન્ત', પુસ્તક શ્રીમદ્ ભાગવત (ખાસ કરીને દશમસ્કંધ) અને પ્રિય પાત્ર બાળ કનૈયો.

ખોડીદાસ ભા. પરમાર

દિવંગત

પત્રકાર કે. પી. કેશવ મેનન


કેરળની પ્રજા જેને 'પિતામહ'ના સંમાન્ય નામથી સંબોધતી ને શ્રદ્ધાપૂર્વક જેના નામની આગળ કર્મયોગી વિશેષણ લગાડતી તે ત્યાંના વિશ્રુત પત્રકાર ને સાહિત્યકાર શ્રી કિળક્કે પુથન મલિયાકલ કેશવ મેનન ૯મી નવેંબરે (૧૯૭૮) કોઝીકોડ મુકામે સ્વર્ગવાસી થયા.

મલયાલમ ભાષાના આજના અતિપ્રસિદ્ધ અને જંગી ફેલાવો પામેલા દૈનિક પત્ર 'માતૃભૂમિ'ના આદ્યસ્થાપક ને તંત્રી શ્રી કેશવ મેનનનો જન્મ ૧૮૮૬માં પાલઘાટના રાજવંશમાં થયો હતો. કાલિકટ અને મદ્રાસમાં શિક્ષણ મેળવીને તેઓ ૧૯૧૨માં કાયદાશાસ્ત્રના શિક્ષણ માટે ઇંગ્લૅન્ડ ગયા ને ૧૯૧૫માં ત્યાંથી આવીને વકીલાત સાથે રાષ્ટ્રીય કાર્યોમાં સક્રિય ભાગ લેવાનું શરૂ કર્યું અને ધીમધીમે કેરળ પ્રાંતીય કૉંગ્રેસ સમિતિના મંત્રી બન્યા. ઈ. ૧૯૨૩માં એમણે 'માતૃભૂમિ'ની સ્થાપના કરી તેના પ્રથમ તંત્રી બન્યા. ઈ. ૧૯૪૧માં તેઓ શ્રીલંકામાં ભારતના હાઈકમિશનર તરીકે નિમાવાથી ત્યાં ગયા ને બે વર્ષ ત્યાં કાર્ય કરી આવી ફરી એમણે 'માતૃભૂમિ'ની કાર્યધુરા સાચવી લીધી. ઉપરાંત કેરળ સાહિત્ય અકાદમીના અધ્યક્ષપદે રહ્યા. ઈ. ૧૯૬૬માં ભારત સરકારે એમને પદ્મભૂષણથી નવાજ્યા.

છેક ૧૯૬૦માં એમની દૃષ્ટિ શક્તિ નષ્ટ થઈ ગઈ છતાં તે અવસ્થામાં પણ એમણે બે કૃતિઓ રચી જે સાહિત્ય અકાદમીના પુરસ્કારની અધિકારિણી બની. એમની સાહિત્યરચનાઓમાં આત્મકથા, ગાંધીજીની જીવનકથા, યાત્રાવર્ણનો, જીવનચિંતન વગેરે વિખ્યાત છે. —શં. વિ.

ડૉ. માર્ગરેટ મીડ

માનવવંશ-વિજ્ઞાન અને જાતીય વિજ્ઞાનનાં વિશ્વ-વિશ્રુત વિદુષી ડૉ માર્ગરેટ મીડ ગઈ ૧૬મી



નવેંબરે (૧૯૭૮) ન્યૂ યૉર્કમાં અવસાન પામ્યાં. તેઓ અમેરિકાના વિખ્યાત નગર ફિલાડેલ્ફિયામાં એક સમાજશાસ્ત્રી માતા અને અર્થશાસ્ત્રી પિતાને ઘેર જન્મેલાં. તરુણાવસ્થામાં એમને કાષ્ઠકલા, ચિત્રકલા, સીવણકલા, શિલ્પ, સુથારીકામ, લોકનૃત્ય ને સંગીતનો સારો શોખ હતો.

ન્યૂ યૉર્કની કોલંબિયા યુનિવર્સિટીમાંથી બી. એ. થઈ રાષ્ટ્રીય સંશોધન સમિતિમાં ફેલોશિપ મેળવ્યા બાદ એમણે સમગ્ર જીવન માનવશરીર રચનાવિજ્ઞાનના અધ્યયન ને શોધમાં જ અર્પી દીધું હતું. અઠ્ઠાવીસ વર્ષની તરુણ વયે જ્યારે એમનું પહેલું પુસ્તક 'સામોઆ દ્વીપમાં વસતા તરુણોના જાતીય જીવન' વિષે પ્રસિદ્ધ થયું ત્યારે તે ખૂબ લોકપ્રિય બની ગયું. આજ પણ તે એ દિશામાં સીમાચિહ્નરૂપ મનાય છે.

શ્રીમતી માર્ગરેટે સાત આદિમ જાતિઓની ભાષાઓ અને જીવનવ્યવહાર વિષે તલસ્પર્શી અધ્યયન કર્યું છે. એ અંગે એમણે પ્રશાંત મહાસાગરના એટલા બધા પ્રદેશોની યાત્રાઓ કરી હતી કે લોકો એમને 'તોફાની સમુદ્રી ચકલી'ના ઉપનામથી ઓળખતા. પોતાના એક પુસ્તક 'લોકો અને સ્થળો' (પીપલ્સ ઍન્ડ પ્લેઇસિઝ)-માં પ્રાચીન સંસ્કૃતિથી માંડીને આજની પાશ્ચાત જાતિઓના જીવનવ્યવહારના અવલોકનને અંતે એમણે માનવજાતિના આશાસ્પદ ભાવિ માટે જે સૂચનો અને પરામર્શો આપ્યાં છે તે એમની માનવમાંગલ્યની ભાવનાઓ સ્પષ્ટ કરે છે.

પશ્ચિમમાં પ્રવર્તતા નારીસ્વાતંત્ર્ય આંદોલનનાં પણ તેઓ એક અગ્રણી હતાં. વિશ્વભરની અનેક જ્ઞાનશોધક સંસ્થાઓ સાથે તેઓ જોડાએલાં હતાં. એમના જીવનકર્મને કોઈક ઘટાદાર વટવૃક્ષની ઉપમા આપી શકાય. કે જેની નીચે બીજું કોઈ ઝાડ વિકસી શકે નહિ. એમની હાજરીમાં સંસારભરના માનવ-વંશશાસ્ત્રીઓ નિષ્પ્રભ બની જતા. એમણે વીસથી વધુ શાસ્ત્રીય શોધોનાં પુસ્તકો લખ્યાં છે. જેમાં એમની આત્મકથા—બ્લૅકબરી વિન્ટર અથવા સંસ્કૃતિની પ્રતિબદ્ધતા—ખાસ સ્મરણમાં અંકાઈ જાય તેવી છે. ઈ. ૧૯૭૩માં તેઓ નેહરુ સ્મારક વ્યાખ્યાનમાળામાં ભાષણ કરવા માટે ભારત આવેલાં. એમનો વિષય હતો: 'વિશ્વ એકતાની સંભાવનાઓ'. તે વખતે એમણે કહેલું કે વિશ્વબંધુત્વ અને માનવીયતા એ આજની અતિ જરૂરી વસ્તુઓ છે. ઈ. ૧૯૭૧માં યુનેસ્કો તરફથી એમનાં લોકપ્રિય વૈજ્ઞાનિક લેખનો માટે એમને કલિંગ પુરસ્કાર આપવામાં આવ્યો હતો. જગતની વિદ્યાપીઠો એમની વૈજ્ઞાનિક શોધોનાં પરિણામો સાંભળવા ઉત્સુક રહેતી. —શં. વિ.

તેના ફલરૂપ લાભાલાભોનું વિહંગાવલોકન આપ્યું છે તે આઝાદીની ભાવિ સુદૃઢ ઈમારત ઝંખનાર પ્રત્યેકને વાચનલાભ આપે તેવું હોઈ આવકાર્ય છે. (કાચું પૂઠું, પૃ. ૧૮૪, રૂ. ૯)

વાચનની સારીમાઠી ટેવ: 'નવજાગ્રતિ સમાજમાળા'ની ૧૪મી પુસ્તિકારૂપે પ્રકટ થએલી આ કૃતિમાં શ્રી ઈશ્વર પેટલીકરે આજના જમાનામાં જ્યારે વાચનભૂખ ઊઘડી છે ત્યારે તે વિષેની સારી માઠી ટેવોની છણાવટ કરી સમ્યક્ માર્ગદર્શન પૂરું પાડયું છે. (કાચું પૂઠું, પૃ. ૧૭૧, રૂ. ૭-૫૦)

સિનેમાનું સારુંમાઠું મનોરંજન: પ્રસ્તુત શ્રેણીમાં ૧૫મા ક્રમે પ્રકટ થએલી આ પુસ્તિકામાં શ્રી ઈશ્વર પેટલીકરે આજના સિનેરસિયાઓ માટે અહીં એ વિષયને લગતા પ્રત્યક્ષ અનુભવના ૧૫ લેખો આપ્યા છે તે પ્રેક્ષકની યોગ્ય રસરુચિ ઘડવામાં અને તદ્વિષયક સમજ કેળવવામાં સહાયરૂપ થાય તેવા છે. (કાચું પૂઠું, પૃ. ૧૪૮. રૂ. ૬-૫૦)

પેટલીકર: શીલ અને શબ્દ: જાણીતા લેખક-વિચારક શ્રી ઈશ્વર પેટલીકરને સાઠ વર્ષ પૂરાં થતાં એમના સન્માનમાં પ્રકટ થએલા આ ગ્રંથમાં શ્રી પેટલીકરની વ્યક્તિ, સર્જક તેમ જ વિચારક તરીકેની અક્ષર-છબિ આબાદ રીતે રજૂ કરવામાં આવી છે તે શ્રી પેટલીકરના વાચકો અને સાહિત્યના અન્ય અભ્યાસીઓને પણ રસપ્રદ અને ઉપયોગી પુરવાર થશે. (પાકું પૂઠું, પૃ. ૪૨૮, રૂ. ૨૦)

ઊકળતો ઉપખંડ: ભારતની આઝાદી પૂર્વેના ત્રણ દાયકા અને આઝાદી પછીના ત્રણ દાયકાની આપણી રાજકીય ગતિ-વિધિની તાટસ્થ્યપૂર્ણ આલોચના કરી આપણી ભાષામાં આ પ્રકારનો વિવેચન-અભ્યાસ ગ્રંથ આપવા બદલ તેના જાગ્રત લેખક શ્રી ડાહ્યાભાઈ નાગરિક અભિનંદનને પાત્ર છે. ભારતની ઊકળતી દશાનો અહીં સમ્યક્ ચિતાર આપવામાં આવ્યો છે તે માત્ર દસ્તાવેજી જ નહિ, પણ રસપ્રદ પણ રહ્યો છે. (પાકું પૂઠું, પૃ. ૫૭૪, રૂ. ૪૦)

બાલ-કિશોર સાહિત્ય

બોધોદય બાલવાર્તાવલિ: બાળકોને જીવનમાં ગમ્મત સાથે જ્ઞાન મળી રહે એવા સ્પષ્ટ ઉદ્દેશથી જાણીતા લેખક રમણલાલ સોનીએ તૈયાર કરેલી આ બાલ વાર્તાવલિમાં 'શેઠિયો સફરુદ્દીન', 'જૂતાકાકાનાં જૂતાં', 'બાઘડશાનો ઘોડો', 'લલ્લુશા વાણિયો', 'ભાલા ઠાકોર' આદિ દસ પુસ્તિકાઓનો સચિત્ર ને સ્વચ્છ છપાઈવાળો સેટ પ્રકટ કરવામાં આવ્યો છે. લેખકની કથનશૈલી બાળકો માટે રસની ઉચિત જમાવટ કરે તેવી છે. (પ્રકા. આર. આર. શેઠની કંપની, ગાંધી માર્ગ, અમદાવાદ ૧; પ્રત્યેકનું કાચું પૂઠું, પ્રત્યેકનાં પૃ. આશરે ૩૨, સેટની કિ. રૂ. ૧૨-૫૦.)

શિશુવિકાસ બાલવાર્તાવલિ: શ્રમ, સેવા, સત્યપ્રિયતા આદિ ગુણોનો બાળકોમાં વિકાસ થાય એ દૃષ્ટિથી શ્રી રમણલાલ સોનીએ તૈયાર કરેલી આ વાર્તાવલિમાં 'ગધપરાનો

ઘેડો', 'મૂર્ખ ગધેડો', 'મિયાં બીબી'. 'માટલી-રાણી', 'ધનોત પનોતની ધડાધડ', 'ડાહ્યો, દાનો અને દયો', 'મન મન શું ખાઉ', 'લંગડુ-શા', 'દુદો દોઢ વાણિયો' તથા 'ડાહ્યુ વાણિયો અને ટાલિયો ચોર' એમ દસ પુસ્તિકાનો બહુરંગી પૂંઠાવાળો અને સુઘડ છપાઈવાળો સેટ એના વાર્તાપ્રવાહ રસમયતા, ને સરળતાથી બાળકોને હોંશેહોંશે વાંચવો ગમે તેવો અને સદ્ગુણો પ્રતિ અભિમુખ કરનારો છે. (પ્રકા. ઉપર મુજબ, પ્રત્યેકનું કાચું પૂઠું, પ્રત્યેકનાં પૃ. આશરે ૩૨, સેટની કિં. રૂ. ૧૫.)

ચિત્તરંજન બાલવાર્તાવલિ: બાળકોને નિર્દોષ આનંદ પ્રાપ્ત થઈ રહે એ આશયથી શ્રી રમણલાલ સોનીએ તૈયાર કરેલી આ વાર્તાવલિમાં નીચેની સચિત્ર અને સુઘડ દસ પુસ્તિકાઓ પ્રકટ થઈ છે: 'બબલશા', 'ચટકચંદ ચટણી', 'હીંગ હાંકયું !', 'ઉજેણી નગરીનો ચોર', 'પોથી પંડિત', 'દમલો દુંદાળો અને ગવલો ગોવાળ', 'વલોણા ભટ્ટ', 'ગટુ ગવૈયો હોઈમાં !', 'ચાંગ-પો', 'ભોળાભાભા' : (પ્રકા. ઉપર મુજબ, પ્રત્યેકનું કાચું પૂઠું, પ્રત્યેકનાં પૃ. આશરે ૩૨, સેટની કિં. રૂ. ૧૨-૫૦.)

હાન્સ ઍન્ડરસન પરી-કથાવલિ: બાલસાહિત્યના વિશ્વપ્રસિદ્ધ લેખક હાન્સ ઍન્ડરસનની વાર્તાઓને આપણા લેબાસમાં રજૂ કરતી આ વાર્તાવલિમાં શ્રી રમણલાલ સોનીએ પૂરું ઔચિત્ય જાળવ્યું છે. બાળકોને કલ્પનાવિહાર કરવો ન ગમે એવું ભાગ્યે જ બને. આ પરી-કથાવલિ બાળકોને કલ્પનાની પાંખે વિહાર કરાવી આનંદલોકની યાત્રા કરાવે તેવી સત્ત્વશાળી બની છે. આ સેટની દસ સચિત્ર અને સુઘડ પુસ્તિકાઓ આ રહી: 'દરિયાપરી', 'અણનમ કલાઈ-સૈનિક', 'દડેલાલ અને ભમરલાલ', 'મણિયો અને તડતડિયો', 'કદરૂપું બતકડું', 'બકરપગા સિંહ', 'બાદશાહનું બુલબુલ', 'સિપાઈરાજ', 'જાદુના હંસ' અને 'લક્કડના લાડુ'.(પ્ર. ઉપર મુજબ; પ્રત્યેકનું કાચું પૂઠું. પ્રત્યેકનાં પૃ. ૪૬, સેટની કિં. ૧૭-૫૦.)

કહેવત કથામાળા: આપણે જે કહેવતો વાપરીએ છીએ તેની પાછળ કોઈ ને કોઈ કથા રહેલી હોય છે. એવી દસ કહેવતો લઈ તે કેમ પડી, તેની પાછળ કઈ કથા છુપાએલી છે વગેરે જિજ્ઞાસા પ્રેરિત પ્રશ્નોને બાળસહજ રસાળ શૈલીમાં રજૂ કરતી આ દસ પુસ્તિકાનો સેટ તૈયાર કર્યો છે સુરેશ ઠાકરે. અને એ દસ પુસ્તિકાઓ છે: 'સંપ ત્યાં જંપ', 'હવેલી લેતાં ગુજરાત ખોઈ', 'અક્કલ બડી કે ભેંસ', 'બોલે તે બે ખાય', 'મન ચંગા તો કથરોટ મેં ગંગા', 'શેઠની શિખામણ ઝાંપા સુધી', 'સંઘરેલો સાપ પણ કામનો', 'કરતા હો સો કીજીએ', 'દાઢીના દોઢસો, ચોટીના ચારસો' અને 'નવે નાકે દિ- ... કા. ઉપર મુજબ, પ્રત્યેકનું કાચું પૂઠું, પ્રત્યેકનાં પૃ. ૩૨, સેટના રૂ. ૧૨-૫૦.)

શરીરપરિચય માળા: શરીર એ અમૂલ્ય સંપત્તિ છે. એના પ્રત્યે બેદરકાર રહેનાર ઘણું ઘણું ગુમાવે છે. આથી શરીર વિષેની યોગ્ય માહિતી સરળતાથી બાળકોને પણ સુલભ થાય એ હિતાવહ છે. એ દૃષ્ટિએ તૈયાર થએલી બાબુભાઈ અવરાણીની આ ઉપયોગી શ્રેણીમાં નીચે પ્રમાણે દસ પુસ્તિકાઓ પ્રકટ થઈ છે, જે તેની સચિત્રતાથી વધુ ઉપયોગી બની રહે છે: 'માનવશરીર—એક મહાન કારખાનું', 'અસ્થિતંત્ર', 'પચનતંત્ર', 'લોહીનું ભ્રમણ', 'શ્વસનતંત્ર', 'ઉત્સર્ગતંત્ર', 'અંતસ્રાવી ગ્રંથિઓ', 'પ્રજનનતંત્ર', 'ચેતાતંત્ર' ને 'જ્ઞાનેન્દ્રિયો'.(પ્રકા. ઉપર મુજબ, પ્રત્યેકનું કાચું પૂઠું, પ્રત્યેકનાં પૃ. ૩૨, સેટની કિં. રૂ. ૧૫.)

વિદ્યાર્થી વાચનમાળા: ઇતિહાસ પુરાણની મહાન વ્યક્તિઓના જીવન-કાર્યને રસિકતાથી નિરૂપતી ચરિત્રાત્મક ૨૦ પુસ્તિકાઓની સચિત્ર શ્રેણીમાં નીચે પ્રમાણે પુસ્તિકાઓ પ્રકટ થઈ છે: 'મહામુનિ વસિષ્ઠ' 'મદાલસા', 'રાજકુમાર ધ્રુવ', 'સતી સાવિત્રી', 'દ્રૌપદી', 'કવિ કાલિદાસ', 'રાજા ભોજ', 'વીર વિક્રમ', 'જગદીશચંદ્ર બોઝ', 'શ્રી અરવિંદ ઘોષ', 'શ્રી ઍની બેસન્ટ', 'પ્રો. ધોંડો કેશવ કર્વે', 'વીર વિઠ્ઠલભાઈ', 'પંડિત મોતીલાલજી', 'જગતશેઠ', 'સિદ્ધરાજ જયસિંહ', 'દાનવીર જગડું', 'સિક્કીમનો સપૂત', 'મહારાણા પ્રતાપ' અને 'વીર દુર્ગાદાસ'. આ શ્રેણીના લેખકો છે. સર્વશ્રી રમણલાલ સોની, બાલાભાઈ વી. દેસાઈ, ધીરજલાલ ટો. શાહ, માધવરાવ ભા. કર્ણિક અને રમણલાલ ના. શાહ. (પ્રકા. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ફુવારા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ ૧; પ્રત્યેકનું કાચું પૂઠું, પ્રત્યેકનાં પૃ. ૨૪, સેટની કિં. રૂ. ૧૮.)

સબરસ કથામાળા: હાસ્ય અને અદ્ભુત રસની જમાવટ કરતી સર્વશ્રી દીપક મહેતા અને વંદના મહેતાએ લખેલી પાંચ સચિત્ર પુસ્તિકાઓ આ શ્રેણીમાં પ્રકટ થઈ છે તે આ રહી: 'સે નાના વાળવાળો સેતાન', 'મોતીનાં આંસુ', 'ઠઠણ ઠઠણ ઠમ', 'સુવર્ણગિરિનો રાજા' અને 'બે ભાઇઓ સરખા'. (પ્રકા. નવભારત સાહિત્ય મંદિર, રતનપોળ નાકા, ગાંધી રોડ, અમદાવાદ; પ્રત્યેકનું કાચું પૂઠું, પ્રત્યેકનાં પૃ. ૬૦ થી ૭૨, સેટની કિં. રૂ. ૧૩.)

એવા વીરલા કો'ક ૧-૨: માનવજીવનનાં શૌર્ય, સમર્પણ, સમતા, ઇન્સાનિયત આદિ ઉમદા ગુણોને વ્યક્ત કરતાં આ પ્રસંગચિત્રણો(લે. પ્રિયકાંત પરીખ, પ્ર. ઉપર મુજબ; પ્રત્યેકનું કા. પૂ., પૃ ૫૬, પ્રત્યેકની રૂ. ૨-૫૦.)

વિજ્ઞાનના મરજીવા: શ્રી યશવન્ત મહેતાએ આ શ્રેણીની ચાર પુસ્તિકાઓમાં વિજ્ઞાનના ક્ષેત્રમાં મુશ્કેલીઓ વેઠીને પણ જેમણે જ્ઞાનસાધના કરી અને જગતને અવનવીન ભેટો ધરી તેવા દેશવિદેશનાં વિજ્ઞાનીઓનાં પ્રેરણાદાયી સંક્ષિપ્ત ચરિત્રો રસિક શૈલીમાં આલેખ્યાં છે તે કિશોરોને વિજ્ઞાનના વિષયમાં રસ લેતા કરશે (પ્રકા. ઉપર મુજબ; પ્રત્યેકનું કાચું પૂઠું, પ્રત્યેકનાં પૃ. ૮૦, સે. કિં. રૂ. ૧૫.)

મહાન મુસાફરો: સત્યકથાઓ કયારેક કલ્પનાકથાઓ કરતાં રોમાંચક હોય છે તેની પ્રતીતિ કરાવતી આ શ્રેણીનાં પાંચ પુસ્તકોમાં રોચક શૈલીમાં શ્રી યશવન્ત મહેતાએ આપેલી જગતના મહાન મુસાફરોની આ સાહસકથાઓ(પ્રકા. સાહિત્ય સૌરભ, સુદેવી પાર્ક, ૪ પ્રભુદાસ ઠક્કર કૉલેજ પાસે, અમદાવાદ-૭; પ્રત્યેકનું કા. પૂઠું, પૃ. ૮૮ થી ૯૬, સે. કિં. રૂ. ૨૨-૫૦.)

આવકાર

મહાનિબંધ વર્ગીકૃત સૂચિ: લે. પ્રકાશ વેગડ, પ્રકાશક: આર. આર. શેઠની કંપની, મુંબાઈ અને અમદાવાદ. કાચું, પૃ. ૭૯, રૂ. ૧૨.

અભિવાદન (સંપાદન): પ્ર. ગોવિંદજી વસનજી શાહ, ૧, રમેશ નિવાસ, ભૂલાભાઈ દેસાઈ રોડ, મુંબઈ-૨૬. પાકું પૂઠું, પૃ. ૭૮.

અમાનત: લે. કિસ્મત કુરેશી. પ્ર. પોતે, કિસ્મત કૉટેજ, મ્યુનિ. સોસા., રાણિકા, ભાવનગર. કાચું પૂઠું, પૃ. ૮૦, રૂ. ૩-૫૦.

ભારત આંકડામાં (પ. પુ. ૪૮૧): કૉમર્સ રીસર્ચ બ્યૂરો, પ્ર. પરિચય પુ. પ્રવૃત્તિ, મુંબાઈ ૨. કાચું પૂઠું, પૃ. ૩૨, રૂ. ૦-૭૫.

ટૉલ્સ્ટૉય (પ. પુ. ૪૮૨): લે. દર્શક. પ્ર. ઉપર મુજબ. કાચું પૂઠું, પૃ. ૩૨, રૂ. ૦-૭૫.

શ્રીનૃસિંહ માહાત્મ્ય: પ્ર. રણછોડરાય સેવક મંડળ, ખંભાત. કાચું પૂઠું, પૃ. ૨૪.

હાસ્યરૂપ જૂજવાં: લે. રમેશ મ. ભટ્ટ. પ્ર. કવિતા પ્રકાશન, વકીલ વાડી એપાર્ટમેન્ટ, મણિનગર, અમદાવાદ. પાકું, પૃ. ૨૫૬, રૂ ૧૫.

પરિચયન: લે. રમેશ ભટ્ટ. પ્ર. શબ્દલોક પ્રકાશન, ૧૦૫, સર્વોદય કૉમર્શિયલ સેન્ટર, ૧લે માળ, અમદાવાદ-૧. પાકું, પૃ. ૧૨૭, રૂ. ૧૦.

અખાભગતની જીવનસાધના: લે. રમેશ મ. ભટ્ટ. પ્ર. પરમેશ પ્રકાશન, બ/૩૨, પંચવટી, મણિનગર, અમદા૦ ૮. કાચું, પૃ. ૧૬.

બ્રિજ: ડૉ. ધીરુભાઈ ગુ. દેસાઈ. પ્ર. પોતે, હનુમાનભાગડા, વલસાડ. કા. પૂ., પૃ ૧૬૮, રૂ. ૪.

અતીતની આંખે: લે. ગોસ્વામી મોહનપુરી, પ્ર. પોતે, જ્યુબિલી બીટ નં. ૧૨, પોરબંદર. કાચું પૂઠું, પૃ. ૧૫૬, રૂ. ૧૨.

પિયાબિન: લે. નાથાલાલ દવે, પ્ર. અરવિંદ દવે; સાધના પ્રકાશન, કૃષ્ણનગર, ભાવનગર. કાચું પૂઠું, પૃ. ૧૧૨, રૂ. ૬-૦૦.

વાર્તા

નિવૃત્તિમાં કલાસર્જન

બે વર્ષ પહેલાં 'કુમાર' અંક ૬૩૯માં નિવૃત્તિમાં કાષ્ઠકોતરણીની વ્યાસંગ પ્રવૃત્તિથી પોતાના








▽ આ છે શ્રી નાયકનો બેઠક ખંડ અને તેમાંથી દેખાતો જોડેનો ભોજનકક્ષ. આગળ દેખાતી દરબારી સિંહાસન જેવી બે ખુરશી, બંને ખંડને જોડતી દીવાલમાંની તોરણદ્વાર જેવી કમાન, હિંડોળો, છતમાંના દીપ-ઝુમ્મરો, સામેની દીવાલની બારીઓ પરની જાળી, પડખાની દીવાલો પરના ગોખમાંની ધાતુમૂર્તિઓ અને વચ્ચે લટકતી પિત્તળની દીવીઓ ને હિંડોળાની સાંકળ બધું જ એમણે એકલે હાથે સર્જ્યું છે. △ કોતરણી કરતા શ્રી નાયક.

આવાસને શોભનખચિત બનાવી રહેલા અમદાવાદના શ્રી રતિલાલ નાયક અને તેમના કલાકાર્યનો પરિચય આપ્યો હતો. એમની એ પ્રવૃત્તિ હજી યે જારી છે અહીં એમણે સર્જેલી બીજી કેટલીક નવી કૃતિઓ આપી છે.

અમદાવાદના સ્થાપત્ય-શોભનોમાંથી પ્રેરણા પામી બનાવેલા ગોખ અને મસ્જિદના મિમ્બર જેવાં કાષ્ઠશોભનો (ડાબી બાજુ નીચે) તથા બારણાંના આડશરૂપે મૂકેલી જાળી (નીચે). તેની પાછળ સફેદ પ્લાસ્ટિક લગાડીને તેમાંથી આવતા પ્રકાશની તીવ્રતા ઘટાડી છે. એ જ જાળીને બહારથી બંધ કરી દેવા એમણે બારણું રહેવા તો દીધું જ છે. પણ તેને યે પોતાનાં કાષ્ઠ-શોભનોથી શણગારીને જ (સામેના પાના પર નીચે) જેમાંની શોભનતકતીના એક નાગપાશની આકૃતિવાળો નમૂનો તેની ઉપર આપ્યો છે.











◁[અમદાવાદના ફોટો-કલાકારોની 'નિહારિકા' ક્લબે રાજસ્થાનમાં જેસલમીર તરફ એક પ્રવાસ યોજ્યો હતો. એમાં એક જ સ્થળે અને ક્યાંક એક જ વિષયના પણ પોતપોતાની આગવી રીતે તેના સભ્યોએ જે કેટલાંક ચિત્રો લીધેલાં તેમાંનું આ એક ચિત્ર છે. અમદાવાદના જાણીતા ફોટોગ્રાફર શ્રી પ્રાણલાલ પટેલના ફોટોકલાકાર પુત્ર આનંદ પટેલનું આ ચિત્ર જર્મનીમાં 'ફોટોકિના'એ યોજેલા આંતરરાષ્ટ્રીય ફોટો-પ્રદર્શનમાં ગયા વર્ષે શ્રેષ્ઠ ઠર્યું છે. હજી તો ૩૪ વર્ષના આનંદે આ અગાઉ ૧૯૭૩માં 'આગ્ફા'એ યોજેલી રંગીન ફોટો સ્પર્ધામાં તથા ૧૯૭૫માં જાપાનમાં યોજાએલી એક સ્પર્ધામાં પણ ઉચ્ચ ઈનામો મેળવ્યાં છે. પતિની રાહ જોતી રાજસ્થાની ગ્રામમાતા અને તેનાં બે બાળકોના આ ત્રિકોણાકાર પાત્રસંયોજનવાળા સુંદર ચિત્રવિષય પર 'નિહારિકા'ના બીજા એક ફોટોકલાકાર શ્રી સુરેન્દ્ર પટેલે પણ પોતાનું ફોટોકૌશલ અજમાવ્યું છે. પણ એમની રજૂઆત આનાથી તદ્દન ભિન્ન છે. આ અંકના પૂઠા પર તે ચિત્ર આપ્યું છે.




△ નીચે બતાવેલા દ્વારમાંની એક તકતી.



શતરંજ : કૉમ્બિનેશન્સ . . . . સુરેશ મોદી

એન્ડરસન અને ઝુકરટોર્ટની વાત કરી તો મોર્ફીને કેમ ભુલાય? તેમણે તેમની બહુ જ ટૂંકી કારકિર્દીમાં એટલાં આકર્ષક કૉમ્બિનેશન્સ રમી બતાવ્યાં છે કે તેમાંનું કોઈ એક જ કૉમ્બિનેશન પસંદ કરવું બહુ મુશ્કેલ છે. આ વખતે પસંદ કરેલી સ્થિતિમાં મોર્ફી આઠમી હરોળ પરના મ્હાતની ધમકી દઈને બહુ જ સુંદર રીતે એ મહોરું જીતે છે.

Mongredien



Morphy
White to play

ઉપરની સ્થિતિમાં મોર્ફી પાસે બે પ્યાદાં વધુ છે અને તેથી અંતમાં તેની જીત નક્કી છે, પણ તેનાથી સંતોષ પામે તો તે મોર્ફી નહિ.

1 N×N, Q×N; ઘોડાના ઊઠવાથી હાથીનો વજીર પર હુમલો આવે છે તેથી ઘોડાને વજીરથી જ મારવો રહ્યો.

2 KR–B1, Q–Q1, 3 R×Rch, Q×R; અત્યાર સુધીની ચાલથી લાગે છે કે સરખેસરખાં મહોરાં મારીને રમતને અંતના તબક્કા તરફ જલદી લઈ જવા મોર્ફી પ્રયાસ કરે છે. પણ તેનો ઇરાદો જુદો જ છે: 4 Q–N4!

વજીર સામા પક્ષના ઊંટ અને વજીર પર સામટો હુમલો કરે છે. પણ તેને કોઈને ટેકો નથી. હવે કાળો 4..., Q×Qથી વજીર જીતવા જાય તો 5 R–K8ch, Q–B1; 6 R×Qથી મ્હાત થઈ જાય. વજીરનો આકર્ષક ભોગ!

4..., Q–B1;

વજીર હુમલામાંથી બચીને ઊંટને રક્ષણ પણ આપી શકે છે તેથી પરિસ્થિતિ હજી સુધી તો કાબૂમાં લાગે છે, પણ 5 Q×B!

હજી પણ વજીરને મારી શકતો નથી. કારણ 5..., Q×Q; પછી 6 R–K8 મ્હાત છે. સફેદ કાળા ઊંટને મારીને ફરી વજીરનો ભોગ આપે છે જે કાળો સ્વીકારી શકતો નથી. ફરી વજીર અને હાથી પર સામટો હુમલો છે તેથી 5..., N–Q2; જ રમવું રહ્યું. પણ મ્હોરું ગુમાવ્યા પછી રમતમાં રમવા જેવું રહ્યું નથી. માટે 5..., Resigns.

પચ્ચીસ વર્ષ પહેલાં

કુમાર

માર્ચ ૧૯૫૪ · સળંગ અંક ૩૬૩

પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં આવેલો પ્રબોધ જોષીનો હાસ્યલેખ 'વર્ષગાંઠ':

આપણા રિવાજો બી કમાલ છે. આપણી જિંદગી કેટલા દિવસની? એ પ્રશ્નનો જવાબ એક તો ભગવાન આપી શકે, અને બીજો કોઈ સચોટ જ્યોતિષી આપી શકે. પણ આપણા વર્ષના દિવસ કેટલા એમ પૂછો તો બધા જ જવાબ આપે કે 'સનેમાં ૩૬૫ અને સંવતમાં ૩૬૦. (અધિક માસ હોય ત્યારે ૩૯૦ કોઈ નહિ કહે.)'

હવે આ ૩૬૫ દિવસ લઇએ તો ૫૨ રોકડા રવિવાર મઝાના દિવસ. તમારે તેથી ચિંતા કરવી હોય તો ચિંતા માટે ૩૧૩ દિવસ છે. આમાંથી તમને બેસતું વર્ષ, ગૂડી પડવો, ભાઈ બીજ, અખાત્રીજ, કેવડાત્રીજ, ગણેશચોથ, બોળચોથ, નાગપાંચમ, લાભપાંચમ, સામાપાંચમ, રાંધણ છઠ, શીતળા સાતમ, જન્માષ્ટમી, રામનવમી, વિજયાદશમી, દેવપોઢી એકાદશી, દિવાસો, દેવદિવાળી, ઉત્તરાયણ, શિવરાત્રી, હોળી, ધૂળેટી, શરદ પૂર્ણિમા, બળેવ, મહાવીર જયંતી, નવરાત્રીના દિન નવ અને શ્રાદ્ધના દિન દસ, એટલા દિવસો ચિંતા કરવાની સાફ મનાઈ છે. એટલે રહ્યા ૨૮૯. આમાંથી બાકીની બધી પૂર્ણિમાઓ અને અગિયારશો બાદ કરો, કેમ કે એ પણ આનંદના દિવસો. ટૂંકમાં, તમને અનાજનો કોયડો ઊભો ન થાય તે માટે સર્વે જાતની સગવડ અહીં આપવામાં આવે છે. અનાજ વધારે છે? તો ઉત્સવ કરો. ઓછું છે? તો ઉપવાસ કરો.

ધર્મ એ સમાજનું એક વિજ્ઞાન છે, અર્થશાસ્ત્રનો પર્યાય છે, તેની કોઈ ના તો પાડે! પૈસાદારો અપચાના રોગથી ભૂખે મરે છે; મધ્યમ વર્ગના લોકો વ્રતો, એકાદશીઓ અને પનોતી ટાળવા માટે કરતા એકવારિયાની મદદ લઈ ઓછું ખાય છે, અને ગરીબો ઉપવાસને આત્મશુદ્ધિનું સાધન માનીને ભૂખે મરે છે! છે તમારી કોઈ 'પાર્ટી' પાસે આનો ઈલાજ? કેમ? તમને આ લેખ ગંભીર લાગે છે? તો જવા દો ભાઈ. ગંભીર લખવામાં તડી ખાવાની છે. બાકી વાત રમૂજી છે. ઉપવાસ એક એવી વસ્તુ છે જે ધનિક, મધ્યમ અને ગરીબ ત્રણે કરે છે, પણ એનાં કારણો જુદાં છે. પૈસાદાર કરે ત્યારે મહારાજો તેમની કથામાં તેમને માન-પ્રશંસા આપે; ગરીબ કરે ત્યારે નેતાઓ તેને વટાવી ગાય અને ખાય: મધ્યમવર્ગ કરે ત્યારે તેની નાતજાતમાં ટીકા થાય.

કંઈ નહિ સાહેબ? આડી વાત કર્યે શો ફાયદો? વાત એક જ છે કે આપણે ત્યાં કેટલી બધી વર્ષગાંઠો અને જયંતીઓ છે! મુંબાઈ જેવા શહેરમાં બેસતું વર્ષ, ગુડી પડવો, પતેતી, બે ઈદ અને ન્યૂ ઈઅર આમ છ તહેવારો ઊજવાય છે. પણ મુંબઈ ઉપર 'બેઈઝ' બાંધી ગુજરાતી વાચકોને 'ટ્રાયઍંગલ' ન દેખાડાય.

એક વાત તો માનશોને કે વર્ષગાંઠ બે જાતની આવે છે? એક દેશી અને બીજી પરદેશી. તમે મને પૂછો કે 'તારી વર્ષગાંઠ કઈ તિથિએ?' તો ન તો હું સંવત કહી શકું ન તો ફાગણ વદ નોમ કહી શકું, ન વાર કહી શકું. પણ એમ પૂછો કે 'તારી બર્થ ડેઈટ કઈ?' તો જાણે હું એ કદી ભૂલી ન શકું તેવી હોય તેમ ૨૮મી માર્ચ એમ આંખ મીચીને કહી દઈશ. (મારો એક મિત્ર કહે છે કે આંખ મીંચીને કહેવું એટલે ઊંડો વિચાર કરીને કહેવું),

૨૮મી માર્ચ અમારી વર્ષગાંઠની તારીખ છે. આભાર છે ભગવાનનો કે તે તારીખે કોઈ જ જાણીતું માણસ જન્મ્યું નથી; નહિ તો આજે અમે જે વર્ષગાંઠ ઊજવી શકીએ છીએ તે ઊજવી ન શકત; કારણ કે જાણીતા માણસની વર્ષગાંઠ બધા જ ઊજવે એટલે તમારી તો બધા જ ભૂલી જાય!

વર્ષગાંઠનો દિવસ રોવાનો છે કે હસવાનો, એ પ્રશ્ન ઉપર અમે ઘણા પ્રયોગો કરી જોયા છે. અમે તેનાં લખાણો લખીને સાહિત્યિક પ્રયોગો કરી જોયા, પછી તેનાં ચિત્રો ચીતરીને કલાત્મક પ્રયોગો કરી જોયા, પછી વર્ષગાંઠનો 'સા' બનાવી સારેગમ રચી. તેના શુદ્ધ સ્વરોને સ્થાને ભૌતિક મળતર મૂકયું, –કોમળ સ્વરોની જગ્યાએ આધ્યાત્મિક અને તાત્ત્વિક મળતર મૂકયું અને ખોટની જગ્યાએ તીવ્ર સૂર મૂકયા, અને એમ વગાડી જોઈ. પછી વેપાર તરીકે પડતર અને વેચાણ કિંમત મૂકીને, તેમાંથી મળતર રહે કે ન રહે તો પણ એક વર્ષ વધ્યાનું 'સેલ્સ ટૅક્સ રીટર્ન' ભરીને મળતરમાંથી પરિશ્રમ રૂપી ઇન્કમ ટૅક્સ ભરીને સરવૈયુ કાઢી જોયું, અને છેલ્લે એમાં કંઈ પત્તો ન ખાતાં વિજ્ઞાનના સ્નાતકની હેસિયતથી રસાયનિક પૃથક્કરણ પણ કર્યું.

માનશો? વર્ષગાંઠ એ ખોટનો ધંધો છે, એ રોવાનો દિવસ છે, એ ગોદડામાં માથું નાખી સૂઈ જવાનો દિવસ છે. આના અનુમોદનમાં હું વકીલો કે સાહિત્યકારોને નહિ ટાંકું, ભગવાનોને ટાંકીશ. કૃષ્ણ જન્માષ્ટમી: આનંદને બદલે ઉપવાસનો દિન! શિવરાત્રી: ચોખ્ખો ઉપવાસનો દિન! એવું જ રામનવમીનું! એટલે જન્મદિન એ દુ:ખમાં કાઢવાનો દિન છે. બૈરાંઓ માટે તો ખાસ!

એક જગ્યાએ પ્રશ્ન પુછાયો હતો, હમણાં, કે ૧૯૨૮ના ઑગસ્ટમાં જન્મેલી વ્યક્તિની આજે ઉમર કેટલી? તમે પણ એ જ જવાબ આપોને, કે સાડી પચ્ચાસ વર્ષ? પણ જેને એના શ્રેષ્ઠ જવાબ માટેનું ઈનામ મળ્યું તે ભાઈએ કહેલું કે 'જો પુરુષ હોય તો સાડી પચ્ચાસ વર્ષ અને સ્ત્રી હોય તો ૨૧ વર્ષ!' સ્ત્રીઓને ૨૧થી વધુ ઉમરના થવું ગમતું જ નથી, તેથી ૨૧ વર્ષ પછી સ્ત્રી દરેક વર્ષગાંઠે ખાનગીમાં રડે છે; અને તમે તેને કેટલામું વર્ષ બેઠું એમ પૂછો તો જાહેરમાં રડશે. એટલા માટે તો કહેવાય છે કે શાણો પતિ એ, કે જે પત્નીની વર્ષગાંઠ યાદ રાખે છે, પણ કેટલામી તે ભૂલી જાય છે!

આ વર્ષગાંઠની વાત માંડવા પાછળ એક કારણ છે. અમારી ૨૮મી માર્ચની વર્ષગાંઠ પાસે આવતી હોઈ ગયા વર્ષનો એક પ્રસંગ અમને યાદ આવે છે.

અમારાં એક કાકી છે. મિલ્કત સારી છે. સંતાન નથી. તેથી જ મારી અને અમારા પિતરાઈની તેમની તરફ ખૂબ લાગણી છે. આજકાલ લાગણીના ભાવ બોલાય છે એ તો તમે જાણો જ છો, એટલે શું કરવા છુપાવું? એમના અવસાન બાદ અરધી મિલ્કત મને એટલે કે (જુઓને, મારું નામ કિરીટ રાખીએ) કિરીટને મળવાની, અને અરધી પિતરાઈ કુંદનને મળવાની. મારો પ્રયત્ન એવો કે બધી મને મળે; કુંદનનો એવો કે બધી જ પોતાને મળે. આ પ્રયત્ન માટેનો પ્રયોગ એ કે હું કાકીને કહું કે બધી કુંદનને આપો, તો કુંદન મને આંટે એવો હોઈ તે કાકીને કહે કે બધી કિરીટને આપો. એનો નિવેડો કાકી મરે ત્યારે આવે!

આમ છતાં કાકી દરેક વર્ષગાંઠે (તેમની નહિ અમારી) કંઈક પ્રેઝન્ટ આપે. કુંદનની વર્ષગાંઠ એપ્રિલમાં આવે. ગયા જાન્યુઆરીની વાત છે. હું કાકીને મળવા ગયો. કાકીએ કહ્યું: 'કિરીટ, કુંદનની એપ્રિલમાં વર્ષગાંઠ છે. તેને મારે હાથે ભરેલું એક સ્વેટર ભેટ આપવું છે.'

કાકી મને રોકડ રકમ આપે અને કુંદનને પોતાને હાથે ભરેલું સ્વેટર આપે? ના, ના; પછી હું અદેખાઈથી ઊભો ઊભો બળું નહિ તો શું કરું? મેં કહેવા ખાતર કહ્યું, 'સારું છે.'

કાકીએ કહ્યું, 'શું સારું છે? તેં સ્વેટર ક્યાં જોયું છે? હજી તો ભરવાનું છે.'

મેં ભાનમાં આવી કહ્યું: 'ના, ના, કાકી આ વિચાર સારો છે એમ કહું છું.'

'તો ઠીક; હવે મારો વિચાર એમ છે કે એ સ્વેટર તેને ખૂબ ગમે તે માટે આજની લેઇટેસ્ટ ફૅશનનું ભરી આપું.'

હવે કુંદન મર્યો! કાકી તેને ભેટ આપે તે, તેણે કાકીને ખુશ રાખવાં હોય તો જ્યારે તે કાકીને મળવા જાય (અને મિલ્કત જોઈતી હોય તો અઠવાડિયામાં ૩ દિવસ જવું જ જોઈએ) ત્યારે પહેરવું જ જોઈએ. મને થયું...

'કેમ કિરીટ, કંઈ બોલ્યો નહિ?'

'ના ના, કાકી, બરાબર છે.'

'તો તું તો જાણતો હોઈશને? તદ્દન લેઇટેસ્ટ ડિઝાઇન કેવી હોય છે?'

મેં કહ્યું, 'કાકી! લેઇટેસ્ટ ફૅશન કદાચ તમને ભરતાં નહિ ફાવે. પણ જો ફાવે તો...'

'ફાવશે ફાવશે; હું તો હમણાં બહુ ભરું છું.'

'તો કાકી, હમણાંની લેઇટેસ્ટ ડિઝાઈન ફિલ્મ-ઍક્ટરો માટેની છે. તેમાં આખી બાંહ્ય-નું સ્વેટર હોય...'

'એ તો સારું; ટાઢ ઓછી વાય.'

'હા કાકી, આખી બાંહ્ય હોય, ને તે આખી યે બાંહ્ય લાલ રંગની હોય અને સ્વટરને ગળે તથા કમ્મરે લાલ પટ્ટો હોય.'

'એમ?'

'હા કાકી, લાલ હોય અને અંદર એક હાર પોપટની ડિઝાઈનની લીલા રંગની, બીજી હાથીની કાળા રંગની અને ત્રીજી કરેણનાં ફૂલની પીળા રંગની હોય...'

'એ તો ટેબલક્લૉથ જેવું લાગે.'

'ના કાકી, આ તો આજની જે લેઇટેસ્ટ ડિઝાઈન છે તે કહું છું.'

'અલ્યા, બનાવટ તો નથી કરતોને?'

'ના ના, કાકી, સાચું-તમારા સમ, સાચું કહું છું.' આ મેં સમ ખાધા તે યાદ રાખજો; આગળ કામ લાગશે.

કાકીએ મને કહ્યું: 'સારું તો હવે કોઇને કહેતો નહિ કે હું કુંદનને આ ભેટ આપવાની છું.'

કુંદનને આવું બંડલ સ્વેટર અપાવનાર કિરીટ કહે તો તો થઈ જ રહ્યું ને?

ઘેર જઇને હું તો ખૂબ હસ્યો કે છેવટે મેં કુંદનને ફસાવ્યો. હવે કુંદન એ સ્વેટર પહેરશે ત્યારે શી તેની મશ્કરી લોકો કરવાના છે! એવામાં અમારાં શ્રીમતીજી આવ્યાં. હસવાનું અને આનંદનું કારણ પૂછ્યું અમે તે કહ્યું અને—અને—?

અને તેણે કહ્યું: 'સાવ બુદ્ધુ રહ્યા તમે તો! તમને જ તમારો ખોદેલો ખાડો ભારે પડયો! કાકી તમને તમારી આ વર્ષગાંઠના દિવસે સ્વેટર આપવાનાં છે. તેમને તમારી મનપસંદ ડિઝાઈન આડકતરી રીતે જાણવી હતી.'

'હેં!!!'

'હા; કાકીએ મને કહ્યું હતું, પણ તમને કહેવાની મને ના પાડી હતી.'

એ સ્વેટરની ડિઝાઈનના ખયાલે અને મિલ્કત જોઇતી હશે તો મારે તે પહેરવું જ જોઇશે તે વિચારે હું ધ્રૂજી ઊઠયો.

પણ વાતનો અંત તો બીજી રીતે આવે છે. મેં ખોટા સમ ખાધા તેથી, કાકી એ સમ લાગતાં અચાનક જ મરી ગયાં! એટલે સ્વેટર તો છૂટયું; પણ મિલ્કતનું શું ધારો છો? કોને મળી હશે? કિરીટને? કુંદનને? બંનેને અરધી અરધી?

જી ના! એ મિલ્કત તેમના ભત્રીજાને ના મળી, પણ તેમનાં ભત્રીજીને મળી.

કંઈ સમજ્યા? બૈરાંને સાસરિયાં કરતાં પિયરિયાં હમેશાં...' સમજી ગયા?

જન્મગાંઠ ઉપરથી આજની જિંદગી સુધારવાનાં સ્વપ્નાં માંડી વાળો. □

આ ને 'આ તમે જાણતા હતા?' એ નાની લેખમાળામાં આવેલો 'દાંત' ઉપરનો લેખ.

દરેક જડબામાં સોળસોળ મળીને આપણા મોંમાં કુલ ૩૨ દાંત હોય છે. દરેક જડબાની અંદર બંને છેડે, ઉપર નીચે ત્રણત્રણ દાઢ હોય છે, જેમાંની પહેલી સૌથી મોટી અને છેલ્લી, ડહાપણની દાઢ, સૌથી નાની હોય છે. એમાં નીચલા કરતાં ઊપલા જડબાની ડહાપણની દાઢ વધુ નાની હોય છે.

બાળકને છથી નવ માસની ઉમર સુધીમાં દાંત આવવા શરૂ થઈ જાય છે. આ 'જન્મના દાંત' કે 'દૂધિયા દાંત' કહેવાય છે. આગળ જતાં એ પડી જઇને એને સ્થાને કાયમી દાંત આવે છે. આ કાયમી દાંત કરતાં દૂધિયા દાંત કદમાં નાના, વધુ સફેદ ને દેખાવે સુંદર હોય છે.

ચૂનો એ દાંતના બંધારણનું મુખ્ય તત્ત્વ છે. આપણા દાંતના ઉપલા પડમાં એ સવિશેષ હોય છે. એ ઊપલું પડ અથવા એનામલ (મીનો) દાંતને મજબૂત અને કુદરતી ચળકાટ આપે છે, ને તે મુખ્યત્વે કૅલ્સ્યમ ફૉસ્ફેટ તથા અલ્પ પ્રમાણમાં કૅલ્સ્યમ કાર્બોનેટ, મૅગ્નેસ્યમ ફૉસ્ફેટ ને કૅલ્સ્યમ ફ્લુઓરાઈડનો બનેલો હોય છે. આપણે માનીએ છીએ તેમ દાંત સળંગ નક્કર નથી હોતા. મીનાના પડની નીચે દાંતનો જીવતો ભાગ આવેલો હોય છે. ને એની યે નીચેનો ભાગ પોલો હોય છે, જે દંતદ્રવ્ય અથવા 'ટૂથ-પલ્પ'થી ભરેલો હોય છે.

હરિ ૐ આશ્રમ તરફનું
અંક ૬૬૨ માટેનું રૂ. ૫૦નું
જીવનચરિત્ર પારિતોષિક
'અબ્દુલ કરીમખાં'ના લેખક
પ્રો. વસંત જોષીને મળે છે.

બીજાં પ્રાણીઓની સરખામણીમાં માણસના દાંત કંઈ ઓછા મજબૂત નથી. એના બચકાનું દબાણ સરેરાશ ૧૯૦ રતલ અંદાજવામાં આવ્યું છે. જોકે વધુમાં વધુ દબાણ ૨૯૦ રતલનું નોંધાએલું છે. આવું સજ્જડ બચકું ભરનાર હતો એક મુદ્રક—પ્રિન્ટર.

તમને માન્યામાં નહિ આવે, પરંતુ માણસના દાંતનું બચકું કૂતરા, બિલાડી કે ઘોડાના બચકા કરતાં પણ ભયંકર નીવડે છે, કારણ બીજા કોઈ પણ પ્રાણીના કરતાં માણસના મોંમાં જંતુઓનું પ્રમાણ અધિક હોય છે!

માણસ જેમ સુધરતો ગયો તેમ તેના દાંતની શક્તિ ઘટતી ગઈ. આજે યે સુધરેલા દેશોમાં દાંતની જેટલી ફરિયાદ હોય છે તેનો શતાંશ પણ જંગલી લોકોમાં નથી. કાચું માંસ ખાતા હોવા છતાં એમને દાંતની કશી ફરિયાદ નથી. માર્લબરો મુકામેના કેટલાક સમય પરના ખોદકામમાં ૨૦૦૦ વર્ષ પરના ૭૦ વર્ષના એક માણસનું હાડપિંજર મળેલું જેના બધા દાંત કાયમ હતા. આજે પણ હેબ્રિડિસ ટાપુઓમાં ૭૦ વર્ષની વ્યક્તિઓના બધા જ દાંત કાયમ રહેલા હોય છે, જ્યારે એની નજીકના મુખ્ય ભૂમિખંડો પર એથી ઊલટી સ્થિતિ છે, કારણ કે તે સુધરેલો મુલ્ક છે!

કુદરતી દાંત પડી જતાં તેને સ્થાને બનાવટી દાંત લગાવવાની શોધ કંઈ આ જમાનાની જ નથી. યહૂદીઓનાં ધર્મગ્રંથ 'તાલમુદ'માં સોના, ચાંદી કે લાકડાના અથવા તો બીજા કોઈ પ્રાણીના દાંત કુદરતી દાંતના સ્થાને જડવામાં આવતા હોવાનો ઉલ્લેખ છે. વળી સ્ત્રીઓએ શનિવારના દિવસે બનાવટી દાંત મોંમાં ન રાખવા એવી સ્પષ્ટ આજ્ઞા છે. આધુનિક સમયમાં બનાવટી દાંતનો ઉપયોગ સત્તરમી સદીથી શરૂ થયો હોવાનું મનાય છે. □




◁ વિશ્વ-બાલ-વર્ષ (૧૯૭૯) નિમિત્તે ૫મી માર્ચે બહાર પડેલી બે ખાસ ટિકિટો. પહેલી પર એક બાળકને વહાલ કરતા ગાંધીજીનું ચિત્ર ને બીજી પર આ વર્ષ નિમિત્તે શ્રી શૈલેશ મોદીએ ભારત માટે કરેલું પ્રતીક-આલેખન આપ્યું છે. (પ્રેષક- જગદીશ બિનિવાલે)

ભારતનાં વાદ્યો · તંબૂર

તંતુવાદ્યોમાં તંબૂર એ આદિ વાદ્ય મનાય છે. પ્રાચીન ગ્રંથોમાં એનો તુંબરુવીણા નામે પણ ઉલ્લેખ થયો છે. એક મોટા તૂંબડા સાથે જડેલા લાંબા પોલા દંડ અને તેના મથાળે જડેલી ચાર ખૂંટીઓ સાથે બંધાતા ચાર તારવાળા આ વાદ્યના દેખાવથી લગભગ સૌ પરિચિત છે. તંબૂરનો મુખ્ય ઉપયોગ ગાયકના ગાનમાં સૂર પુરાવવાનો છે એ પરથી એને 'તાનપુરો' પણ કહે છે. દક્ષિણ તરફ એના તાર ઉપર વાંસ કે નારિયેળની કાચલીનો લીસો ટુકડો આઘોપાછો ફેરવીને એને વીણાની જેમ પણ વગાડે છે. આવા ઉપયોગમાં લેવાતા તંબૂરને 'કોટ્ટુવાદ્યમ્' કે 'બાલસરસ્વતી' કહે છે. નાના તંબૂરને 'તંબૂરી' કહે છે. તુંબડાની ઉપર, સહેજ ઊપસેલી એવી સપાટ 'તબલી' જડેલી હોય છે. આ તબલી ઉપર એક ઘોડી રાખેલી હોય છે જેના ઉપરથી તારને સમાંતર પસાર કરીને તૂંબરાના નીચલા છેડે એ તારના નીચલા છેડા બાંધી દેવાય છે. ઘોડીથી નીચેના તારમાં ભેરવેલા મણકા જેને આઘાપાછા કરીને તારને વધુ તંગ કે ઢીલા કરીને સૂરની સૂક્ષ્મ મેળવણી કરવામાં આવે છે.

કેટલાક તંબૂરમાં તૂંબડાના બદલે લાકડાને ઘડીને ગોળ કે અષ્ટકોણાકાર જેવી પેટી જેવો ભાગ જડેલો હોય છે. આવા તંબૂરને 'કચ્છપી તંબૂર' કહે છે.





અશ્રુઝરી


માર્ગ જે નવો કરે, પ્રકાશ જે નવો ધરે,
જુવાન એ.
વમળ સામટાં તરે,
પૃથ્વીને નમી સદા, સુદૂર આભમાં ફરે,
જુવાન એ.

—હસિત બૂચ

સદ્‌ગત શ્રી દેવચંદભાઈ ચંદેરિયા

'કોમ્કાફ્ટ ગ્રુપ'ના નામે બાવીસ જેટલા દેશોમાં સંખ્યાબંધ મોટા ઉદ્યોગો ને વ્યાપાર વિસ્તારીને દુનિયાના અલ્પસંખ્ય મોટામાં મોટા ધનપતિઓમાં સ્થાન પામનાર દેવચંદભાઈ ચંદેરિયાનું ગયા ઑગસ્ટમાં નાઈરોબીમાં અવસાન થયું. એમના જવાથી ભારત, કેન્યા, ઇંગ્લૅન્ડ અને બીજા અનેક દેશોએ એક સમર્થ ઉદ્યોગપતિ, ઉદાર દાનવીર, કુશળ આયોજક અને સમાજહિતચિંતક ગુમાવ્યા.

એમનો જન્મ ઈ. ૧૯૧૬માં જામનગરમાં થયો હતો. પિતા જામનગર પાસેના ગામ ચંબાબિરાજાના વતની. જામનગર અને એની આસપાસનાં ગામડાંઓની વીશા ઓશવાળ જૈન જ્ઞાતિના સાધારણ સ્થિતિના માણસો છપ્પનિયા દુકાળના સમયથી પૈસો રળવા વખતોવખત પૂર્વ આફ્રિકા જવા લાગેલા, તેમાં દેવચંદભાઈના પિતા પ્રેમચંદભાઈ અને એમના કાકા મગનભાઈ પણ ગએલા. આરંભનાં વિદેશવાસનાં ઘણાં વર્ષો કષ્ટમાં વીત્યાં હતાં. દેવચંદભાઈ પણ નાની વયે મૉમ્બાસા જઈ એમની સાથે જોડાયા હતા. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન કેન્યામાં ઈટાલિયન કેદી સૈનિકોને જરૂરી ચીજવસ્તુઓ પૂરી પાડવાના બ્રિટિશ સરકારના કૉન્ટ્રાક્ટ મળતા થયા અને એ પરિવારની આર્થિક પ્રગતિ થતી ગઈ. કેન્યામાં ગુજરાતીઓ વેપારધંધામાં હતા ત્યારે દેવચંદભાઇએ પોતાની દૃષ્ટિ ઉદ્યોગો સ્થાપવામાં દોડાવી. અને મૉમ્બાસામાં ઍલ્યુમિનિયમનું કારખાનું સ્થાપ્યું. ધીરે ધીરે 'કોન્કાફ્ટ ગ્રુપ'ના નામથી એમણે આફ્રિકામાં યુગાન્ડા, ઇથિયોપિયા, તાન્ઝાનિયા, નાઇજીરિયા, ઝામ્બિયા વગેરે દેશોમાં પણ ઉદ્યોગો શરૂ કર્યા. ચંદેરિયા કુટુંબના બીજા સભ્યોને પણ તેમાં જોડતા ગયા અને ભાગ્યનો સિતારો ચડતો ગયો. ઈ. ૧૯૬૦ પછી બ્રિટન, ફ્રાન્સ, સ્વિટ્ઝરલૅન્ડ, બેલ્જિયમ, હોલૅન્ડ વગેરે દેશોમાં અને ઈ. ૧૯૭૦ પછી ન્યૂઝીલૅન્ડ, થાઇલૅન્ડ, ઑસ્ટ્રેલિયા, પાપુઆ, ફિલિપાઈન્સ, મલેશિયા, સિંગાપોર, કૅનૅડા વગેરેમાં પણ ઉદ્યોગ અને વ્યાપારનો વિસ્તાર કર્યો. કુશળ વેપારી નીતિ અને પ્રતિષ્ઠાને કારણે ચારે તરફથી એમને સારો સહકાર મળતો ગયો ને ત્રણેક દાયકા જેટલા સમયમાં આર્થિક ક્ષેત્રે એક પછી એક સોપાનને સિદ્ધ કરતા જઈ વર્લ્ડ બૅન્કમાં પણ ઘણી મોટી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી એની સાથેનો કરોડોનો વ્યવહાર સ્થાપ્યો.



સંપત્તિ અને કુટુંબના સભ્યોની સંખ્યા વધે ત્યારે સમગ્ર પરિવાર માટે સંપ ને પ્રેમથી રહેવાનું અઘરું બની જતું દેખાય છે, પણ પોતાના પિતા ને કાકાના અવસાન પછી દેવચંદભાઇએ પોતાના વડીલો ને પિતરાઇઓ તથા એ સૌનાં સંતાનો સહિત ટૉરૉન્ટો, લંડન, જીનિવા, નાઇરોબી, મૉમ્બાસા, મુંબાઈ, જામનગર, સિંગાપોર, હૉંગકૉંગ વગેરે વિવિધ સ્થળે પથરાએલા ચંદેરિયા પરિવારને પ્રેમ, સંપ અને સહકારના ભાવનાશીલ તાંતણે બાંધી રાખ્યા હતા. દિવસ દરમિયાન બધા ફોન દ્વારા ને થોડા થોડા દિવસે એકબીજાને ત્યાં મળવા જઈને પરસ્પરનો સંપર્ક સાધીને એમનો વિશાળ પરિવાર

એક સંયુક્ત કુટુંબની જેમ રહેતો હતો. કુટુંબની આર્થિક ને ઈતર વ્યવસ્થા પણ એવી રાખેલી કે સંઘર્ષને ઓછામાં ઓછો અવકાશ રહે. દર વર્ષે એક વાર કુટુંબમેળો પણ યોજાય ને ત્યારે તમામ કૌટુંબિક પ્રશ્નોનું નિખાલસતાથી નિરાકરણ થાય. અને એટલે જ એ સમગ્ર પરિવારમાં દેવચંદભાઈ 'બાપુજી' અને એમનાં પત્ની પુષ્પાબહેન 'બા' બની રહેલાં.

લંડનમાં એમનો નિવાસ. ત્યાં વસતા જૈન યુવાનોમાં વિદેશના પ્રભાવથી પ્રસરેલા માંસાહાર વગેરેની આદતો દૂર કરાવવા તેઓ સદાય ચિંતિત રહેતા. એવી જ પ્રબળ ભાવના એમને વિદેશવાસી ગુજરાતીઓમાં પોતાની માતૃભાષાને સજીવન રાખવા અંગેની હતી. જૈન ધર્મના અભ્યાસની પણ એમને એક લગની હતી. લંડનમાં પોતાના ઘરમાં આ ધર્મ વિષે ગુજરાતી, હિંદી ને અંગ્રેજીમાં લખાએલું બહોળું સાહિત્ય એમણે એકઠું કરેલું એટલું જ નહિ, વિવિધ સ્થળના પ્રકાશકો ને વિક્રેતાઓને પણ એવું જે કોઈ નવું પ્રકાશન થાય તે એમને મોકલી આપવાનું કાયમી સૂચન એમણે આપી જ રાખેલું, જૈન ધર્મ વિષે સરળ શૈલીનાં લોકોપયોગી પુસ્તકો જોવા મળે તો એની સંખ્યાબંધ નકલો મંગાવીને તેઓ અનેક યોગ્ય સંસ્થા કે વ્યક્તિઓમાં એ વહેંચી દેતા. લંડનમાં જૈન ધર્મના બધા જ ફિરકાઓને માન્ય એવી એક સંસ્થા, વિશાળ પુસ્તકાલય સાથે ઊભી કરવાની એમની ભાવના હતી. લંડનમાં વસતા તમામ ભારતીય લોકોમાં એમની સાંસ્કારિક પરંપરા જળવાઈ રહે એની પણ એમને ઘણી ધગશ હતી. ત્યાં ભારતીય વિદ્યાભવનની પ્રવૃત્તિમાં પણ તેઓ ઊંડો રસ લેતા અને એના નવા વિશાળ મકાન માટે એમણે માતબર રકમનું દાન પણ આપ્યું હતું.

ટિકિટો અને પ્રાચીન સિક્કાઓના સંગ્રહનો એમને શૉખ હતો. એ વ્યાસંગને એમણે પદ્ધતિસર વિકસાવ્યો હતો એટલું જ નહિ, એના શૉખિન મિત્રોપરિચિતોમાં પણ એની લહાણી કરતા. પત્રલેખનમાં પણ તેઓ બહુ નિયમિત. વિદેશવાસી ગુજરાતીઓમાંના ઘણાને પોતાની ભાષા લખવામાં મુશ્કેલી પડે છે, પણ દેવચંદભાઈના પત્રો વિગતવાર જ નહિ સરસ ભાષામાં લખાતા. કૉલેજમાં અભ્યાસ કરેલો નહિ, છતાં અંગ્રેજી ભાષા ઉપર એમનો સારો કાબૂ હતો. આફ્રિકામાં રહેવાને કારણે સ્વાહિલી પણ તેઓ માતૃભાષા જેટલી સરળતાથી બોલી શકતા ને વારંવારની યુરોપયાત્રાઓના કારણે ફ્રેંચ ને જર્મન પણ કામચલાઉ જાણતા. પોતાને ત્યાં આવતાં સંખ્યાબંધ છાપાં ને સામયિકો વાંચી ગયા પછી એમાંથી પોતાનાં કુટુંબીઓ તેમ જ બીજી વ્યક્તિઓને જે કંઈ ઉપયોગી લખાણ લાગે તેની કાપલી તેઓ મોકલી આપતા અને જો એ લખાણ વધુ જણને મોકલવા યોગ્ય હોય તો તેની ઝેરૉક્સ કોપીઓ કઢાવીને રવાના કરતા.

કામ કરવાની એમની પદ્ધતિ બહુ ચોક્કસ અને નિયમિત હતી. રોજનાં નક્કી કરેલાં કામ સાંજ સુધીમાં પાર પડે જ. ટેલિફોન, ટપાલ કે કોઈ ખરીદી વગેરે બધું જ એમના મનમાં રમતું જ હોય. એ અંગે એમને ફરી યાદ કરવાની જરૂર ભાગ્યે જ પડે. એમનો સ્વભાવ પણ શાંત અને હસમુખો. ગમે તેવી પરિસ્થિતિમાં પણ એમના ચિત્તની સ્વસ્થતા ને સમતુલા એ કદી ગુમાવતા નહિ કયારેય કોઇને માઠું લાગે એવો શબ્દ એમના મોંમાંથી નીકળતો જ નહિ. પોતે વેઠેલાં દુઃખ અને મુશ્કેલીના કારણે તેઓ બીજાની તકલીફો સમજી શકતા ને એમાં સહાયભૂત થવા સદા ય તત્પર રહેતા. જાતિ, કોમ, રાષ્ટ્ર કે ધર્મના ભેદભાવ વગર સૌને એમની મદદ મળતી જ રહેતી. પ્રસિદ્ધિની જરા પણ અપેક્ષા વગર એમનો દાનપ્રવાહ વહેતો રહેલો. ભારતમાં આદિવાસીઓના અને આફ્રિકામાં હબસીઓના ઉદ્ધાર માટે એમની સહાયથી અનેક પ્રવૃત્તિઓ ચાલે છે. આફ્રિકામાં તો હબસીઓને પોતાના ઉદ્યોગો તથા વેપારધંધામાં એમણે ભાગીદાર પણ બનાવ્યા છે. કુટુંબભાવનાને પોષક, સંસ્કારલક્ષી સામાજિક પ્રવૃત્તિઓને એમના તરફથી પ્રોત્સાહન મળ્યા જ કરતું. જામનગર અને એની આસપાસનાં ગામોમાં એમના તરફથી કેટલીક વિકાસલક્ષી પ્રવૃત્તિઓ ચાલે છે. એમના પરિવારના 'ચંદેરિયા ફાઉન્ડેશન' તરફથી પચાસ લાખથી યે વધુ રકમનાં દાન અપાયાં છે. તાજેતરમાં ગુજરાતમાં વાપી પાસે અતુલ કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ એમણે ચાલુ કરી તેની સાથે આસપાસનાં વીસેક ગામડાં દત્તક લઇને તેના ઉદ્ધારનું કાર્ય પણ શરૂ કરેલું છે.

અનેક દેશોમાં વસેલા એમના કુટુંબીઓને મળવા તથા વ્યવસાયાર્થે અવારનવાર એમના પ્રવાસો ચાલતા જ રહેતા. આ રીતે છેલ્લે મોમ્બાસામાં એમનાં બહેન કસ્તૂરબહેને વર્ધમાન તપની સો ઓળીની મોટી તપશ્ચર્યા પૂરી કરી તેની ઉજવણી નિમિત્તે તેઓ ત્યાં ગયા હતા. એ વખતે જ એમને છાતીમાં દુખાવો થતો હતો. ઉજવણી પછી નાઇરોબી જઈ પોતાની શારીરિક તપાસ કરાવવા તેઓ હૉસ્પિટલમાં દાખલ થએલા. ત્યાં તબિયત વધુ બગડી, પેટમાં અલ્સર ફાટયું અને એના ઉપચારની કોઈ કારી ન ફાવતાં ત્રણચાર દિવસની ટૂંકી માંદગીમાં ૬૨ વર્ષની વયે એમણે ગઈ ૨જી ઑગસ્ટે દેહ છોડયો.

બેપાંચ વર્ષના વિદેશવાસ ને આર્થિક સધ્ધરતા પ્રાપ્ત કરી અનેક ગુજરાતીઓ પોતાના વતન ને સંસ્કૃતિથી મોં ફેરવી લેવામાં ગૌરવ માનતા થઈ જાય છે, એવા આ કાળમાં દાયકાઓથી પરદેશમાં વસવા છતાં અને અઢળક ધનપ્રાપ્તિ પછી યે પોતાના દેશ અને સંસ્કારની આવી ખેવના રાખનાર દેવચંદભાઈ ચંદેરિયાનું જીવન આપણને ગૌરવ આપે છે એટલું જ નહિ, અનેક નવી પ્રેરણાનું પણ પ્રદાન કરે છે.

('પ્રબુદ્ધ જીવન'માંથી તારવીને) —(ડૉ.) રમણલાલ ચી. શાહ

મેથી

કુદરત મનુષ્યને આરોગ્ય માટે આવશ્યક ઉપયોગી ઔષધો, વનસ્પતિઓ વગેરે ઋતુ ઋતુ પ્રમાણે પૂરાં પાડે છે, એમાંની એક મેથી પણ છે.

ઋતુ પ્રમાણે દોષો વધે છે તથા ઘટે છે. તે દોષોને પ્રાકૃત અવસ્થામાં રાખવા ઋતુ પ્રમાણે આહારમાં મહદ અંશે ફેરફારો આવશ્યક બને છે, જેમ કે શીતકાળમાં લસણ, મેથી, આદુ, ફુદીનો, અજમો વગેરે ગરમ પદાર્થો લેવા જોઈએ જેનાથી શીતકાળમાં વૃદ્ધિ પામતા—વાત-કફ દોષોથી થતા વિકારો શાંત થાય.

આજકાલ મનુષ્યોનો ખોરાક દૂધ ઘી વગેરે સ્નેહો વગરનો થઈ ગયો છે. તેના કારણમાં પૂરતા પશુપાલનનો અભાવ છે. શહેરમાં તો એકબે દિવસનાં વાસી અને મલાઈ કાઢેલાં દૂધ મળે છે. તેથી પણ વાતવૃદ્ધિ થાય છે. તદુપરાંત વાસી શાકભાજી, ઠંડાં પીણાં, રાત્રિ જાગરણ વગેરેથી પણ વાતવૃદ્ધિ થાય છે તથા કફજન્ય રોગો પણ થાય છે. આ વાત-કફ-દોષને લીધે થતા વિકારોને માટે મેથી ખૂબ ઉપયોગી દ્રવ્ય છે. મેથી સ્નિગ્ધ, ઉષ્ણ, તીક્ષ્ણ, દીપન-પાચન ગુણયુક્ત તથા તિક્ત (કડવા) રસપ્રધાન દ્રવ્ય છે. જેથી વાતજન્ય તથા કફજન્ય વિકારોમાં લેવાય છે. તે તમામ પ્રકારના ઉદર રોગો મટાડે છે. તે ઉષ્ણ તેમ જ દીપન-પાચન હોવાથી પેટમાં થતા રોગો જેવા કે પેટમાં ગુડગુડાટ થવો, આફરો ચડવો, ઓડકાર આવવા, અપાનવાયુની છૂટ ના થતાં શરીરમાં જે બેચેની થાય છે તે, વિબંધ—ઝાડો ન થવો, ખોરાકનું પાચન ન થતું હોય, પેટ ભારે લાગતું હોય વગેરે દરેક અવસ્થામાં સૂકી મેથીને શેકીને તેના ચૂર્ણનો પ્રયોગ કરવામાં આવે તો ખૂબ જ ફાયદો થાય છે.

શરીરમાં સ્ફૂર્તિ ન હોય, આળસ ચડતી હોય, અવારનવાર શરદી થતી હોય, હાથપગમાં ખાલી ચડી જતી હોય તો આવી અવસ્થામાં મેથીના ચૂર્ણનો તેમ જ લસણ નાખેલી લીલી મેથીની ભાજીનો ઉપયોગ કરવાથી તમામ વાતજ અને કફજ વિકારો મટે છે. મધુમેહમાં મેથિકા તિક્ત રસ-પ્રધાન દ્રવ્ય હોવાથી પ્રમેહમાં પણ કામ કરે છે. વ્યવહારમાં સ્ત્રીને પ્રસૂતિ થયા બાદ મેથીના લાડુ બનાવીને આપવામાં આવે છે જેથી કરીને શરીરમાં વાયુ શાંત થાય છે, ભૂખ લાગે છે, તેમ જ વાયુની ગતિ સવળી થાય છે, ખોરાકનું પાચન થાય છે અને પેટ સુડોળ રહે છે.

શિયાળામાં ઠંડી પડતી હોવાથી શરીરમાં વાયુ વધે છે તેથી તેનો

પ્રતિકાર કરવા માટે લીલી મેથીની ભાજીનો રાતે જમવામાં સારી રીતે ઉપયોગ કરો. રાત્રે મેથીની ભાજીમાં લસણ નાખીને જમવાથી રાત્રિનો વાયુ શાંત થશે, ખોરાકનું પાચન થઇને સવારે ઝાડો સાફ આવશે ને પેટ હળવું ફૂલ થઈ જશે. (આયુ ડાયજેસ્ટ) —હરિભાઈ ત્રિવેદી

આ આપણાં અંગ-ઉપાંગ

માનવના મગજની પ્રતિકૃતિ જેવું કૉમ્પ્યુટર જો બનાવવું હોય તો તેની ઊંચાઈ ગગનચુંબી ઈમારત જેટલી રાખવી પડે અને તેનું વાયરિંગ કરતાં કંઈ કેટલાં ય વર્ષો લાગે.

માણસનું હૃદય તેની મૂઠી જેવડું હોય છે. જેમ જેમ બાળક મોટું થતું જાય તેમ તેમ તેની મોટી થતી જતી મૂઠીના પ્રમાણમાં હૃદય મોટું થતું જાય છે. અને આપણે વર્ષમાં એક કરોડ વખત શ્વાસ લઇએ છીએ.


આપણી જીભ એક સ્નાયુ છે અને તેના પરના ખરબચડા વિસ્તારમાં લગભગ ૯૦૦૦ સ્વાદપારખુ બારીક ગ્રંથિઓ હોય છે.

આપણાં આંતરડાંની લંબાઇ ૨૦થી ૩૦ ફૂટ હોય છે—એટલે કે માનવીની ઊંચાઈ કરતાં ચારથી પાંચ ગણું લાંબું તે હોય છે. ખોરાકનું સંપૂર્ણ પાચન થતાં લગભગ ૧૨ કલાક થાય છે.

નવજાત બાળકની ચામડી તેના દેહ કરતાં મોટી હોવાથી કરચલીઓવાળી હોય છે. તેને પૂરીને સપાટ કરવા માટે શરીરને છ મહિના લાગે છે.

વાળ ઍલ્યુમિનિયમ જેટલી મજબૂતાઈ ધરાવે છે. એક વાળ લગભગ ત્રણ ઔંસ સુધીનું વજન ઊંચકી શકે. અને જો વાળને ગૂંથીને તેનું દોરડું બનાવવામાં આવે તો ૨૦૦૦ રતલની મોટરને તે ઊંચકી શકે.

રાતે ઊંઘ દરમ્યાન શરીર ૩૦ થી ૪૦ વખત પડખાં બદલે છે. આથી બધા સ્નાયુઓને સરખી રીતે ને યોગ્ય પ્રમાણમાં આરામ મળે છે અને લોહીનું પરિભ્રમણ સરળ રહે છે. અને બીજાં કોઈ પણ પ્રાણી નહિ પણ ફક્ત માનવજાત જ રડીને આંસુ વહાવી શકે છે. (સ્પૅન)



માર્ચ-એપ્રિલનું આકાશદર્શન

ગયા માસના અરસામાં વહેલી રાતે લગભગ મધ્યાકાશે દેખાતાં બ્રહ્મમંડળ, મિથુન, મૃગ, શ્વાન, શુની, એકશૃંગ વગેરે તારામંડળો હવે પશ્ચિમ તરફ ઢળેલાં દેખાશે; તો પૂર્વમાં ઉત્તરે કાલિય, સપ્તર્ષિ, મૃગયશુન, કેશ, સિંહિકા, કન્યા ને દક્ષિણે ચષક, હસ્ત, નરાશ્વ વગેરેનું દર્શન હવે વધુ સ્પષ્ટ થતું જણાશે. હજી યે બ્રહ્મહૃદય, પુરુષ, રોહિણી, આર્દ્રા, બાણરજ, પ્રભાસ, વ્યાધ,મઘા, અગસ્ત્ય જેવા અત્યંત તેજસ્વી દેખાતા તારાઓથી આકાશ ઝળહળે છે. આમાં યે નરી આંખે સૌથી વધુ ચળકતા લાગતા વ્યાધના તેજફુવારાનું દર્શન તો અત્યંત મનોહર છે. અલબત્ત, એની ખરી મઝા તો દૂરબીનથી જ માણી શકાય, પણ છતાં યે રાત્રિ દરમિયાન વિવિધ સમયે એના રૂપદર્શનનો લહાવ માણવા જેવો છે. વ્યાધ પછી એવું જ મનહર દર્શન દક્ષિણ આકાશમાં અગસ્ત્યનું છે. આ બધા ચળકતા તારાઓનાં તેજઝબકારની વચ્ચે કર્કની પાસે ગુરુ, સિંહમંડળના મઘા અને પૂર્વા ફાલ્ગુનીની વચ્ચે દક્ષિણે શનિ, અને પરોઢથી સૂર્યોદય સુધીમાં પૂર્વાકાશમાં દેખાતા શુક્રના સ્થિર તેજનો પ્રભાવ પણ અનેરો છે. બુધ હવે સાંજે પશ્ચિમ ક્ષિતિજે નહિ પણ એપ્રિલના આરંભથી વહેલી સવારે પૂર્વાકાશમાં ઉદિત થતો જોવા મળશે. —બિ. ટાંક

આ માસ (માર્ચ) ઇતિહાસમાં

તા. ૬/૧૪૭૫ જગનામી ચિત્રકાર, શિલ્પી, સ્થપતિ ને કવિ માઇકેલ ઍન્જેલોનો જન્મ.

તા. ૧૨/૧૯૪૮ ઈ. ૧૮૬૬માં બર્મા (બ્રહ્મદેશ) જીતીને અંગ્રેજોએ હિંદમાં આણેલું ત્યાંના રાજા થીબૅનું સિંહાસન ભારતે બ્રહ્મદેશને પાછું સોંપ્યું.

તા. ૧૩/૧૮૫૪ અંગ્રેજોએ ઝાંસી ખાલસા કર્યું. છેક ૧૮૧૭થી રાજા રામચંદ્રરાવ સાથે કરેલી મિત્રતાભરી સંધિ મુજબ ઝાંસી સાથેના અંગ્રેજોના સંબંધો બાહ્ય રીતે સારા જળવાઈ રહેલા. નિઃસંતાન રાજા ગંગાધરરાવે અંગ્રેજ અમલદારોની હાજરીમાં જ હિંદુ ધર્મશાસ્ત્રાનુસાર બાળક દામોદરરાવને દત્તક લીધેલો. પણ ગંગાધરરાવના મૃત્યુ પછી ૧૮ વર્ષની એની વિધવા રાણી લક્ષ્મીબાઈ પાસેથી ઝાંસીનું રાજ્ય પચાવી પાડવા અંગ્રેજોએ એ દત્તવિધાનને અમાન્ય ઠેરવીને ઝાંસી ખાલસા કર્યું અને લક્ષ્મીબાઇને માસિક પાંચ હજાર રૂપિયાનું પેન્શન બાંધી આપ્યું. લક્ષ્મીબાઇ ૧૮૫૭ના બળવામાં અંગ્રેજો સામે લડી તેમાં આ પણ એક મુખ્ય કારણ હતું.

તા. ૧૪/૧૯૪૮ હિંદના કારીગરોને હાથે બનેલું ૮૦૦૦ ટનનું પ્રથમ જહાજ 'જલઉષા' પં. જવાહરલાલ નેહરુના હસ્તે વિશાખાપટ્ટમમાં તરતું મુકાયું. ૧૯૬૫માં દ્વિતીય નૌવહન દિનની ઉજવણી નિમિત્તે છેલ્લી સજાવટ પછી એને સેવાઓમાંથી નિવૃત્ત કરવામાં આવ્યું ત્યાં સુધીમાં ૧૦૫ ખેપ કરીને એણે કુલ ૮,૮૬,૦૦૦ ટન જેટલા માલની હેરફેર કરેલી.

તા. ૧૫/૧૯૪૮ ગાંધીજીના અનુયાયીઓનું સંગઠન કરી તેમનું રચનાત્મક કાર્ય આગળ ધપાવવા 'સર્વોદય સમાજ'ની સંસ્થા સ્થપાઈ.

તા. ૧૯/૧૯૫૨ કલકત્તામાં ભારતની નવી ટંકશાળનું ઉદ્‌ઘાટન થયું. એશિયાભરમાં આવી અદ્યતન આ એક જ ટંકશાળ છે.

તા. ૨૩/૧૮૫૪ હિંદુસ્તાનમાં પહેલવહેલી વીજળી નખાઈ.

તા. ૩૧/૧૯૨૧ મૉન્ગોલિયાના સ્વાતંત્ર્યની જાહેરાત. ઉત્તરે સોવિયેત સંઘ અને બાકીની બધી દિશાએ ચીનની વચ્ચે આવેલા લગભગ ૬,૦૪,૨૪૭ ચો. મા.માં વિસ્તૃત આ દેશની મૉન્ગોલ પ્રજા એક સમયે બહુ શક્તિશાળી હતી. છેક યુરોપ સુધીના દેશો જીતી લેનાર ચંગીઝખાન મૉન્ગોલ જ હતો. માર્કો પોલોએ જ્યારે ચીનની યાત્રા કરી ત્યારે ત્યાં શાસન કરતો કુબલાઈખાન પણ મૉન્ગોલ જ હતો, અને ૧૫૦૦ માઈલ લાંબી ચીનની જગવિખ્યાત દીવાલ આ મૉન્ગોલોના આક્રમણ સામે જ રક્ષણાર્થે બંધાઈ હતી. મૉન્ગોલ સામ્રાજ્યના અંત પછી એના ઉત્તર તરફના 'આઉટર મૉન્ગોલિયા' કહેવાતા ભાગમાં ચીનના મંચુ વંશનું શાસન હતું અને દક્ષિણના 'ઈનર મૉન્ગોલિયા' પર પેકિંગનું શાસન ચાલતું. ૧૯૧૧માં મંચુઓ ઊથલી પડતા આઉટર મૉન્ગોલિયામાં સ્વાયત્ત શાસન સ્થપાયું. જો કે તેમાં રશિયાના ઝારની ઘણી વગ હતી. ૧૯૧૭માં રશિયામાં ક્રાંતિ થઈ અને ચીનમાં ડામાડોળ રાજસ્થિતિ સર્જાતાં રશિયાના ટેકાથી ક્રાંતિકારીઓએ મૉન્ગોલિયા પોતાને હાથ કર્યું. એ પછી એ પ્રજાસત્તાક બન્યું. ૧૯૪૬માં રાષ્ટ્રવાદી ચીને એના સ્વાતંત્ર્યને સ્વીકૃતિ તો આપી પણ પેકિંગમાં સામ્યવાદી સત્તા આવ્યા પછી જ એ બે દેશો વચ્ચે રાજદ્વારી સંબંધો સ્થપાયા હતા.



સમુદ્રની સપાટીથી ત્રણચાર હજાર ફૂટ ઊંચા એ દેશના ઉત્તર ભાગના જંગલ આચ્છાદિત પહાડી પ્રદેશો દક્ષિણ તરફ સપાટ થતા જઈ ઘાસવાળાં અર્ધરણ સમા ને છેક દક્ષિણે વેરાન રણ સમા બની જાય છે. અગ્નિ દિશાના આ વેરાન ભાગ પર ગોબીનું રણ ફેલાએલું છે. ઊંચાઇને કારણે આ દેશનું હવામાન લગભગ સૂકું અને શિયાળામાં અત્યંત ઠંડું રહે છે. આટલા વિશાળ દેશની વસતિ માત્ર તેર-ચૌદ લાખની જ છે જેમાં મુખ્યત્વે મૉન્ગોલ અને તુર્ક લોકો છે. મુખ્ય ધર્મ તિબેટન બૌદ્ધ. ભાષા મૉન્ગોલ અને રશિયન. લગભગ ૮૦ ટકા લોકો શિક્ષિત છે. ચામડાની ચીજો, ઊન ને ઊની કાપડ એનું મુખ્ય ઉત્પાદન, ઘઉં એ મુખ્ય ખેત પેદાશ. ઢોર, માંસ, માખણ, ઊન, ચામડું, ફર વગેરેની નિકાશ સામે યંત્રો, કાપડ, પેટ્રોલ ને ઇમારતી માલસામાનની એ આયાત કરે છે. ઉલાન બૅટાર એનું પાટનગર છે જેની આસપાસ ગીચ વસ્તી છે ને એ તરફનો પ્રદેશ પણ સારી પેઠે વિકસિત છે.



'તું ખરો ચેઈન-સ્મોકર છે! સિગારેટ વડે સિગારેટ સળગાવી એક ઉપર બીજી સળંગ પીધે જ રાખે છે, અને એ રીતે ધૂમ પૈસા વેડફી નાખે છે!'

'એ હશે. પણ હું દિવાસળીના કેટલા બધા પૈસા બચાવું છું એ નથી જાણતો?'

∞

કેદી: મને લાગે છે કે મને સમય આપો તો હું મારી નિર્દોષતા પુરવાર કરી શકીશ.'

જજ: બાર વરસ!

∞

'પછી ઑસ્પિટલમાં તમારાં પત્નીના મોંનો એક્સ-રે ફોટો લીધો હતો?'

'એમણે પ્રયત્ન તો કર્યો, પણ પરિણામમાં ચલચિત્ર ઊતરેલું.'

∞

બસ કંડકટર–એક નાના છોકરાને. તને બારમું વર્ષ ક્યારે બેસશે?

છોકરો: આ બસમાંથી ઊતરું કે તરત જ.

∞

'ડૉ. શેઠ સૌથી સારા ડૉકટર છે.'

'કેવી રીતે?'

'હું ખૂબ માંદો હતો ત્યારે મેં ડૉ. મહેતાને બોલાવ્યા. એમણે મને દવા આપી, પણ એથી દરદ વધ્યું. એટલે મેં ડૉ. પંડયાને બોલાવ્યા. એમણે ગોળીઓ આપી અને દરદ ખૂબ વધી ગયું. છેવટે મેં ડૉ. શેઠને બોલાવ્યા. એ આવ્યા જ નહિ, અને હું સાજો થઈ ગયો.'

∞

'આ ઑફિસમાં કેટલા માણસો કામ કરે છે?'

'અરધા.'



(જનસત્તામાં સ્વ. 'શિવ')

ઇન્દ્રવંશ

આપત્તિ જો આવી પડી જ છે તો, તેનો કરો મક્કમતાથી સામનો.

સુખી તેઓ છે, જે સ્વપ્નાં સેવી શકે છે ને તેને સાચાં પાડવા-નું મૂલ્ય ચૂકવી શકે છે.

લશ્કરી ગુના માટે માફી આપવાનો અધિકાર પ્રમુખ તરીકે માત્ર એકલા લિંકનને હતો, અને તે ઘણો દયાળુ હતો એટલે વગદાર માણસોની ભલામણો સાથે ઘણી અરજીઓ તેના પર આવતી. એક વાર એક સિપાહી તરફથી કોઈના પણ ભલામણપત્ર વિનાની માત્ર નાનકડી સાદી અરજી જ આવેલી જોઈ તેણે પૂછ્યું : 'શું આ માણસને કોઈ મિત્ર જ નથી?'

એક કારકુને કહ્યું : 'ના જી, એકે ય નથી.'

'તો તો હું જ તેનો મિત્ર બનીશ.' એમ કહીને લિંકને તેના પર ક્ષમાનો શેરો માર્યો.

कहेवतो : 'ખીલો દૃઢ તો ભેંશનું શું કામ?' —કાંઈ પણ મહેનત કે ખર્ચ વિના સહેલાઈથી કામ પાર પડતું હોય એવી સ્થિતિ માટે વપરાતી કહેવત.

અનેકાર્થી શબ્દ : **વલણ** = વૃત્તિ, મનનું વળવું તે; રસ્તા કે નદીનો વળાંક; કવિતામાં આવતો ઊથલો; જુવારના ગીચ ચાસમાંથી ઉખેડી લીધેલા છોડ; નફા તોટાની ઉપરામણી; મરોડ, આકાર કે ઘાટ.

આઠ કળી લસણની ૦ા શેર દૂધ સાથે ઘૂંટીને લેવાથી લોહીના દબાણમાં ફાયદો થવા ઉપરાંત સંધિવા મટી જશે.



આજથી ૭૫ વરસ પર ઈ. ૧૯૦૩ની ૧૭મી ડિસેમ્બરે વિલ્બર અને ઑલિવર રાઈટ નામના બંધુઓએ અમેરિકાના નૉર્થ કૅરોલિના પરગણામાં લિક ડેવિલ ટેકરી ઉપર જે સ્થળેથી પહેલવહેલું યાંત્રિક વિમાન ઉડાડ્યું તે સ્થળે ઊભું કરેલું તેમનું સ્મારક.

गुणा गुणज्ञेषु गुणा भवन्ति
ते निर्गुणं प्राप्य भवन्ति दोषाः।
आस्वाद्य-तोयाः प्रभवन्ति नद्यः
समुद्र मासाद्य भवन्त्यपेयाः॥

સદ્‌ગુણો ગુણી પુરુષો પાસે ગુણ તરીકે રહે છે. તે નિર્ગુણી પુરુષો પાસે જઇને દોષ બની જાય છે. નદીઓ સ્વાદુ જળવાળી હોય છે, પરંતુ સમુદ્રને પ્રાપ્ત કરી તે અપેય બની જાય છે.

અંકસંદર્ભ—**આઠ: અષ્ટ ભોગ—સુગંધ**, વનિતા, વસ્ત્ર, ગાન, તાંબુલ, ભોજન, શય્યા, દ્રવ્ય.

તારીખ પરથી વાર જાણવાની રીત

(૧) ઈસ્વી સનના પૂર્ણ સૈંકડાને પૄથી ગુણો. (૨) ઈસ્વી સનના પૂર્ણ વર્ષના આંકડાને ૄથી ગુણો. (૩) વર્ષનીશરૂઆતથી ઈષ્ટ દિવસ સુધીની દિવસ સંખ્યા કાઢો. પછી એ ત્રણેના આવેલા જવાબનો સરવાળો કરી તેને ૭થી ભાગતાં જો શેષ ૦ આવે તો રવિવાર, ૧ વધે તો સોમવાર... ને એમ ૬ વધે તો શનિવાર. દાખલ તરીકે તા. ૧૫-૩-૧૯૭૯ના દિવસનો વાર શોધવો હોય તો (૧) પૂર્ણ સૈંકડા ૧૯×પા=૯૯ાા, (૨) પૂર્ણ વર્ષ ૭૯×૦ા=૧૯ાા, (૩) વર્ષની શરૂઆતથી ઈષ્ટ દિવસ સુધીના દિવસો ૧૯૪.

હવે એ બધાંનો સરવાળો કરતી વખતે જે આંકડા અપૂર્ણાંક હોય તેને પૂર્ણાંક કરી દેવા

(૧) ૯૯ાા અપૂર્ણાંક છે તેનો પૂર્ણાંક	૧૦૦
(૨) ૧૯ાા ,, ,, ,, ,,	૨૦
(૩) દિવસ	૭૪
	૧૯૪

હવે ૧૯૪÷૭=શેષ ૫ એટલે ગુરુવાર.

ભાત ચડતા હોય ત્યારે તેમાં થોડો લીંબુનો રસ નાખવાથી ભાત ઊજળા થાય છે ને લચકો નહિ થતાં એના દાણા છૂટા પડે છે.

ઘાસની વિવિધ જાતો : ૧ સાઇલેજ (સૂકું), ૨ ઝીંઝવો, ૩ ગીની, ૪ સમેરવો (ધઉલો), ૫ દર્ભ, ૬ ચકલી-ચોખા, ૭ સફેદ સુરવાળી (લાંપડું), ૮ ભાથું, ૯ કરકરિયું, ૧૦ ભેંઠ, ૧૧ કાળો સુરવાળો, ૧૨ ધોળી ધ્રમણ, ૧૩ આરોતારો, ૧૪ મણચું, ૧૫ ખારિયું, ૧૬ કાંચળું, ૧૭ નાનું લાંપડું, ૧૮ ઝેઝરું, ૧૯ વેકરિયું, ૨૦ વરેલું, ૨૧ સામો, ૨૨ ખરો, ૨૩ ગાંધુ (સૂકું), ૨૪ ગાંધુ (લીલું), ૨૫ મોથ (મીઠો). —બાબુ વોરા



ડ્રૅગન ફ્લાઈ તરીકે ઓળખાતી આ ખડમાખ તો લગભગ બધાએ જોઈ હશે. પોતાના વજન કરતાં બમણા વજન જેટલી માખો એ બેએક કલાકમાં આરોગી જાય છે. આ ખડમાખો માણસ માટે ઉપદ્રવી હોવાની કેટલાકની માન્યતા ખોટી છે.

સીવવાના સોયાનાં માથાનાં બાર તૂટી ગયાં હોય તો નકામી ટૂથપેસ્ટનાં ઢાંકણાં જિલેટીનના સિમેન્ટ વડે બેસાડી દઈ કામ ચલાવી શકાશે.



કલાકણિકા : ગાલીચાની ગૂંથણી કે શાલ પરના ભરતની નહિ, પણ દીવાલ પર જડેલી ઈરાની લાદીઓ પર આલેખાએલી આ ભાત છે. સમગ્ર ભાતના અલગ અલગ ખંડના આલેખનવાળી આ લાદીઓના સંધાણની ચોકસાઈ ને તેમાં આલેખાએલી વેલબુટ્ટાની ભાત કલ્પનાશીલતા ને કારીગરીનો સુભગ સમન્વય દર્શાવે છે.

અનુસંધાન] **વાચકો લખે છે** [પૃ. ૬૫થી

પત્ર લખ્યો છે શ્રી અશોક હર્ષ લિખિત ચરિત્ર 'હઝરત મહલ'માંની એક લીટી પર વાંધો ઉઠાવવા: 'ઉપરાઉપરી ઊગમો કરતો જઈ અવધનો એ કનૈયો કેશરબાગમાં રાસલીલા જ રમતો રહેલો.'

અર્ધદગ્ધ, અર્ધગ્રામ્ય, અવિચારશીલ એવા લોકોને મોંએ આવી ઉપમા ઘણી વાર સાંભળી છે. ત્યારે ઊકળીને કહેવું ય ફાવ્યું છે કે 'જે વિષે સમજતા નથી તે વિષયની સરખામણી ન કરવી' શ્રીકૃષ્ણ અને વાજિદઅલી શાહને એકાકાર કરી દેવામાં કયો દોષ થયો તે માત્ર અલંકારશાસ્ત્રીઓ ય આંખ મીંચીને કહી શકશે.

'ધાર્મિક લાગણી દુભાવા'નો અહીં ખાસ સવાલ નથી, પણ સંસ્કારધુરા હાથમાં હોય તેવા સામયિકમાં આવું ગ્રામ્ય રૂપક? શ્રીકૃષ્ણના નામને અભડાવવામાં છીછરા, ઊસમજ, અસંસ્કૃત લોકોએ કંઈ બાકી નથી રાખ્યું. તેમાં આપણે ય ઉમેરો કરવાનો? ને એ ખ્યાલ જાણ્યે-અજાણ્યે દૃઢ કરવાનો?

શૌર્યહીન, વિલાસી, કામી, કાયર અને તેથી પોતાની પ્રજાને ઉજાડી મૂકનાર નવાબની ક્રીડા ક્યાં અને રાસલીલા ક્યાં? એ પોતે કેસરબાગમાં ખાસ રાસલીલાને નામે વિલાસક્રીડાઓ યોજતો તે જાણમાં છે. એ વાત કહેવાની હોય તો લેખકે સ્પષ્ટ કરવું જોઈએ.

વધુમાં યોગ્ય લાગે તો અભ્યાસીઓની કલમે 'શ્રીકૃષ્ણ' નામના સંસ્કારનો પરિચય આપતા લેખો અમને આપો.

(કલકત્તા) —ભારતી ગણાત્રા

ઉશનસનાં ચાર સૉનેટ

'કુમાર' નવેમ્બર '૭૮ (અંક ૬૫૯)માં ઉશનસે 'નવજાત શિશુની આસપાસ' સૉનેટ ચતુષ્ટયથી કવિતાપ્રેમીઓને ન્યાલ કરી દીધા. એક જ વિષય વિભિન્ન સ્થિતિમાં મનોવૈજ્ઞાનિક ભાવથી વર્ણવીને કવિએ કમાલ કરી!

(કલકત્તા) —અનુરાગ પીપળિયા

શ્રવણનાં માતાપિતા

ઑક્ટોબર '૭૮ના અંકમાં ભાઈશ્રી જીતેન્દ્ર દવે શ્રવણનાં માતાપિતાનાં નામ જાણવા માગે છે, તે મારી જાણકારી મુજબ લખી મોકલું છું. શ્રવણની બાળનાટિકા (સંગીત અભિનય) લખવા માટે સંશોધન કરતાં પૂજ્ય આત્મપ્રકાશ સ્વામી પાસેથી મને એ મળ્યાં છે:

પિતાનું નામ શાંતનુ, માતાનું નામ જ્ઞાનવતી, પત્નીનું નામ સાવિત્રી. શ્રવણનાં માતાપિતા જન્માંધ ન હતાં પરંતુ શ્રવણનાં લગ્ન થયા પછી અંધ થઈ ગયાં હતાં. શ્રવણનાં માતાપિતાને ખયાલ પણ હતો કે શ્રવણ ૧૯ વર્ષનો થતાં જ અમને અંધાપો આવશે.

(અમદાવાદ) —જયંતીલાલ દવે (વિશ્વરથ)

૨

શ્રવણનું ખરું નામ શ્રાવણ હતું. તેના પિતાનું નામ શ્રવણ, અંધક, કંદર્પ, ગ્રહભાનુ, શાંતનુ કે શાંતવન મુનિ હતું, અને માતાનું નામ જ્ઞાનવતી, દેવી કે શાંતુ હતું. આ લખાણ ક્યાંથી મળ્યું તેની નોંધ નથી.

(કટારીઆ-કચ્છ) —ડાહ્યાભાઈ પી. શાહ

૩

ઑક્ટોબર ૧૯૭૮, અંક ૬૫૮માં માસમાસનાં વ્રતોત્સવો, ૧, કાર્તિક શીર્ષક નીચે લખાએલા લેખમાં સુદ ૯ના રોજ સહજાનંદ સ્વામીનું પ્રાકટ્ય લેખકે જણાવ્યું છે તે હકીકત ખોટી છે. સહજાનંદ સ્વામીનો જન્મ ચૈત્ર સુદ ૯ વિક્રમ સંવત ૧૮૩૭, તા. ૨ ૪ ૧૭૮૧ ને સોમવારના રોજ છપૈયા મુકામે થએલો છે.

શ્રવણના પિતાનું નામ-સતઋષિ ને માતાનું નામ સરૂપા હતું. એમ મારા એક કાકા પાસેથી જાણવા મળ્યું છે.

(વીરમગામ) —હીરાભાઈ મી. રાઠોડ

૪

મારા જાણવા મુજબ રામાયણમાં એક ઠેકાણે શ્રવણના પિતાનું નામ ચાલંધર અને માતાનું નામ ગ્રહભુતા છે.

(સુરેન્દ્રનગર) —સુધાકર આઈ. જાની

ભગવતીકુમારની વાર્તા

ઑક્ટોબર '૭૮ના અંકમાંની શ્રી ભગવતીકુમાર શર્મા લિખિત વાર્તા 'કમાડ ઊઘડ્યાં નહિ' એક અવિસ્મરણીય વાર્તા છે. ઘણા લાંબા સમય પછી 'કુમાર'માં એક સત્ત્વશીલ ને અતિ ભાવસભર નવલિકા પ્રગટ થઈ. ગુજરાતી સાહિત્યમાં ટૂંકી વાર્તા ક્ષેત્રે આ નવલિકા યાદગાર બની રહેશે એમાં શંકાને સ્થાન નથી. અતીતનું સંભારણું અને તે દ્વારા વ્યક્ત થએલ એક ભાવુક વ્યક્તિની મનોવ્યથાનું હૂબહૂ આલેખન થયું છે. શ્રી ભગવતીકુમાર શર્માને મારાં અભિનંદન! 'કુમાર'ને પણ આવી સુંદર વાર્તા પ્રકટ કરવા માટે ધન્યવાદ આપું છું!

આજે જ્યારે ટૂંકી વાર્તા ક્ષેત્રે કેવળ નિરાશામય વાતાવરણ નજરે પડે છે. ત્યારે આ વાર્તા સીમાચિહ્નરૂપ બને તો નવાઈ ન કહેવાય.

(અમદાવાદ) —ઈશ્વરલાલ પરમાર

વિનુ માકડ વિષે

નવેમ્બર '૭૮ અંકમાં વિનુ માકડ અંગેનો વિગતપૂર્ણ લેખ વાંચ્યો. એમાં બેએક હકીકતદોષ (જે મને લાગે છે તે) તરફ ધ્યાન ખેંચું છું:

૧) વિનુ માકડ આલ્ફ્રેડ હાઈસ્કૂલ રાજકોટની ટીમમાંથી રમેલા નહિ, પરંતુ આલ્ફ્રેડ હાઈસ્કૂલ સામે જામનગર હાઈસ્કૂલમાંથી રમેલા. હિલ-શીલ્ડની તે ફાઈનલ મેચ હતી. રાજકોટના પૅલેસ ગ્રાઉન્ડ પર રમાએલી.

૨) વિનુભાઈ ચતુરંગી મૅચમાં હિન્દુ તરફથી રમેલા તે વાતનો ઉલ્લેખ નથી થયો. મારો ખયાલ છે કે વિખ્યાત ફાસ્ટ બોલર મહમદ નિસાર સામે તે રમેલા.

૩) માકડની સ્લિપમાંથી ઝડપથી જતી late cut પણ સુંદર ગણાતી. બહુ જ artistic stroke લેખાતો. બાકી ભાઈ ભરત ના. ભટ્ટના લેખથી આનંદ.

(રાજકોટ) —અરવિંદ મ. ધોળકિયા

ન બોલ્યામાં નવ ગુણ

'નવ' એટલે ૯ (અંક) કે નવ: નવીન પ્રકારના?

(અમદાવાદ) —હરિનારાયણ આચાર્ય

વરસી

અંક ૬૫૯માં વાર્તા 'મૃત્યુ' આજના માનવસ્વભાવનું વિવરણ આપે છે. શાંતિલાલની વરસી વરાઈ ગયા પછી શાંતિલાલે ફાડેલા ચેક પાસ ન થાય તે માટે બૅંકને ખબર આપવા વિષે ઉલ્લેખ આવે છે. વરસી એટલે મરનારની પહેલી વાર્ષિક તિથિએ કરવામાં આવતી ક્રિયા, ને એથી આટલા લાંબા ગાળા પછી ચેક પાસ ન કરાવવા લખવું એ બિહૂદું છે.

(ઘાટકોપર) —જયંતીલાલ વલ્લભરામ દવે

[* વરસી મૃત્યુ પછી બરાબર એક વર્ષે નહિ પણ વર્ષ પૂરું થયા પહેલાં ગમે ત્યારે (એક, ત્રણ, પાંચ, સાત કે નવ માસની અંદર મોટે ભાગે— મરનારની ઉમર મોટી હોય તો વહેલી—)વારવામાં આવે છે. વાર્તામાં વરસી ઘણી વહેલી વરાઈ ગયાનું અભિપ્રેત છે.)

કાનજીની રાધા

અંક ૬૫૯માં 'કાનજીની રાધા'ના લેખક શ્રી રમણિકભાઈ જી. અગ્રાવતને તેમની તે વાર્તા માટે મારા વતી અભિનંદન આપશો.

(વલસાડ) —પ્રદીપ દવે

'માનદ'ની જોડણી

આજકાલ ઘણી પત્રિકાઓ, આમંત્રણ કાર્ડ વગેરેમાં 'માનદ'ની જોડણી 'માનદ્' જોવા મળે છે. સારી શિક્ષણસંસ્થાઓ સાથે સંકળાએલી પત્રિકાઓમાં પણ એવી જ જોડણી આવે છે. શું ગુજરાતીમાં આવતાં દ ખોડો થઈ જતો હશે? કોષમાં તો દ આખો જ છે. સાચી જોડણી તરફ ધ્યાન દોરશો?

(વલ્લભવિદ્યાનગર) —હરિપ્રસાદ જોષી

[* આપની વાત સાચી છે. દ ખોડો ન થવો જોઇએ. ઉપરાંત 'માનદ'ને બદલે 'માનાર્હ' વપરાય એ ઉચિત છે.]

એક સુધારો

આપના 'કુમાર'માં 'મારી માન્યતા' વિભાગ માટે મારો પરિચય છપાયો છે તેમાં થોડાક ફેરફારો થયા લાગે છે. પણ મુખ્ય એ છે કે તાર શરણાઈ વાદ્યનો હું શોધક નથી પણ તે વાદ્યને પ્રકાશમાં લાવવાનો યશ જ મને પરમાત્માએ આપ્યો છે. એની શોધ મેં નથી કરી. અલબત્ત તેમાં સુધારાવધારા કરીને સંશોધિત કર્યું છે અને એ કાર્ય ચાલુ છે.

(સાન્ટાક્રુઝ-મુંબાઇ) —વિનાયક ના. વોરા

સુધારો

'કુમાર' ૬૫૯માં 'સૂરજકુંડ ને સુવર્ણરેખા' વિષયક મારા પત્રમાં જે અગત્યની પંક્તિ રહી જવા પામી છે તે આમ છે: 'હાલ જેની ઉપર દામોદર કુંડ છે તે ગિરનારથી જૂનાગઢ તરફ વહેતી નદીને સુવર્ણરેખા કહે છે, તેમ જ સૂરજ કુંડવાળી નદીને પણ સુવર્ણરેખા કહે છે તે અદ્યાપિ આપણી નજરમાં આવ્યું ન'તું'.

(પોરબંદર) —નરોત્તમ પલાણ

જૂના અંકો

મારે ૧૯૭૨થી ગઈ સાલ ૧૯૭૮ સુધીના બધા અંકો યોગ્ય કિંમતે કાઢી નાખવાના છે. તો નીચેને સરનામે મળવું અથવા પત્રવ્યવહાર કરવો. રાજેન્દ્રભાઈ હીરાલાલ શાહ, રાજમહેલ રોડ, હાથીપોળ, વડોદરા–૩૯૦ ૦૦૧, ફોન: ૫૪૭૩૫.

જૂના અંકો વેચવા છે

મારે 'કુમાર'ના જૂના અંકો સળંગ અંક ૨ થી ૬૦૦, ૧૦૦મા અંક સહિત વેચવાના છે. ઈચ્છુકોએ નીચેના સરનામે ફક્ત પત્રવ્યવહારથી સંપર્ક સાધવા વિનંતી છે: બી. એમ. ઠક્કર, 1/5 Parasmani Flats, Ghatlodia Road, Ahmedabad 380 061.